श्रीमद् पंन्यासजी महारा जयजीगणि.

योगशास्त्र, ध्यानदीपिका, सम्यक् वि. ना कर्त्ता.

શ્રી વિજયકમલ કેશર ગ્રંથમાલા–દેવપુષ્પ. ૧.

શ્રીમદ્ વિજયકમળસૂરિભ્યોનમઃ

શાન્તિનો માર્ગ

લખનાર—

શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રીવિજયકમળસૂરીશ્વર શિષ્ય
શ્રીમદ્ પંન્યાસજીશ્રી કેશર વિજયજી ગણિ.

છપાવિ પ્રસિદ્ધ કર્તા—
ઝવેરી બાલુભાઇ કલ્યાણચંદ સ્વરૂપચંદના સ્મરણાર્થે
તેમના ધર્મપત્ની બાઇ હીરાકોર.

પ્રત ૨૦૦૦

આવૃત્તિ ત્રીજી.

પ્રત ૭૦૦૦. સન ૧૯૨૩.

કીંમત ૦–૮–૦

મુંબાઇ.

શ્રી જૈન ભાસ્કરોદય પ્રીન્ટીંગ પ્રેસમાં લાલન પ્રવર્તક
પ્રકાશક માટે છાપી પ્રસિદ્ધ કર્યું.
પારસી ગલી થઈ અગીઆરી લેન. મુંબઈ ૩

પ્રસ્તાવના.

ॐ अर्हंनमः

અનંત જીવોથી આ ભરપુર દુનિયામાં ઘણા થોડાજ જીવો શાંતિ અનુભવતા હશે. તમે કોઇપણ મનુષ્યને પૂછો કે કેમ ભાઇ! શાન્તિમાં છો? આનંદમાં છો? સુખી છો? આના ઉત્તરમાં સામેથી ઘણા ભાગે એજ જવાબ મળવાનો કે ભાઇ! આ દુનિયામાં આ વખતે શાન્તિ, આનંદ કે સુખ માટે પૂછશોજ નહિ; તે તો કોઇક ભાગ્યવાનનેજ હશે, બાકી અશાન્તિ ક્લેશ કે દુઃખનો અનુભવ તો કાયમજ રહે છે. ખેર, આ પણ સંતોષની વાત છે કે તે મનુષ્યો અશાંતિ ક્લેશ કે દુઃખને જાણી શકે છે, જાણનાર તેનો ઉપાય કરશે, શોધશે, અને છેવટે મેળવશે.

આ અશાન્તિ, દુઃખ ક્લેશનું કારણ શોધતાં માલુમ પડે છે કે, મનુષ્યો પોતાની; મનકલ્પનાથીજ આ સ્થિતિ ઉત્પન્ન કરે છે. અને અનુભવે છે. મહાન્ પુરૂષો એમ કહે છે કે "અજ્ઞાન એજ મહાન્ દુઃખ છે, અજ્ઞાન એજ મહાન્ ભય છે." આંહી પ્રશ્ન થશેજ કોનું અજ્ઞાન? વિચારવાનને ઉત્તર પણ અંતરમાંથી એજ ઉદ્ભવશે કે આત્માનું અજ્ઞાન, કર્મના કાયદાનું અજ્ઞાન. આ અજ્ઞાનને લઇનેજ જીવ મુ[illegible] દ્દગલોમાં-આસક્ત થાય છે. જ્યાં સુ

નથી ત્યાં સત્ય માને છે જે નિત્ય નથી તેને નિત્ય માની સંગ્રહ કરવા મથે છે, આ એક ભૂલ હજારો ભૂલ પેદા કરે છે, રાગ-દ્વેષ કરાવે છે અને અશાન્તિ, કલેશ કે દુઃખની પરંપરાની વૃદ્ધિ કરનાર બીજનું પોષણ કરે છે.

આ અશાન્તિ દૂર થઈ શાન્તિ પ્રગટે, દુઃખ દૂર થઈ સુખ મળે, અજ્ઞાન ટળીને જ્ઞાન તેની જગ્યા લે, તે માટે આ ગ્રંથ ઉપયોગી સાધન છે. આ ગ્રંથનું નામ શાન્તિનો માર્ગ રાખવામાં આવ્યું છે. નામ પ્રમાણે તેમાં ગુણો હોવા જોઈએ, અને છે, પણ તે પ્રગટ કરવા માટે આ ગ્રંથમાં જે સાધનો બતાવવામાં આવ્યાં છે તેનો ઉપયોગ કરવો જોઈએ.

દવાનું નામ લેવાથી કે દવાને હાથમાં લઈ જોવાથી દરદ દૂર થતું નથી, પણ તે દવા નિયમસર ખાવા કે પિવાથી અને કહ્યા મુજબ ચરી પાળવાથી દવાનો ગુણ થાય છે, તેમ આ ગ્રંથનું નામ લેવાથી કે તે પુસ્તક વાંચી જવાથી સર્વથા શાન્તિ નહિ મળે, પણ તે પ્રમાણે વર્તન કરવાથી—અનુભવ લેવાથી—અવશ્ય શાન્તિ મળશે.

આ શાન્તિનો માર્ગ નવીન નથી, પ્રાચીન છે. તે માર્ગ જ્ઞાની પુરુષોનો કહેલો અને અનુભવેલો છે. મેં તો આ ગ્રંથમાં તે મહાન પુરુષોનાં છુટાં છુટાં પડેલાં વાક્ય રત્નોનો સંગ્રહ કરેલો છે.

આ ગ્રંથમાં કહેવામાં આવેલાં તત્ત્વો, અને માર્ગો, મને રૂચેલાં

છે, બનતા પ્રયત્ને તેને અમલમાં મૂકવા પ્રયત્ન કરું છું. આ રીતે આ માર્ગને મેં મારો માર્ગ કરવા આદર કર્યો છે, એ અપેક્ષાએ આ ગ્રંથને મારો કરેલો ગ્રંથ કોઇ કહે તો મને વાંધો નથી. ખરી રીતે તો આ ગ્રંથ એ અનેક ગ્રંથોનું દોહન છે, સાર છે. આ ગ્રંથમાં યોગબિન્દુ, અધ્યાત્મસાર, અધ્યાત્મઉપનિષદ્, દાત્રિંશદ્ દાત્રિંશિકા, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, અને બ્રહત્કલ્પાદિ ગ્રંથોમાંથી મારા વિચારને ઉપયોગી બાબતોનો સાર લેવામાં આવ્યો છે.

આ ગ્રંથોનો મોટો ભાગ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી તથા શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજીનોજ કરેલો છે. આ બન્ને મહાન્ પુરૂષો જૈન શ્વેતામ્બર સંપ્રદાયમાં ઘણાજ પ્રમાણિક મનાય છે. તેમનાં વાક્યો તે મહાન્ પ્રભુનાં વાક્યો જેવાં સમજાય છે. તેઓ ઘણા મધ્યસ્થ વૃત્તિના, સત્યવક્તા અને શુદ્ધ આત્મા તરફ જાગૃત લક્ષ્ય વાળા હતા એમ મારૂં પણ માનવું છે.

તે મહાન્ પુરૂષોનાં વાક્યો મને ઉપયોગી થયાં છે, તેમ બીજાને પણ ઉપયોગી થાય, એ ઉદ્દેશથી આ ગ્રંથને રચનાના રૂપમાં ગોઠવવામાં આવ્યો છે આયુષ્ય થોડું, બુદ્ધિ ઓછી, વિઘ્નો ઘણાં, એટલે બધા જ્ઞાનસમુદ્રનું મથન કેવી રીતે કરી શકાય ? માટે આ એક ગ્રંથથી પોતાનું જરૂરીયાત જેટલું કર્તવ્ય મનુષ્યો સાધી શકે, એ ઉદ્દેશ પણ આ પુસ્તક સંગ્રહ કરવામાં આવી રહેલો છે.

આ ગ્રંથમાં મારે પોતાને ફરી લખવાનું તથા સુધારો વધારો કરવાનુ ઘણુ રહી ગયું છે પણ કેટલાક કારણસર લખવાનું કામ મને અત્યારે કંટાળા ભરેલું [illegible] હોવાથી, પહેલાના પ્રયત્નથી

જે બન્યુ છે તે આ પ્રભુ માર્ગના જીજ્ઞાસુઓની આગળ મુકવામાં આવ્યુ છે, આ માર્ગના–જીજ્ઞાસુ અને અનુભવી આત્માઓ તેમાં યોગ્ય લાગે તેવો સુધારો કરે તેમાં હુ રાજી છું.

આ ગ્રથમા મે મારા વિચાર પ્રમાણે અધ્યયનોની અને વિષયોની ગોઠવણ કરી છે. મારી માન્યતા એવી છે કે પ્રથમ દરેક જીવોએ પોતાનું ધ્યેય–લક્ષ્ય નક્કી કરવું જોઇએ.

પોતાને શાની જરૂરીયાત છે, શું મેળવવું, એ જ્યા સુધી નક્કી ન કર્યું હોય ત્યાં સુધી નિશાનવિનાના ફેકેલા બાણોની માફક તેમનો પ્રયાસ સફળ થતો નથી, એટલે પ્રથમ પોતાને મેળવવા યોગ્ય શુદ્ધ આત્માનો બોધ કરવો જોઇએ. અને પછી તેને પ્રગટ કરવામાં સહાયક ક્રિયાઓ કરવી જોઇએ.

કેટલાક મનુષ્યોની માન્યતા એવી હોય છે કે તીવ્ર બુદ્ધિ વિના આ જીવ આત્માદિનો નિશ્ચય કરી શકાતો નથી, માટે પ્રથમ તેને ક્રિયામાર્ગમાં જોડી દેવો, અને તે જેમ જેમ વિશુદ્ધ થતો જશે તેમ તેમ તેને બીજી બાબતોની સમજ પડશે, એટલે છેવટે તે આત્મા ઉપર આવશે. એક અપેક્ષાએ આ તેમનું કહેવું ઠીક છે પણ તેમા અપવાદ પણ ઘણા છે કેટલાક બુદ્ધિમાનો પણ આ લક્ષ્ય જાગૃત કર્યા સિવાય જીંદગી પર્યંત કર્મમાર્ગમાં જોડાયેલા રહે છે, છતાં તેમને પોતાને પ્રાપ્ત કરવા યોગ્ય ધ્યેયનું ભાન પણ હોતું નથી. તે જીવો, આત્મભાન વિના પોતે જે ભૂમિકા ઉપર ઉભા હોય છે ત્યાંથી એક ડગલું પણ આગળ વધી શકતા નથી, આગળ વધવાની તેઓમાં શક્તિ છે, છતાં લક્ષ્ય જાગૃતિ વિનાની કરાતી ક્રિયાને લઇ તેઓ ત્યાંથી આગળ વધી શકતા નથી.

ક્રિયા એટલે ગતિ છે. ત્યાંથી આગળ, આગળ, ને આગળ વધવું, પણ નિશાન ભૂલાયેલું યા સ્મરણમાં ન હોવાથી કેટલીક વાર આ અજ્ઞાનતાને લઇ જ્યાં ન કરવા યોગ્ય હોય ત્યાં પ્રવૃત્તિ કરી દે છે. ન કરવાના સ્થાને રાગદ્વેષ કરે છે. પરિણામે ગતિ તો ખરી, પણ આગળ વધવાને બદલે પાછળ પાછળ અને પાછળ તે હઠે છે. પૂર્વના માર્ગ બદલે પશ્ચિમના માર્ગે ઘસડાઇ જાય છે.

આંહી એક અપેક્ષા એ છે કે, જે જીવ કંઇપણ ગતિ કરતો નથી, કેવળ આળસુ રહી પ્રમાદમાં જીવન ગુજારે છે, તેના કરતાં આ પ્રવૃત્તિ કરનાર એક અપેક્ષાએ ઠીક છે. તેણે પોતાના મન-આદિને ગતિમાં મુકેલાં છે; તેની ગતિને બદલાવનાર કોઇ મળે તો તે સહેલાઇથી આગળ વધી શકે છે, આ અપેક્ષાએ અકામ નિર્જરા કરતો જીવ આગળ વધે છે, તેમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે, છતાં આ પ્રવૃત્તિ નિરંતર ફળદાઇજ નિવડે એમ ચોકસનો નથીજ. શાસ્ત્રમાં દેડકાના શરીરના ચૂર્ણની ઉપમા આપીને આવી લક્ષ્ય વિના પ્રવૃત્તિ અટકાવવાનું પણ કહેલ છે. દેડકાના દેહનું ચૂર્ણ કરીને વરસાદના નવા પાણીમાં જમીન ઉપર તે ફેંકવાથી જેટલા કણ તેટલાં દેડકાં નવાં પેદા થાય છે. એકમાં અનેક ઉપજે છે. આ દૃષ્ટાંત સંસાર ઘટાડવાને બદલે આવી ક્રિયા જન્મો વધારનારી થાય છે; માટે પોતાનું લક્ષ્ય નજર સન્મુખ રાખીને પછી પ્રવૃત્તિ કરવી, એ માર્ગ ઘણી ઝડપથી આગળ વધારનાર છે.

બુદ્ધિ વિના આ [illegible] નિશ્ચય ન કરી શકે એવી જે ક્રીયા કરવામાં આવે છે તે [illegible] સમજવું જોઇએ કે સામાન્ય

પણ પોતાના લક્ષ્યનો નિર્ણય થઇ શકે છે કે, ' હું આત્માજ્ઞાન છું. મારૂં કર્તવ્ય આત્માને નિર્મળ-કર્મરહિત કરવા તે છે. હું દરેક ક્રિયાઓ તેને માટેજ કરીશ.' આટલું પણ નિશ્ચયવાળું લક્ષ હોય, ભલે પછી તે આત્માદિનો વિશેષ નિશ્ચય ન કરી શકે. તો પણ ઠીક છે. અને વિશેષ વિશુદ્ધિ થતા બધો નિર્ણય તેને આગળ ઉપર થાય. પણ આટલો નિશ્ચય પ્રથમ કરવોજ જોઇએ. આનું નામ સમ્યગ્દર્શન છે, તે સિવાય કરાયેલી ક્રિયા મિથ્યાત્વની છે. પુદ્ગલની વૃદ્ધિ કરનારી છે, સંસાર વધારનારી છે, છતાં જ્ઞાન ક્રિયામાં પ્રવીણ આત્મલક્ષ્યવાળા સદ્ગુરૂની નિશ્રાએ રહેનારા, વિશેષ નિર્ણય ન કરી શકે તેવા જીવો આ માર્ગમા પ્રવૃત્તિ કરતા હોય તો તેમને આ ક્રિયા ગુણકારી હોઇ આગળ વધારનારી થાય છે, કારણ કે સમર્પાને લાયક થતા તેવા ગુરૂઓ તે શિષ્યોને જાગૃત કરી આત્માના માર્ગે આગળ દોરે છે. આ માટેજ શાસ્ત્રોમાં ગીતાર્થ ગુરૂની નિશ્રાએ રહેવાનું કહેવામાં આવ્યું છે.

આ વિચારો ઉપરથી હું તો એવા નિર્ણય પર આવેલ છું કે પ્રથમ જડ ચૈતન્યનો વિવેક કરી, પોતાનું મુખ્ય લક્ષ્ય નજર સન્મુખ રાખી, પછી તે માર્ગમાં પ્રવૃત્તિ કરવી. આજ ઉદ્દેશ સર્વ જ્ઞાનીઓનો છે. તેઓશ્રી આ પ્રમાણે કહે છે કે, **पढमं नाणं तओ दया.** પ્રથમ જ્ઞાન અને પછી દયા અથવા પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા આ વાત લક્ષમાં રાખીને આ શાન્તિના માર્ગમાં શરૂઆતમાંજ જીવ અને પુદ્ગલના સંબંધનો નિશ્ચય કરવામા આવ્યો છે.

આ સ્થળે આ વિશ્વ કોણે કર્યું ? ક્યારે કર્યું ? શાનું કર્યું ? શાટે કર્યું ? ઇત્યાદિનો વિચાર નથી કર્યો, કારણ કે કેટલીક

આત્મામાં પરિણામી ધર્મ રહે છે. તેથીજ કર્મગ્રહણ કરાય છે. આ યોગ્યતાનો નાશ કરવો એજ પુરૂષાર્થ છે. આપણા પ્રયત્નને અનુ- કાશ પણ તેને લઈને છે.

આ કર્મગ્રહણ યોગ્યતા નાશ થઇ શકે તેવી છે. તેના ઉપાયો છે, જે આ પુસ્તકમાં બતાવ્યા છે. આ પુસ્તકજ તે માટે છે. જેમ જેમ આ કર્મગ્રહણ યોગ્યતા ઓછી થતી જાય છે, તેમ તેમ આત્મા નિર્મળ થાય છે. જાગૃત બને છે, સત્ય સ્વરૂપમાં બહાર પ્રકાશે છે.

આ બાબતની વધારે સ્પષ્ટીકરણ માટે પુદ્દગલમાં પણ પરિણામી પણું છે એ નિશ્ચય કરેલ છે, પુદ્દગલો જુદા જુદા ફેરફારો–પરિણામો– ધારણ કરે છે, સદા એકજ આકારમાં તે રહી શકતાં નથી. ઉત્પત્તિ, સ્થિતિ, નાશ, જેને જૈનશૈલીમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એકજ દ્રવ્યમાં કહેવામાં આવે છે તે આ છે.

આત્મામાં કર્મગ્રહણ યોગ્યતા આ પરિણામ પામવા રૂપે માનેલી છે. જેમ જેમ તે પરિણામ ભાવવાળા આત્માનું આ પુદ્- ગલો તરફ વિભાવભાવે પરિણમવું થાય છે, તેમ તેમ રાગદ્વેષના પરિણામ થાય છે. આ પરિણામને લઇ પુદ્ગલનું આત્માની સાથે દુધ અને પાણીની માફક મળવું થાય છે, આ પરિણામના અંગે સંસારી જીવોની વિવિધતા થાય છે. એકજ આત્મા અનેક રૂપાંતરો અનુક્રમે ધારણ કરે છે તેને દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી કહેવામાં આવે છે. આ ચારના પેટા વિભાગમાં અનંત જંતુઓનો સમાવેશ થાય છે.

બધી વ્યવસ્થા પુદ્ગલોમાં એ...

પરિણામ ધર્મ માનવાથીજ થઇ શકે છે. આ બધુ નટની માયા હોય તેવુંજ બને છે. આ કર્મગ્રહણ યોગ્યતાનો આ શાન્તિના માર્ગમાં બતાવેલી ક્રિયાથી નાશ કરવામાં આવે છે ત્યારે આત્માની આ બધી નટમાયા સમેટાઇ જાય છે. તે પ્રસંગે આત્મા આ વ્યવહારના ઉત્પત્તિ અને વિનાશ ધર્મને મુકી દઇ પોતાના સ્વભાવમાં સ્વરૂપમાં-ધ્રુવરૂપે સ્થિર થાય છે. તેજ સ્વરૂપસ્થ પરમાત્મા-સિદ્ધાત્મા-કહેવાય છે.

આ પ્રમાણે આત્મા અને પુદ્ગલનો સંબંધ બતાવીને બીજા અધ્યયનમાં તે કર્મગ્રહણ યોગ્યતા પુરૂષાર્થથી નાશ પામે છે, પ્રયત્ન વિના કાંઇ થઇ શકતું નથી એ બતાવવા માટે દૈવ અને પુરૂષાર્થનું વર્ણન કરવામાં આવેલું છે.

પુરૂષાર્થ એટલે આત્માની શક્તિ ફોરવવી આત્માનો વ્યાપાર અને દૈવ એટલે શુભાશુભ કર્મ. આત્મા પોતાના પુરૂષાર્થ બળથી આ શુભાશુભ કર્મોને હઠાવે છે, છતાં દરેક મનુષ્યોનો પુરૂષાર્થ સફળ થતો નથી, એ જણાવવા માટે ચરમાવર્તમાં-છેલ્લા પુદ્ગલ પરાવર્તનની અંદર-આ જીવ પ્રવેશ કરે છે ત્યારેજ આ પુરૂષાર્થ ખરેખર વિજયી નિવડે છે. બાળમાંથીજ યુવાન થવાય છે. યુવાન જે કામ કરી શકે છે તે કામ બાળ શરીર નજ કરી શકે, આ દૃષ્ટાંત બતાવી ચરમાવર્તકાળ તે ધર્મનો યુવાનકાળ છે, તેમાં કરાયેલ પુરૂષાર્થ સફળ નિવડે છે, થોડા પ્રયત્ને ઘણું કાર્ય સિદ્ધ થાય છે. આવર્ત નામ ભ્રમણનુ છે. આ સંસારમાં પુદ્ગલો સાથે આસક્તિ રાખીને આત્માએ અનેક પરિભ્રમણ કર્યા, હવે આ છેલ્લું ભ્રમણ જેને માટે હોય છે

તેનો ને વખતનો કરાયેલો પુરૂષાર્થ કર્મોને હઠાવવામાં વિજયી થાય છે. આત્માને જ્યારે પોતાના સ્વરૂપનુ ભાન થાય છે ત્યારે ઘણાં આવર્ત્તો ચાલ્યા ગયેલા હોય છે. મતલબ કે તે પછી આત્માને આવર્ત્તમા ભ્રમણુ કરવુ નથી પડતુ આ મોહક પુદ્‌ગલોની માયાજાળ તેને લલચાવી શકિત નથી.

આત્માએ આત્માના (પોતાના) સન્મુખ થવું, પોતે પોતાને જાણવો, એજ ધર્મનો યુવાનકાળ. પુરૂષાર્થ સિદ્ધ થવાનો વિજયી દિવસ આત્મા આત્માને જાણે ત્યારે બધા આવર્તો ચાલ્યાં જાય, ને વખતે છેલ્લુ આવર્ત્તજ હોય, આ એક ઉતમ રહસ્ય છે. કોઇ જીવને એવુ જાણવાની ઇચ્છા થાય કે આ મારૂં છેલ્લું આવર્ત છે કે તેના પહેલાનું આવર્ત છે? આ નિશ્ચય માટે પોતે પોતાનેજ પ્રશ્ન કરવો કે 'તુ પોતે પોતાને જાણે છે?' તે પોતામાં તપાસવું. તપાસ કરતાં નિશ્ચય થઇ શકશે, જો આત્માને જાણતા હશો તો આ પ્રશ્નને અવકાશજ નહિ રહે. જો ન જાણતા હો તો હમણાંજ તેને જાણવાનો પ્રયત્ન કરો, તેથી અનેક આવર્તો ઓછાં થઇ જશે, અને છેલ્લા આવર્ત્તમા આવી રહેશો. તમારા વિચારના પ્રવાહને બદલાવવાનીજ જરૂર છે, થોડા વખત પછી વિચારમાં આવેલી બાબતને તમે તમારા આચારમાં જોઈ શકશો. આજ પુરૂષાર્થ છે. પુરૂષાર્થ કરવાથી કર્મગ્રહણ યોગ્યતા જેટલી ઓછી થાય છે, તેટલે દરજ્જે આત્મા નિર્મળ બને છે. આ વખતે શુભ પરિણામની ધારા ઉલ્લાસ પામે છે, તે ધારા, પછીના શુભ પરિણામને વધારવામાં ઉપયોગી થાય છે, તે શુભતર ધારા, તે પછીના શુભતમ પરિણામને આ પ્રમાણે ભાવ, લાવતો પ્રેરક બને છે. આ વખતે

ઉપદેશ કેવળ નિમિત્ત માત્રજ બને છે. આત્મા પોતાના સ્વભાવ તરફનું વલણ લઇ તે તરફ ધસતો જાય છે. આ વખતે પુદ્દગલની મોહક આકૃતિઓ તરફ આકર્ષનાર રાગદ્વેષની ગ્રંથીઓ ભેદાઇ જાય છે. વારંવાર સજાતિય ભાવનાવાળી વૃત્તિઓનો પ્રવાહ ઉત્તેજીત થાય છે. આ ભાવનાથી હલકી ભાવના પરાજીત થાય છે. સાત્વિકભાવ પોષાય છે. રાજસ અને તામસ પ્રકૃતિનો પરાજય થાય છે. આ ભાવ તે પ્રકરણમાં બતાવ્યો છે.

આ પુરૂષાર્થવડે શુભાશુભ કર્મનો પરાજય કરવા માટે તત્ત્વજ્ઞાન જાણવું જોઇએ, આત્મા અને તેનો વિરોધી પદાર્થ જડભાવ આ બન્નેનું જ્ઞાન જાણવાથીજ સ્વભાવ તરફ પુરૂષાર્થ કરવો સુગમ પડે છે. આ કારણથી ત્રીજા અધ્યયનમાં નવતત્ત્વોનું વર્ણન કરવામાં આવેલ છે.

નવતત્ત્વમા આત્માનું જ્ઞાન મુખ્ય છે, આત્મજ્ઞાનથી મોક્ષ થાય છે, આત્માને પૂર્ણ રીતે જાણ્યા પછી બીજું જાણવાનું બાકી રહેતું નથી. નવતત્ત્વોનુ જ્ઞાન પણ આત્માના અનુભવ માટેજ છે. આ કારણથી આત્માની નિશ્ચય અને વ્યવહાર બન્ને રીતે સ્પષ્ટ સમજણ આપવામાં આવી છે.

વ્યવહારનો સાદો અને સરળ અર્થ 'પર્યાયપણે પરિણમેલ આત્માની સ્થિતિ' અને નિશ્ચયનો અર્થ મૂળ દ્રવ્યપણે–સ્વસ્વભાવે–પરિણમેલ આત્માની સ્થિતિ.' અર્થાત્ ઉત્પત્તિ અને નાશના પર્યાયમા પરિણમેલ તત્ત્વ તે વ્યવહાર; અને ધ્રુવભાવે રહેલ સ્થિતિ તે નિશ્ચય અથવા વિભાવ પર્યાયવાળી, આત્માની બહાર આવેલ તે વ્યવહાર, અને [illegible] સ્વભાવમા પરિણમેલ [illegible]

નિશ્ચય. આ વ્યવહાર નિશ્ચયનુ વર્ણન આંકી આત્માની એકતા અનેકતાની અપેક્ષા સાથે બતાવવામા આવ્યું છે, તેમજ આત્માના સ્વભાવ ભૂત ગુણ પર્યાયના આત્માથી અભેદ છે, ભેદ નથી. વ્યવહાર નય ભેદ કરે છે તે વાસ્તવિક નથી, ઉપચારિક છે. વ્યવહારનયાનુસાર આત્માનુ વિવિધપણું છે, નિશ્ચયનયાનુસાર વિવિધપણું બનતું નથી. આ સર્વ જણાવી વિભાવ પર્યાયથી આત્માનો ભેદ બતાવેલ છે, એટલે ગતિ જાતિ, ઇંદ્રિય, વેદ, જન્મ, મરણ આદિ કર્મોનાજ ભેદ છે, તાત્ત્વિક રીતે તે આત્માના ભેદો નથી, આ સર્વ ઉપાધિઓ છે. લાલ, કાળાદિ ઉપાધિના અંગે સ્ફટિકરત્ન લાલ, કાળું દેખાય છે, પણ ઉપાદિ દૂર થતાં ખરૂ સ્વરૂપ પ્રગટ થાય છે, તેમ આત્માના સંબંધમાં પણ છે. આ સર્વ વ્યવહારની જંજાળ છે. તેમાં જરાપણ મુઝાવા જેવું નથી આ સર્વ બતાવવા માટે નિશ્ચય નય અનુસારે આત્માનુ શુદ્ધ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. અને તેજ આપણું કર્તવ્ય કે પ્રાપ્તવ્ય લક્ષ્ય છે. આ સમજાવવા ખાતર આત્માનું વિરોધી અજીવતત્વ કહેવામાં આવ્યું છે. આ તત્વ સમજવાથી જડ અને ચૈતન્યની તેના લક્ષણદ્વારા ભિન્નતાવાળું વિવેકજ્ઞાન થાય છે, જેને તાત્ત્વિક સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન કહેવામાં આવે છે.

આ અજીવતત્વમાં પુન્ય, પાપ, આશ્રવ, અને બંધ આદિનો સમાવેશ કરેલો છે. આ પુન્ય પાપાદિના કરેલા પર્યાયો તે આત્માના પર્યાયો નથી પણ જડ પુદ્ગલનાજ પર્યાયો છે, તે જણાવવા માટે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને પુન્ય, પાપાદિના ગુણો [illegible]ો—આપ્યાં છે. આત્માના ગુણો યા લક્ષણો સાથે

આ અજીવદ્રવ્યોવાળા તત્ત્વોના લક્ષણોની–ગુણોની–સરખામણી કરી બતાવી આ ગુણો આત્માના નથી એમ સમજાવ્યું છે, તે સાથે વ્યવહારિક પુન્ય, પાપ, આશ્રવ, બંધ પણ સમજાવ્યાં છે. કર્મ-ગ્રહણ યોગ્યતાનો નાશ કરવામાં મદદગાર સાધન સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વો તે પણ વ્યવહારિક અને પરમાર્થિક કહ્યાં છે. આ નવેય તત્ત્વો સમજનાર જીવ, કારણમાં કાર્યને માની લેવાની ભૂલ કરવાથી બચી જાય છે, અને કાર્યસિદ્ધનાં ખરાં કારણો સમજી અસત્ વ્યવહારથી દૂર રહેવા પ્રયત્ન કરે છે.

આ નિશ્ચય નવતત્ત્વ અને વ્યવહાર નવતત્ત્વોની સમજ આવવાથી જ્ઞાન અને શ્રદ્ધા બન્ને પ્રાપ્ત થાય છે. સમ્યક્‌જ્ઞાન દર્શન અને ચારિત્ર એ મોક્ષમાર્ગનાં ત્રણ અંગ છે. તેમાંથી આ તત્ત્વજ્ઞાનના બોધથી પ્રથમનાં બે અંગો સાધકના હાથમાં આવે છે.

મોહનીયકર્મના બે ભાગ છે. દર્શનમોહનીય, અને ચારિત્રમોહનીય, દર્શનમોહકર્મ જવાથી (સત્યતત્ત્વનું શ્રદ્ધાન થવાથી) સમ્યક્‌દર્શન પ્રગટે છે, છતાં તે જીવમાં સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. તેની પ્રાપ્તિ તો ચારિત્ર મોહનીયકર્મ જવાથી થાય છે. બીજ વાવવાથી અંકુરો ફુટે છે. થડ, ડાળાં, પાંખડાં, પાંદડાં ઝાડને આવે છે. છતાં ફળ આવતાં વાર લાગે છે. અમુક વૃક્ષ છે આમ તેનું પ્રથમ જ્ઞાન થાય છે. પછી તે આવા ગુણવાળું છે વિગેરે, તે ઉપર શ્રદ્ધા આવે છે; છતાં તેને ફળ આવવાને વખતની જરૂર છે. તેમ જ્ઞાનાવરણીય કર્મનો કે ક્ષય, ક્ષયોપશમ થવાથી સમ્યક્‌જ્ઞાન થાય છે જ્ઞાન થવા સાથે દર્શનમોહનીયકર્મ જતાં શ્રદ્ધાન આવે છે છતાં ચારિત્રમોહનીય કર્મ ગયા વિના ઉત્તમ વર્તન કરવા રૂપ સમ્યક્‌ચારિત્ર પ્રાપ્ત

માતાપિતાની ભક્તિ કરી, તેમની આજ્ઞા શિરસાવદ્ય કરી, આ માર્ગ સેવન કર્યાનું દુનિયાને જણાવી દીધું છે. માતા, પિતાના ઉપકારને ભૂલી જનારા કૃતઘ્ન પુરુષો આ માર્ગમાં પ્રવેશ કરી તેના ગુરુત્વનું મન જીતી શકતા નથી; તેથી તેઓ વ્યવહાર અને પરમાર્થ બન્નેથી ભ્રષ્ટ થાય છે. ત્યાર પછી વ્યવહાર માર્ગના ઉપયોગી ઉપકારી કળાચાર્ય આવે છે, અને પછી ધર્મગુરુ આવે છે, તેમની સેવા કરે છે. આ પ્રસંગે મદદની જરૂરીઆતવાળા પોતાના ધર્મબંધવો, જાતિબંધુઓ કે દેશ બંધુઓની સેવા કરવામાં પણ તે પાછળ પડતો નથી. છેવટે પોતાનું લક્ષ્ય જે પરમાત્મા છે તેના તરફ તે વાળે છે.

આ પ્રસંગે તે જીવમાં રહેલાં કિલષ્ટ કદાગ્રહવાળા બીજનો નાશ કરવા માટે તેનામાં મધ્યસ્થભાવ ખીલવવાની જરૂર પડે છે, એટલે અમુકજ દેવ કે ગુરુનું પૂજન, સેવન કરો, તેવો, ગુરુ તેને આગ્રહ કરતા નથી, પણ તેના કુલાચારની માન્યતા પ્રમાણે તેના ઇષ્ટદેવની સેવા કરવાનો માર્ગ શરૂ કરાવે છે. જો તેને કોઇપણ દેવ કે ગુરુ તરફ લાગણી ન હોય તો મધ્યસ્થભાવના પોષણ માટે સર્વ દેવ અને સર્વ ગુરુને વંદન, નમન, પૂજન કરાવા પ્રવૃત્તિ કરાવે છે. એમ થવાથી કોઇપણ દેવની, ગુરુની કે ધર્મની નિંદા કરવાની કે ઇર્ષા કરવાની વૃત્તિઓ ઓછી થાય છે. સર્વ સ્થળેથી ગુણ ગ્રહણ કરવાની લાગણીઓ ઉત્તેજીત થાય છે. વિચાર શક્તિ વિશેષ ખીલતાં તે આ માર્ગમાં વિશેષ ઉપયોગી દેવ, ગુરુ કે ધર્મ કોણ યા ક્યો છે. તે આપોઆપ નિશ્ચય કરી લેશે. અને છેવટે એક માર્ગ ઉપર તે આવશે, છતાં તે કોઇની નિંદા કે ઇર્ષા તો નહિંજ કરે. આ વાત

થતું નથી, શ્રદ્ધાન થવા પછી પણ કાંઇક વિશેષ પુરૂષાર્થથી નિર્મળતા વધે છે ત્યારે જાણવા પ્રમાણે વર્તન કરી શકાય છે.

કેટલીક વખત મનુષ્યો આવા માર્ગના જાણનારના સંબંધમાં તેવું વર્તન યોગ્ય નથી હોતું ત્યારે તે સબંધે ટીકા કરે છે, અને તે જ્ઞાનને વગોવે છે, તેમને માટે આ ઉપર લખેલ ખુલાસો પૂરતો છે કે જાણવા પછી વર્તન કરવામાં કાંઇક વિશેષ પવિત્રતાની જરૂર છે. તેમ જાણવાનું કામ જ્ઞાનાવરણીયકર્મની ઓછાશ થવાથી બને છે. ત્યારે તે પ્રમાણે વર્તન કરવાનું કામ ચારિત્રમોહનીયકર્મની ઓછાશ થવાથી બને છે.

અહીં સુધીમાં સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનરૂપ મોક્ષનાં બે અંગોનું વર્ણન આપેલું છે. ત્યાર પછી જાણવા અને સદ્દહવા પ્રમાણે વર્તન થવા માટે સમ્યક્ચારિત્રની જરૂર પડે છે, તે માટે ભૂમિશુદ્ધિની શરૂઆત થાય છે. આ પ્રકરણમાં પવિત્રતા વધવા માટે ઉપાયો બતાવવામાં આવ્યાં છે. ઉમેદવાર પ્રભુના માર્ગ તરફ આવવાની હવે શરૂઆત કરે છે. ગુણાનુરાગ વધારવા માટે તેને પોતાના આ માર્ગના મદદગાર તરફ પૂજ્ય બુદ્ધિ રાખવાની જરૂર પડે છે. શરૂઆતમાં તેને સેવાનો માર્ગ સ્વીકારવો પડે છે. ન્યાય માર્ગે સંપાદન કરેલી પોતાની મીલકતનો યોગ્ય માર્ગે વ્યય કરવો પડે છે. આ માટે તે પોતાના ઉપકારી ગુરૂવર્ગ અને ઈષ્ટદેવનું પૂજન કરે છે. ગુરૂવર્ગમાં નજીકનાં ઉપકારી માતા, પિતાનું ગ્રહણ કર્યું છે, તેમની ઈચ્છાનુસાર અનુકૂળ સેવા કરવાથી અને આજ્ઞા માન્ય કરવાથી કૃતજ્ઞતા (કરેલા ગુણને જાણવાપણાની) તથા ઉપકાર કરનારની આશાતનાની ટાળના કરાય છે. મહાન્ પ્રભુ મહાવીરદેવે પણ

માતાપિતાની ભક્તિ કરી, તેમની આજ્ઞા શિરસાવંદ્ય કરી, આ માર્ગ સેવન કર્યાનું દુનિયાને જણાવી દીધું છે. માતા, પિતાના ઉપકારને ભૂલી જનારા કૃતઘ્ન પુરુષો આ માર્ગમાં પ્રવેશ કરી તેના ગુરુત્વનું મન જીતી શકતાં નથી; તેથી તેઓ વ્યવહાર અને પરમાર્થ બન્નેથી ભ્રષ્ટ થાય છે. ત્યાર પછી વ્યવહાર માર્ગના ઉપયોગી ઉપગારી કળાચાર્ય આવે છે, અને પછી ધર્મગુરુ આવે છે, તેમની સેવા કરે છે. આ પ્રસંગે મદદની જરૂરીઆતવાળા પોતાના ધર્મબાંધવો, જ્ઞાતિબંધુઓ કે દેશ-બંધુઓની સેવા કરવામાં પણ તે પાછળ પડતો નથી. છેવટે પોતાનું લક્ષ્ય જે પરમાત્મા છે તેના તરફ તે વાળે છે.

આ પ્રસંગે તે જીવમાં રહેલાં કિલષ્ટ કદાગ્રહવાળાં બીજનો નાશ કરવા માટે તેનામાં મધ્યસ્થભાવ ખીલવવાની જરૂર પડે છે, એટલે અમુકજ દેવ કે ગુરુનું પૂજન, સેવન કરો, તેવો, ગુરુ તેને આગ્રહ કરતા નથી, પણ, તેના કુલાચારની માન્યતા પ્રમાણે તેના ઇષ્ટદેવની સેવા કરવાનો માર્ગ શરુ કરાવે છે. જો તેને કોઇપણ દેવ કે ગુરુ તરફ લાગણી ન હોય, તો મધ્યસ્થભાવના પોષણ માટે સર્વ દેવ અને સર્વ ગુરુને વંદન, નમન, પૂજન કરાવા પ્રવૃત્તિ કરાવે છે. એમ થવાથી કોઇપણ દેવની, ગુરુની કે ધર્મની નિંદા કરવાની કે ઇર્ષા કરવાની વૃત્તિઓ ઓછી થાય છે. સર્વ સ્થળેથી ગુણ ગ્રહણ કરવાની લાગણીઓ ઉત્તેજીત થાય છે. વિચાર શક્તિ વિશેષ ખીલતાં તે આ માર્ગમાં વિશેષ ઉપયોગી દેવ, ગુરુ કે ધર્મ કોણ યા કયો છે. તે આપોઆપ નિશ્ચય કરી લેશે અને છેવટે એક માર્ગ ઉપર તે આવશે, છતાં તે કોઇની નિંદા કે ઇર્ષા તો નહિંજ કરે. આ ગ્રાત

સ્પષ્ટતાથી સમજાવવા માટે ચારીસંજીવનીનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

ત્યારપછી પોતે ન્યાયથી પેદા કરેલ દ્રવ્યનો સદુપયોગ કરવા માટે જરૂરીઆતવાળા સત્પાત્રોને દાન આપવાનું શરૂ કરે છે, તે સબંધી વર્ણન આપવામાં આવ્યું છે. તેમ કરવાથી દ્રવ્ય ઉપરનો મોહ ઓછો થાય છે. જે મનુષ્ય પોતાની છતી શક્તિએ જરૂરીઆતવાળા જીવોને મદદ નથી કરી શકતો તે બીજા પાસેથી મદદ મેળવવાને લાયક નથી, માટે શક્તિ અનુસારે દાન તો આપવું જ.

ત્યાર પછી સદાચાર સેવવાની શરૂઆત થાય છે. સદાચારમાં ઉપયોગી ગુણો પરોપકારી થવું, કોઇની નિંદા ન કરવી, ગુણાનુરાગી થવું, દુઃખના પ્રસંગે દીનતા ન કરવી, સંપત્તિનો ગર્વ ન કરવો, થોડું બોલવું, સત્ય બોલવું, કુલાચાર પાળવો, દ્રવ્યનો સારે માર્ગે ખર્ચ કરવો. માંસ, મદિરાનો ત્યાગ કરવો, ઉચિત વ્યવહાર સાચવવો ઇત્યાદિ સદાચાર પાળવાનું બતાવવામાં આવેલ છે.

ત્યારપછી ઇંદ્રિયો દમવા અને દેહ ઉપરથી મમત્વ ઓછું કરવા તપ કરવાનું બતાવ્યું છે. તપથી ક્લિષ્ટ કર્મો નાશ પામે છે, પાપનું પ્રાયશ્ચિત્ત થાય છે. સાથે પરમાત્માના પવિત્ર નામનો જાપ કરવાનું પણ બતાવ્યું છે.

આટલું કરવા છતાં, જો આ જીવ દુનિયાના વિષયો તરફથી વિરક્ત ન થાય, તો પણ તે વિરક્ત દશાથી પ્રાપ્ત થતા નિર્વાણ (મોક્ષ) તરફ પ્રેમભાવનો તેણે વધારવોજ જોઇએ; તે બતાવવા

માટે, જ્યાં આં દુનિયાના વિષયો નથી, વિષયોનો આનંદ નથી, તેવા મોક્ષ તરફ અભાવ કે દ્વેષ તો નજ કરવો તે બતાવ્યું છે. સંસાર ઉપરના મોહ કે રાગને લીધે કેટલીક વાર જ્યાં આવા પદાર્થો નથી હોતા, તેમજ ત્યાં સુખ શું છે તે નથી સમજાતું, તે પ્રસંગે આ જીવ તે તરફ ઉપેક્ષા, અભાવ કે દ્વેષ ધરાવે છે તે ન ધરાવવાની ચેતવણી આપી છે.

ત્યાર પછી જે આ દેવગુરૂપૂજન, સદાચાર, તપ આદિ અનુષ્ઠાન કરવામાં આવે છે તે અનુષ્ઠાન આ લોકના કે પરલોકના સુખ માટે, પુદ્ગલિક આનંદ માટે ન કરવાં, તેમજ તે લક્ષ્યશૂન્ય કે ઉપયોગ રહિત ન કરવાં, પણ સમજીને, તેમાં લક્ષ રાખીને, આદરપૂર્વક પ્રેમભાવે કરવાં તે બતાવવા માટે પાંચ પ્રકારનાં વિષ, ગરલ, અનન્યહેતુ, તદ્હેતુ, અને અમૃત, અનુષ્ઠાન બતાવ્યાં છે. આ સર્વ ક્રિયાઓ તો એકજ છે, પણ કર્તાના અભિપ્રાય અને જાગૃતિના પ્રમાણમાં તેના વિભાગો બતાવ્યા છે, તેમાંની પહેલી ત્રણ ક્રિયાઓ મૂકી દઇ, પાછળની બે ક્રિયાઓ કરવી એ બતાવી છે. આટલાથી ભૂમી ખેડાઇને બીજ વાવવાને લાયક સાફ થઇ રહે છે. હવે પછીથી યોગની શરૂઆત થાય છે. જ્યાં આ સર્વ ઉપાયો, આત્મામાં કર્મગ્રહણની યોગ્યતા રહેલી છે તેને પાતળી પાડવા માટેના જ છે.

પ્રથમ અધ્યાત્મયોગની શરૂઆત કરી છે. જે ક્રિયા આત્માનેજ ઉદ્દેશીને કરાય, તે અધ્યાત્મયોગ છે. વિશેષ વિશુદ્ધિને અર્થે પ્રથમ પરમાત્માના નામનો [illegible] બતાવેલું છે. કોઇપણ પરમાત્મા

નામને સૂચવનારું પવિત્ર પદ લઇ લાંબા વખત સુધી તેનું સ્મરણ કરવું. અથવા સંપૂર્ણ નમસ્કાર મંત્રનો જાપ કરવો. આ જાપ કરતાં જાપના મોજાઓ આત્માના બધા પ્રદેશો તરફ ફરીવળે તેની લહરીઓ (આંદોલો) શરીરના બધા ભાગ તરફ તરી વળે તેમ કરવાની જરૂર છે. જાપથી અશુભ સંસ્કારો પલટાઇ જાય, ઓછા થાય, નવીન અશુભ સંસ્કાર ન પડે, અને મનની નિર્મળતા વધે, એ જાપ કરવાનો ઉદ્દેશ છે. આ જાપના સંસ્કારો એટલા બધા મજબુત કરવા કે થોડી નવરાશ મળે કે તરતજ સ્વભાવિક જાપ ચાલુ થનો જાય, હાલતાં, ચાલતાં, સુતાં, બેસતાં પણ જાપ ચાલુ રહે. આવી જાગૃતિ વાળાને જાપની સંખ્યાની ગણતરી રાખવાની જરૂર નથી, તેવી ટેવ પાડવા માટે પ્રથમ, પાંચ કે દશહજાર જેટલી સંખ્યાનો નિયમ રાખવો જરૂરનો છે. તેથી જાપ ન કરવાના વખતે પણ તે સંખ્યા પૂરી કરવાનો સંકલ્પ જાગૃત રહે છે, અને ધર્મધ્યાનનો પ્રવાહ વ્યવહારના પ્રસંગોમાં પણ સંબંધ અને શરૂ રહે છે, જાપ નંદાવર્તવિધિ, તથા કમળવિધિએ પણ કરવાથી મનોવૃત્તિ તેમાં સ્થિર રહે છે. ટચલી આંગળીના છેલ્લા વેઢાથી ઉપર ચડી બીજી ત્રીજી ચોથી આંગળીના ટેરવા ઉપર થઇ, ચોથી આંગળીના બન્ને વેઢા નીચા ઉતરી ત્રીજી બીજીના છેલ્લા વેઢા ઉપર થઇ બીજી ત્રીજી આંગળીના વચલા વેઢા ઉપર જાપ કરવો આ વિધિને નંદાવર્ત્ત વિધિનો જાપ કહે છે. હૃદયમાં નવપદનું સ્થાપન કરી, તેની આઠ દિશાની આઠ પાંખડીઓ અને પ્રથમ વચમાં, આ પ્રમાણે નવસ્થાને જાપ કરવો તે કમળવિધિ છે. આ સિવાય પણ બાર પાંખડી, સોળ પાંખડી વાળા કમળની કલ્પના નાભીમાં, હૃદયમાં, કંઠમાં,

ભ્રકુટીમાં અને બ્રહ્મરંધ્રમાં કરીને તે સ્થળે જાપ કરવો. આ સર્વ કમળજાપ છે.

જ્યાં નિર્મળ પાણીનાં ઝરણાં કે પ્રવાહો વહેતા હોય તેવાં નદી કે સરોવરના ભાગ પાસે બેસીને, અથવા જ્યાં સુંદર રળીયામણા હરીયાળા પ્રદેશો હોય, સુગંધી બાગ, બગીચાઓ આવી રહેલા હોય, અથવા શીતળ હવાવાળો, ડુંગરીનો પ્રદેશ હોય, જે સ્થળે તીર્થંકરદેવ કે જ્ઞાનીપુરૂષોનાં કલ્યાણક થયેલાં હોય, ધ્યાન, સમાધિ કે આત્મજ્ઞાન ઉત્પન્ન કરેલ હોય, તેવા પ્રદેશમાં બેસીને જાપ કરવામાં આવે તો તે ઉત્તમ ગણાય છે. તેવા સ્થળે જાપ કરવાથી ઉત્સાહમાં વૃદ્ધિ થવા સાથે પવિત્રતા વિશેષ પ્રાપ્ત થાય છે. તે હકીકત જણાવી પ્રકરણ પૂર્ણ કર્યું છે.

પછીના પ્રકરણમાં તેજ યોગ રૂપાંતરે, જુદા અભિપ્રાયે બતાવેલ છે. તેમાં મન, વચન, શરીરને નિયમમાં રાખવાં, પોતાની ભૂલો પોતાને ન જણાય તે માટે બીજા કોઇ આપણી ભૂલો કહેતા હોય તે સાંભળી દૂર કરવા પ્રયત્ન કરવો, પોતાની લાયકાતનો વિચાર કરી પ્રવૃત્તિ કરવી, અને પોતાની શુભ પ્રવૃત્તિના પરિણામની તપાસ કરતા રહેવું ભૂલો સુધારવી, અને જરૂર પડતાં આ માર્ગમાં ગુરૂ આદિની મદદ લેવી.

પછીના પ્રકરણમાં આજ યોગનું જુદા અભિપ્રાયે વર્ણન કરેલું છે. આત્માના શુદ્ધ આદર્શ જેવા વીતરાગદેવનું પૂજન કરવું તે મનની વિશુદ્ધિ અને એકાગ્રતાનું કારણ છે.

તે પછીના પ્રકરણમાં અવશ્ય કરવા યોગ્ય છ આવશ્યકરૂપ

પ્રતિક્રમણનું સ્વરૂપ બતાવ્યું છે. ગૃહ સાફ કરવાની જેમ દિવસમાં બેવાર અનિવાર્ય જરૂર છે, તેમ આ પ્રતિક્રમણની પણ તેટલીજ જરૂર છે. આ ક્રિયાથી કર્મમળ ઓછો થઈ અંતઃકરણ નિર્મળ બને છે.

તે પછી મૈત્રીઆદિ ચાર ભાવનાનું સ્વરૂપ બતાવ્યું છે. દુનિયાના સર્વ જીવો ઉપર મિત્રભાવ રાખવો, જ્ઞાની, ગુણી, સુખી જીવોના ગુણોના ઉપર પ્રમોદતા, દુઃખી જીવોના દુઃખો દૂર કરવાની લાગણીવાળી કરુણા અને પાપી જીવોના તરફ દુર્લક્ષતાવાળી ઉપેક્ષા. આ ભાવનાનો સાર છે. આ ભાવના, યોગનું જીવન છે. યોગને પોષણ આપનાર રસાયણ છે. આ ભાવનાથી પ્રેમનો ગુણાનુરાગનો, દયાનો અને સહનશીલતાનો ગુણ વધે છે; છેવટે અધ્યાત્મયોગનું ફળ કહી પ્રથમ અધ્યાત્મયોગ સમાપ્ત કર્યો છે.

બીજો ભાવના યોગ છે. અધ્યાત્મયોગનો વારંવાર અભ્યાસ કરવો તે ભાવના યોગ છે. તેમાં શ્રુતભાવના, તપભાવના, સત્ત્વભાવના, એકત્વભાવના અને તત્ત્વભાવનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રુતજ્ઞાનની ભાવનાથી આત્મજાગૃતિ, વિવેકદૃષ્ટિનો વિકાસ અને બુદ્ધિ સૂક્ષ્મ પદાર્થો સમજવાને લાયક બને છે. ઉત્સર્ગ અને અપવાદ સમજાય છે. આગ્રહ ઓછો થાય છે. વસ્તુની બધી દિશાઓ જાણી શકાય છે. સાપેક્ષદૃષ્ટિએ વસ્તુતત્ત્વનો વિચાર કરવાનું બળ આવે છે. સ્યાદ્વાદ દૃષ્ટિ તેજ કહેવાય છે. તેને લઈને દરેક વસ્તુ તથા દર્શનના ભેદોનો અપેક્ષાએ સદ્‌ભાવ સમજી શકાય છે..

બીજી તપભાવનાથી કર્મો નિરસ થાય છે. કામવાસના મંદ

થાય છે. દેહની શુદ્ધિ અને ઇચ્છાનો નિરોધ બની શકે છે. દેહભાવ દૂર કરવો એ ભાવનાનું જીવન છે.

અન્યત્વભાવના આત્માની અનંતશક્તિનું ભાન કરાવે છે. નિર્બળતા દૂર કરાવે છે દુઃખ સહન કરવાનું બળ આપે છે, ક્ષણિક વસ્તુના મોહને દૂર કરી પ્રાપ્ત કરવા યોગ્ય મહત્ત્વની વસ્તુના ક્ષેત્રને વિસ્તારે છે.

એકત્વ ભાવના સર્વ પ્રકારના મમત્વનો નાશ કરે છે. પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવે છે. પરસંગથી આત્મગુણ નાશ પામે છે તે બતાવી આપે છે. વૈરાગ્યવૃત્તિ પોષે છે, અને વિખરાયેલી વૃત્તિઓને આત્મભાવ તરફ વાળે છે.

તત્વભાવના કર્મો ઉપાધિ રૂપ છે એમ સમજાવી આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ વાળે છે, જગતને સ્યાદ્વાદ દૃષ્ટિએ વિચારવાનું શીખવે છે. કર્મના નાશથી પ્રગટ થતા આત્માના ગુણોનું ભાન કરાવે છે. વૃત્તિઓને બંધના કારણ રૂપ બતાવીને આત્મભાવમાં પરિણમી રહેવાનો બોધ આપે છે.

આ ભાવનાઓ અશુભ અધ્યવસાયથી મનને પાછું વાળે છે. શુભ અધ્યવસાયને પોષણ આપે છે. નિર્મળતા વધારે છે. આત્મશક્તિ પ્રગટ કરાવે છે.

હવે પછી વિશેષ મનની સ્થિરતા અને વિશુદ્ધિ માટે ધ્યાનયોગની શરૂઆત કરી છે. કોઇ એક શુભઆલંબન લઇ તેમાં મનને રોકી રાખવું, તે સિવાયના વિષયોમાં મનને જવા ન દેવું, તેમાંજ સૂક્ષ્મ ઉપયોગ રાખી તે પ્રવાહની ધારા સતત ચલાવવી તે આ

ધ્યાનયોગનો વિષય છે. દ્રવ્ય પર્યાય અને ગુણોનું ધ્યાન કરાય છે. એ બાબતો આ ધ્યાનયોગમાં બતાવી છે, ધ્યાનમાં આડ દોષો ન લગાડવા તે સબંધી સુચના કરી છે. તેથી ધ્યાન વૃદ્ધિ વિશેષ થાય છે.

ધ્યાનયોગવાળા જીવને પરાધીનતા રહેતી નથી. પરિણામની ધારામાં સ્થિરતા રહે છે. નવીન કર્મો આવતાં અટકે છે કર્મગ્રહણ, ગ્યતાનો મળ ઓછો થાય છે. ઇત્યાદિ ધ્યાનયોગમાં બતાવ્યું છે. હવે સમતાયોગ શરૂ થાય છે. આ યોગમાં શાન્તિનો વિકાસ ઘણોજ થાય છે. અમે તેના ઇષ્ટ કે અનિષ્ટ સંયોગોથી તેની મનોવૃત્તિઓ વિકારી બની નથી. સમભાવની છેલ્લી હદ આ યોગમાં પ્રગટે છે. વૃત્તિઓનો પ્રવાહ નબળો પડી જાય છે ઇચ્છાઓ વિરામ પામે છે. મનોગુપ્તિ વગર પ્રયત્ને બની રહે છે. પ્રશાંતવાહિતા ચાલે છે. મન દોડી દોડીને આત્મામાં ઝપાપાત કરે છે. સ્વરૂપમાં સ્થિરતા થાય છે. ઇત્યાદિ પરિણામ આ સમતાયોગથી પ્રગટ થાય છે.

પાંચમો વૃત્તિસંક્ષયયોગ કહેવામાં આવ્યો છે. અન્યદ્રવ્યના સંયોગથી વિકલ્પો ઉત્પન્ન કરનારી વૃત્તિઓ ફરીને કોઇ વખત ઉત્પન્ન ન થાય તેવી રીતે તેનો નાશ કરવો તે વૃત્તિસંક્ષયયોગ છે. આ છેવટના યોગથી આત્મા પોતાના સ્વરૂપે થઇ રહે છે. આટલા પ્રયત્નને અંતે આત્મા પોતાની સ્વતંત્ર સત્તા પ્રાપ્ત કરે છે. જન્મ, મરણો નાશ પામે છે. અનંતશક્તિઓ સ્વભાવ રૂપે પ્રગટ થાય છે. સ્વરૂપલાભથી આત્મા કૃતકૃત્ય થાય છે. જેમ નટ પોતાની માયા [illegible]ેરી લઇ ખરા સ્વરૂપે દર્શન દે છે. તેમ આત્મા આ વિશ્વરૂપ

રંગમંડપમાં વિવિધરૂપે નૃત્ય કરતો હતો, તે કર્મગ્રહણુયોગ્યતાનો નાશ થવાથી પોતાની વિખરાયેલી શક્તિને સ્વભાન વડે સમેટી લઇ સ્વ સ્વરૂપે પ્રગટ થાય છે, પરમશાન્તિમાં વિશ્રાંતિ લે છે. આંહી શાન્તિ પૂર્ણ રીતે પ્રગટ થાય છે એટલે આ ગ્રંથનું નામ શાન્તિનો માર્ગ તે સાર્થક થાય છે.

આ ગ્રંથનું લક્ષ્ય સ્વસ્વરૂપ પ્રગટ કરવું તેજ છે. આત્માએ જાગૃત થઇ મનની વૃત્તિઓ ઉપર કાબુ મેળવવો. અને કર્મગ્રહણુયોગ્યતાનો નાશ કરવો તે સાધન છે. તેને માટે મહા આરંભ, મહા પરિગ્રહ ત્યાગ કરવાનો નિયમ લેવો, નરકાદિ ગતિ પ્રાપ્ત થાય તેવી વૃત્તિઓ મનમાં ઉત્પન્ન થવા ન દેવાની પ્રતિજ્ઞા કરવી, ટુંકામાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન, વચન, કાયાની પ્રવૃત્તિ આ કર્મ સાથે સંબંધ વધારનાર હેતુઓનો ત્યાગ કરવાથી કર્મગ્રહણુયોગ્યતા નાશ પામે છે, તે ઉપાયો પુષ્કળ પ્રયત્ને પણ આદરવા યોગ્ય છે. મનને નિર્મળ કરવા ઉપર વારંવાર લક્ષ આપવાની જરૂર છે. આત્મભાન જાગૃત ન હોય તે વખતનું મન એક ભયંકર શત્રુ છે નિવિડ અંધકાર છે. આત્માને દેહમાં પૂરી રાખનાર તે લોખંડી વજ્રનો કિલ્લો છે. સંસાર વૃક્ષનું બીજ છે. આત્મભાન ભૂલવું તેજ કૃષ્ણપક્ષ છે. તેજ પુદ્ગલપરાવર્તન છે. તેજ દુઃષમકાળ છે. ઘોર નરકનો તેજ માર્ગ છે. અશાન્તિની ઉત્પત્તિ તેજ છે. સંસારનો પ્રવાહ પણ તેજ છે. રાગદ્વેષ, વેરવિરોધ વિષયકષાય, માનઅપમાન સર્વે તેમાંથીજ પ્રગટે છે. આત્મભાન ભૂલાયેલ મનમાંથી દુઃખના ઝરણાં વહે છે.

આત્મા આત્મભાવમાં રહે ત્યારેજ તે પૂર્ણ શાંત સ્થિર છે. આત્મા સ્વભાન ભૂલી મનમાં શુભાશુભ ઉપયોગરૂપે પરિણમે છે ત્યારે અંધકારની શરૂઆત થાય છે. ત્યાંથી ઇન્દ્રિયોમાં, શરીરમાં, બહારના પદાર્થોમાં, વિષયોમાં અને તેનાથી આગળ વધી તે તે પ્રકારે નિમિત્ત કારણોમાં પરિણમે છે, ત્યારે અંધકાર અનુક્રમે વધતો જાય છે. ઉપરા ઉપર અંધકાર ફેલાય છે. અંધકારમાંથી અંધકારજ નીકળે અને મળે. તેમાં પ્રકાશ ક્યાંથી હોય? જ્યાં આદિથીજ ભૂલ છે ? આત્મજ્ઞાન ભૂલેલાને આ વાત સમજાતી નથી. તે તો 'દાઝ્યો જુઠારી ભમવું રમે' આ દૃષ્ટાંતે શાન્તિ મેળવવા માટે મનની જ પાછળ પડે છે, અનેક વિચારો કરે છે, અને અશાન્તિના પ્રવાહમાં વધુ ને વધુ તણાય છે. અહીંથી શાન્તિ મળશે, આમાંથી શાન્તિ નીકળશે, આમ વિચારોના વમળમાં ફસેલો અર્જુન જેમ ફેરીના ભ્રમણ ફરે તેમ મનની પાછળ તે ધસડાય છે. છેવટે નિરાશાજ પ્રાપ્ત થાય છે. કારણકે મનમાં તો અંધારું છે. આત્મામાં પ્રકાશ છે. આત્મભાન ભૂલી, સ્વરૂપમાંથી ખસી મનમાં આવ્યો, આ પ્રથમ ભૂલ થઇ, તેમાંથી નીચો ઉતરી ઇન્દ્રિયોમાં આવ્યો, તેમાંથી પણ નીચો આવી આ જડપુદ્ગલોમાં-ગાઢ અંધકારમાં-આવ્યો, તેમાં રાગ દ્વેષ કરવા લાગ્યો સુખ, પ્રકાશ શાન્તિ શોધવા લાગ્યો. જે પ્રકાશ, શાન્તિ આનંદ આત્મામાં છે તેનાથી તે ઘણો દૂર આવી ગયો, અને તે પ્રકાશ અંધારામાં જડ ભાગમાં-શોધવા લાગ્યો. કહે પ્રિય આત્મા! તને આ સ્થળેથી પ્રકાશ, શાંતિ, આનંદ મળશે? નહિજ મળે. જે ક્રમે નીચો ઉતરી આવ્યો છું તેજ અનુક્રમે-વિપરિતપણે-પાછો હઠ. તારા સ્વરૂપમાં

બીજે કોઇ પણ સ્થળે શાન્તિની, પ્રકાશની આનંદની આશા તુ રાખીશજ નહિ. બધાં ભુલભુલામણાં છે. મૃગતૃષ્ણા–ઝાંઝવાનાં પાણી છે. આશાના ખોટાં સ્વપ્નાં છે. વ્હાલા આત્મા ! તું અંદર ને અંદર પાછો જા.

સાત્વિક મનમાં પ્રકાશ છે, પણ આત્મા જાગૃત હોય ત્યારેજ સાત્વિક મન દ્વારા જે જે નિશ્ચયો કરવામાં આવે છે, ત્યાગ વૈરાગ્યાદિ ગ્રહણ કરવામાં આવે છે, સત્સંગત, સત્યશાસ્ત્રનું શ્રવણ વાંચન, મનન કરવામાં આવે છે, તે તે પ્રસંગે થોડે ઘણે અંશે આત્મજાગૃતિ હોય છે. આ વખતનું સાત્વિક મન મદદગાર છે એ વાત ખરી પણ ઉપર જે હકીકત કહેવામાં આવી છે તે ભાન ભૂલેલ આત્મા માટેની છે. જાગૃત આત્માએ તો પરમશાન્તિ માટે આત્મા માંજ ડુબકી મારવી, મનને બાજુએ રહેવા દઇ, પોતાના સ્વરૂપ માંજ બેસી રહેવું. તેમ બને તોજ શાન્તિ મળે. આ આત્મનિશ્ચ કર્મ ગ્રહણ યોગ્યતાનો નાશ કરે છે, આત્મા નિર્મળ થાય છે ત્યારે ભ્રાંતિના–આવરણના–પડદાઓ સદાને માટે રજા લે છે.

આત્મા એ સૂર્ય સમાન છે સૂર્યનાં કિરણો બાહાર ફેલાયેલ હોય ત્યારે તેમાં ગરમી ઓછી હોય છે. તે કિરણોને એકજ સ્થળે એકઠાં કરવામાં આવે છે તો તેમાં એટલી બધી શક્તિ એકઠી થાય છે કે તે શક્તિની ગરમીથી આજુબાજુના પદાર્થોને બાળી પણ નાખે છે, આ દ્રષ્ટાંતે આત્મરૂપ સૂર્યના કિરણો મનની વૃત્તિએ દ્વારા બાહાર ફેલાઇ રહે છે, મનમાં વિકલ્પો ઉઠી વિક્ષેપો વધારે છે, ત્યારે આ મનના વિકલ્પો દ્વારા આત્માની શક્તિ ઓછી થાય છે, વિખરાઇ જાય છે; પણ જો આ શક્તિ એકઠી કરવામાં આવે

મનમાન્નિર્વિચાર સ્થિતિમા-સંગ્રહ કરવામાં આવે, તો તેજ શકિત, કર્મ ગ્રહણ યોગ્યતાનો નાશ કરી, પૂર્ણ શાંન્તિ પ્રગટ કરી આપે છે. આત્માની અનંત શકિત પ્રગટે છે. છેવટે અનંત શાન્તિનો અનુભવ આત્મા કરે છે. અનંત સુખ અને શાન્તિનું સ્થાન આત્માજ છે.

આ ગ્રંથ મનની વૃત્તિઓના વિજય માટે લખાયેલો છે. શરૂઆતમાં જીવ પુદ્ગલનો સંબંધ, દૈવ અને પુરૂષાર્થ, તથા નિશ્ચય નવતત્ત્વનું જ્ઞાન. આ પ્રકરણો સ્વાર્થી વાસનાવાળી, અજ્ઞાનતા ભરેલી મલીન વૃત્તિઓમા પ્રકાશ રેડનાર જ્ઞાનનાં છે. સ્વરૂપનું ભાન થવાથી મલીન વૃત્તિઓમાં ઉચ્ચ લાગણીઓ પ્રગટે છે. આથી સંસાર પ્રવાહનો માર્ગ બદલીને વૃત્તિઓ આત્મસન્મુખ વળે છે. આ ફાયદો કાંઇ જેવો તેવો નથી. છતા અનંત કાળથી નીચા પ્રવાહ તરફ ઢળવાની ટેવવાળી મનોવૃત્તિઓ હોવાથી તે તરત તો કબજે નથી થતી, માટે મનની વૃત્તિઓને શુભ માર્ગે વાળવાની જરૂર હોવાથી તે માટે ભૂમિકા શુદ્ધિની શરૂઆત કરી છે.

આંહી કોઇને શંકા ઉત્પન્ન થાય તેમ છે કે પ્રથમ આત્માની ઉચ્ચ કોટિનું જ્ઞાન બતાવ્યું અને તે તરફ પ્રવૃત્તિ તો ઘણી સામાન્ય (હલકી) કોટિથી કરી, એનુ કારણ શું? સમાધાન એવું છે કે પ્રથમ પ્રાપ્ત કરવા ગ્યોગ્ય લક્ષ્યનું ભાન કરાવવું, અને તે તરફ લક્ષ્ય રાખીને ધીમી શરૂઆતે પણ છેવટે પ્રાપ્તવ્યને જઇ મળવું. જેઓ પૂર્વ જન્મના આ માર્ગના સંસ્કારી જીવો છે, તેઓ તો છેવટના ધ્યેયને સન્મુખ રાખી, ત્રીજા યોગથીજ પોતાનો, અભ્યાસ શરૂ કરે છે. જેઓને તેવા સંસ્કારો નથી, તેઓ આમ અનુક્રમે શરૂઆત કરી, અને બન્ને એક સ્થળે જઇ મળે છે.

આ ભૂમિકા શુદ્ધિમાં દેવ ગુરુનું પૂજન, પાત્રદાન, સદાચાર, તપ, નિર્વાણુ તરફ પ્રેમ, અને નિર્દોષ ક્રિયા બતાવેલ છે. તે મનની વૃત્તિઓને અશુભ માર્ગથી પાછી હઠાવી શુભ માર્ગમાં જોડી શુભ બનાવવા માટે છે.

ત્યાર પછી શુભ મનોવૃત્તિઓને વિશેષ નિર્મળ અને સ્થિર કરવા માટે અધ્યાત્મયોગમાં પવિત્રાત્માનું સ્મરણુ, દેવવંદન પ્રતિક્રમણુ, મૈત્રી આદિ ભાવના વિગેરે બતાવેલ છે.

ભાવનાયોગ પણુ એજ કરે છે, પણુ વિશેષ નિર્મળતા સાથે ધ્યાનયોગ પવિત્ર વૃત્તિઓને સ્થિર કરવાનું કામ કરે છે. સમતાયોગ વૃત્તિઓને બહુજ નિર્મળ અને શાન્ત કરે છે, તે અપરાધી જીવો તરફ પણુ અશુભવૃત્તિ ઉત્પન્ન ન થવા દેતાં નિર્મળવૃત્તિઓદ્વારા તેનું પણુ કલ્યાણુ કરે છે. વૃત્તિસંક્ષયયોગ વૃત્તિઓનાં બીજને નિર્મૂળ કરી, આત્માને તેના યોગથી સદા દૂર રાખી પરમશાન્તિમાં વિશ્રાંતિ પમાડે છે.

છેવટે આ યોગનો બીજી રીતે વિચાર કર્યો છે. આઠ પ્રવચન માતા એટલે પાંચ સમિતિ અને ત્રણે ગુપ્તિ. આ આઠની અંદર પાંચે પ્રકારના યોગનો સમાવેશ થાય છે. પ્રવચન એટલે સિદ્ધાંતપ્રભુને જે કહેવાનું તેનો નિર્ણય અથવા પ્રવચન એટલે સંઘસમુદાય તેનું રક્ષણુ કરનાર, જન્મ મરણુથી બચાવી શાન્તિ આપનાર માતા એટલે મા સમાન. પ્રભુના નાના મોટા પુત્રોનું રક્ષણુ કરનાર આ પ્રવચન માતા છે.

તેમનાં નામ ઇર્યાસમિતિ ૧. ભાષાસમિતિ ૨ એષણાસમિતિ ૩

વચનગુપ્તિમાંથી નીકળી વચન સમિતિમાં આવવું. લેવા મુકવાની જરૂર પડે, ખાવા પીવાની જરૂર પડે, અને મલમૂત્રાદિ ત્યાગ કરવાની જરૂર પડે ત્યારે ઇર્યાસમિતિમાં આવી તે કામ કરી લેવું. પાછા કાયગુપ્તિમાં ચાલ્યા જવું.

આ પ્રમાણે વચન અને શરીર દ્વારા કરવા યોગ્ય અને પાછા હઠવા યોગ્ય કાર્યનો પાંચ સમિતિ અને વચનગુપ્તિ, કાયગુપ્તિ એ સાતમાં સમાવેશ થયો. હવે બાકી રહી મનની પ્રવૃત્તિ.

મનગુપ્તિના બે ભેદ, અશુભ માર્ગથી મન રોકવું તથા શુભ માર્ગમાં મનને જોડવું, એ પ્રથમ ભેદ, બીજો ભેદ મનને આત્માકારે પરિણમાવી રાખવું તે મનગુપ્તિ, પેલા ભેદને મનસમિતિ કહો તોપણ યોગ્યજ છે.

આ માર્ગ ઉચ્ચકોટિના અધિકારીઓ માટે છે. જેને ટુંકામાં પોતાનું કાર્ય કરી લેવાનું છે; તેમણે મન, વચન, કાયાના યોગોને આત્માનેજ સમર્પણ કરી દેવા; દેહાદિના જરૂરીયાતના પ્રસંગે, યા પરોપકારના કારણે પ્રવૃત્તિ કરવી પડે તો પૂર્ણ જાગૃતિપૂર્વક આત્મભાનથી મનાદિમાં આવવું; અને તે પ્રવૃત્તિનું કાર્ય પુરૂં થાય કે તરતજ પાછું આત્મામાં સમાઇ રહેવું.

આ પ્રમાણે પ્રવચન માતાનો માર્ગ છે. જે યોગના માર્ગથી પ્રાપ્ત થાય છે. તે આ માર્ગથી પ્રાપ્ત થાય છે. આ પણ યોગજ છે.

પ્રથમના અધ્યાત્મ યોગાદિ ચાર યોગ તે ઉપાય છે, ત્યારે વૃત્તિસંક્ષય યોગ તેજ ખરે ... મકે આત્માને જે કર્મના સંયો-

આદાન નિક્ષેપનસમિતિ ૪ પારિષ્ઠાપનિકાસમિતિ ૫ મનગુપ્તિ ૬ વચનગુપ્તિ ૭ કાયગુપ્તિ ૮. આનો ભાવાર્થ એ છે કે, કોઇપણ કાર્ય આત્મ ઉપયોગની જાગૃતિ વિના ન કરવું. જે કાર્ય આત્મ-સ્વરૂપ પ્રગટ કરવાના માર્ગમાં કરવામાં આવે છે, તેમાં મન, વચન, શરીરના મદદની જરૂરીઆત શરૂઆતમાં રહે છે. મન, વચન, શરીરની પ્રવૃત્તિ સર્વથા બંધ કરી આત્માએ પોતાનાં સ્વરૂપમાં લીન થઇ રહેવું. એ છેવટનો માર્ગ છે. કર્મઅહણયોગ્યતા રહેલી હોવાથી આત્મા આ પ્રમાણે સ્વરૂપમાં સ્થિરતા ન કરી શકે તે પણ બનવા યોગ્ય છે. ત્યારે આત્માએ મનાદિ દ્વારા પ્રવૃત્તિ કરવી, અને કર્મ ગ્રહણયોગ્યતાનો નાશ કરી તે પ્રવૃત્તિ સર્વથા બંધ કરી સ્વરૂપમાં આવવું, આ તેનો પ્રવૃત્તિનો પ્રથમનો માર્ગ રહ્યો. આમ પ્રવૃત્તિ અને નિવૃત્તિ બે માર્ગ થયા. છેવટે નિવૃત્તિમાં વિશ્રાંતિ લેવી. હવે પ્રવૃત્તિ માર્ગ તે, આંહી પ્રથમના પાંચ સમિતિનો માર્ગ છે; અને નિવૃત્તિ માર્ગ તે પાછળની ત્રણ ગુપ્તિનો માર્ગ છે. આશય એવો છે કે જ્યાં નિવૃત્તિ ન બને ત્યાં પ્રવૃત્તિ કરવી, છતાં આ પ્રવૃત્તિ તે પણ નિવૃત્તિ માટેજ કરવાની છે. પ્રવૃત્તિ પણ નિવૃત્તિને મદદ-ગારજ હોવી જોઇએ. જેમ અપવાદમાર્ગ તે પણ ઉત્સર્ગ માર્ગના રક્ષણ અર્થે વપરાય છે, તેમ પ્રવૃત્તિ તે નિવૃત્તિના રક્ષણ માટે કરવી. આત્મામાં આત્માએ સમાઇ રહેવું, તેમ ન રહેવાય તો થોડીવાર મન, વચન, કાયાના યોગમાં હવા ખાવા આવી જવું, પાછા આત્મામાં સમાઇ જવું.

શરીરદ્વારા જવા આવવાની જરૂર પડે ત્યારે કાયગુપ્તિમાંથી નીકળી ઇર્યાસમિતિમાં આવવું. વચનદ્વારા બોલવાની જરૂર પડે ત્યારે

વચનગુપ્તિમાંથી નીકળી વચન સમિતિમાં આવવું. લેવા મુકવાની જરૂર પડે, ખાવા પીવાની જરૂર પડે, અને મલમૂત્રાદિ ત્યાગ કરવાની જરૂર પડે ત્યારે ઇર્યાસમિતિમાં આવી તે કામ કરી લેવું. પાછા કાયગુપ્તિમાં ચાલ્યા જવું.

આ પ્રમાણે વચન અને શરીર દ્વારા કરવા યોગ્ય અને પાછા હઠવા યોગ્ય કાર્યને પાંચ સમિતિ અને વચનગુપ્તિ, કાયગુપ્તિ એ સાતમાં સમાવેશ થયો. હવે બાકી રહી મનની પ્રવૃત્તિ.

મનગુપ્તિના બે ભેદ, અશુભ માર્ગથી મન રોકવું તથા શુભ માર્ગમાં મનને જોડવું, એ પ્રથમ ભેદ. બીજો ભેદ મનને આત્માકારે પરિણમાવી રાખવું તે મનગુપ્તિ, પેલા ભેદને મનસમિતિ કહો તોપણુ યોગ્યજ છે.

આ માર્ગ ઉચ્ચકોટિના અધિકારીઓ માટે છે. જેને ટુંકામાં પોતાનું કાર્ય કરી લેવાનું છે; તેમણે મન, વચન, કાયાના યોગોને આત્માનેજ સમર્પણુ કરી દેવા; દેહાદિના જરૂરીયાતના પ્રસંગે, યા પરોપકારના કારણે પ્રવૃત્તિ કરવી પડે તો પૂર્ણ જાગૃતિપૂર્વક આત્મભાનથી મનાદિમાં આવવું; અને તે પ્રવૃત્તિનું કાર્ય પુરૂં થાય કે તરતજ પાછું આત્મામાં સમાઇ રહેવું.

આ પ્રમાણે પ્રવચન માતાનો માર્ગ છે. જે યોગના માર્ગથી પ્રાપ્ત થાય છે. તે આ માર્ગથી પ્રાપ્ત થાય છે. આ પણુ યોગજ છે.

પ્રથમના અધ્યાત્મ યોગાદિ ચાર યોગ તે ઉપાય છે, ત્યારે વૃત્તિમંક્ષય યોગ તેજ ખરે [illegible] મકે આત્માને જે કર્મના સંયો-

ગની યોગ્યતા રહેલી છે, તેનો નાશ કરવો તે યોગનું લક્ષ્ય છે. આ હકીકત અહીં બતાવવામાં આવી છે,

મનની વૃત્તિ એ સ્થૂળ અને સુક્ષ્મ એમ બે પ્રકારની છે. સંકલ્પો વિકલ્પો થાય છે તે મનની સ્થુળ વૃત્તિઓ છે, તે નાના પ્રકારની આકૃતિઓ ઉત્પન્ન કરે છે. વારંવાર ઉત્પન્ન થતી આકૃતિઓ તેનો સંસ્કાર અંદર નાખે છે. તેમાં રાગદ્વેષની લાગણીઓ બીજરૂપ થઇ સત્તા જમા થાય છે, તેમાંથી જન્મ મરણનાં અનિવાર્ય દુઃખો ઉત્પન્ન થાય છે.

શ્વાસોશ્વાસ ચાલે છે તે મનની સુક્ષ્મવૃત્તિઓ છે, આ વૃત્તિઓને લઇને આત્માપ્રદેશમાં હલનચલન રૂપ ચેષ્ટા થાય છે. જીવમાં કર્મ ગ્રહણ યોગ્યતા જ્યાં સુધી રહેલી છે ત્યાં સુધી આ વૃત્તિઓ ઉત્પન્ન થયા વિના રહેતી નથી. આ અપેક્ષાને લઇને આત્માની વૃત્તિઓ પણ કહેવામાં આવે છે. કર્મ ગ્રહણ યોગ્યતા દૂર થતાં, ઇતર પદાર્થ ની માફક આ વૃત્તિઓ પણ બંધ થાય છે આ બધું બતાવી છેવટે એ ભલામણ કરવામાં આવી છે કે ડાળાં, પાંખડાં ને છેદવાનું મૂકી દઇ મૂળને જ છેદો કે, જેથી ડાળાં પાંખડાં ઉત્પન્નજ ન થાય, કર્મગ્રહણ યોગ્યતાનો નાશ કરવો તે મૂળનો નાશ કરવા બરોબર છે. તે સિવાય એકલી વૃત્તિઓને બંધ કરવી તે ડાળાં પાંખડાં છેદવા જેવું છે;

અન્ય દર્શનમાં સંપ્રજ્ઞાત સમાધિ અને અસંપ્રજ્ઞાત સમાધિ એવા ભેદો સમાધિના કહેલા છે, તેનો સમાવેશ વૃત્તિસંક્ષય યોગમાં થાય છે. તેમજ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એવા ભેદો જે જુદા

જુદા કલ્પ્યા છે, તે સર્વે મનની જુદી જુદી અવસ્થાઓ છે, એટલે મનમાંજ તેનો સમાવેશ થાય છે.

આ પ્રમાણે ઉપયોગી બાબતોનો સમાવેશ આ શાન્તિના માર્ગ માં કરવામાં આવ્યો છે. સાધકોએ પ્રથમ વિચારબળને કેળવવું, કાંટા જેમ કાંટાને કાઢે છે તેમ એક વિચાર અનેક વિચારોનો નાશ કરે છે, છેવટે બન્ને વિરામ પામે છે, વિચારજ વર્તનરૂપ બની વિચાર વિરમી જઇ આત્મા પરમશાન્તિમાં વિશ્રાંતિ લે છે.

આ ગ્રંથનો વિષય ગહન છે. બનાવેલી ભૂમિકા સુધીનો મારો અનુભવ નથી, એટલે તેમાં મહાન્ પ્રભુની દષ્ટિએ ન્યુનાધિક લખાવાનો સંભવ છે, ઓ મહાપ્રભુ! તું મને તે માટે ક્ષમા કરજે. મારી ભૂલો સુધારજે, તારાં વચનો દુનિયામાં વધારે ફેલાય તે માટે મેં તો આ આત્માઓની સેવા કરી છે. મારા આત્મબંધુઓ અને બ્હેનોના રૂપમાં રહેલ આત્માઓ, આ પુસ્તકથી તને ઓળખતાં શીખે, તારી આજ્ઞા માન્ય કરે, અને છેવટે તને તારા સ્વરૂપમાં આવીને મળે—એજ મારી પ્રબળ ઇચ્છા છે ઓ પરમ દયાળુ દેવ! તું મને ભૂલી ન જઇશ. છેવટની ભૂમિકા સુધી મદદગાર થજે. અને છેવટે તારા સ્વરૂપમાં મારી વિશ્રાંતિ કરજે. આટલીજ ઇચ્છા કરી હવે વિરામ પામું છું. આ ગ્રંથ પેથાપુરમાં સંવત ૧૯૭૬ ના વર્ષે ચોમાસામાં લખ્યો છે.

વિક્રમ સંવત ૧૯૭૮ માગશર શુદ ૫.
મુ. દેહગામ—પં. કેશરવિજય ગણિ.જી

ત્રીજી આવૃત્તિ સંબંધે બે બોલ.

શાંતિના માર્ગની આ ત્રીજી આવૃત્તિ છે. દર વર્ષે તેની એક એક આવૃત્તિ નીકળતી રહી છે તેજ આ પુસ્તકની ઉપયોગીતા અને લોકપ્રિયતા સૂચવે છે. આ પુસ્તક સિદ્ધાંતના રહસ્યોથી ભરપૂર હોવા- સાથે કર્તવ્ય માર્ગના પગથીઆંવાળી નિસરણી જેવું છે. કળીકાળના અંધકારમા દિપકની ગરજ સારે તેમ છે. દરેક વંચનારે વાંચીને અમલમાં મૂકવા પ્રયત્ન કરવો.

ત્રીજી આવૃત્તિનાં સાત હજાર પુસ્તકો છપાવવામાં આવ્યાં છે. જેઓ તરફથી તે છપાવવામાં આવ્યા છે તેમનાં મુબારક નામો નીચે મુજબ છે.

૨૨૫૦ પુસ્તકો ગોડીજી મહારાજના દેરાસરજીની પેઢીનાજ્ઞાન ખાતાની ઉપજમાંથી. મુંબઇ.

૨૦૦૦ ઝવેરી બાલુભાઇ કલ્યાણચંદના સ્મરણાર્થે તેમનાં ધર્મપત્નિ બ્હેન હીરા કુંવર ભગવાનજી તરફથી મુંબઇ.

૫૦૦ પારેખ અમથાલાલ ઝુમખરામ તરફથી પેથાપુર.

૫૦૦ કોઠારી મોતીભાઇ જીવનજીના સ્મરણાર્થે તેમના ભાઇ વીરચંદ જીવનજી તરફથી વલસાડ.

૫૦૦ શા. રામદાસ નાનચંદ વલસાડ–ભાગડાવાળા હસ્તે તેમના પુત્ર વીરચંદભાઇ

મરહુમ શેઠ બાલુભાઇ કલ્યાણચંદ સ્વરૂપચંદનું ટુંકે જીવન ચરિત્ર.

આ પુસ્તકની બે હજાર નકલ મરહુમ શેઠ બાલુભાઇ કલ્યાણચંદ સ્વરૂપચદ સુરતવાલાના સુર્પાત્ન હીરાકુંવર તરફ થી રૂ. ૬૦૦) એ કે રુપીઆ છસોની દ્રવ્ય સહાય આપી છપાવી છે.

શેઠ બાલુભાઇનો જન્મ સુરતની દશા શ્રીમાળી જ્ઞાતિ માં શેઠ કલ્યાણચંદ સ્વરૂપચંદને ત્યાં સંવત ૧૯૨૮ના વૈશાખ વદ ૦)) ને વાર સોમના રોજ થયે હતો. તેમણે પોતાની જીંદગીની શરૂઆતમાં મોતીના દલાલ તરીકેનો ધંધો શરૂ કરી પોતાની જાતી મહેનત અને પ્રમાણીકતાથી આરબોના મોતીના દલાલ તરીકે સારી પ્રખ્યાતી મેળવી હતી. અને પોતાની હયાતી દરમિયાન ધાર્મિક કાર્યોમાં અતિશય લાગણી રાખી દ્રવ્યનો સારો વ્યય કરતા હતા. તેમાં સર્વથી વિશેષ નોંધ લેવા યોગ્ય કાર્યમાં પોતાની હયાતિ દરમિયાન રૂ. ૧૧૫૦૦) એ કે રૂ. અગીઆર હજાર પાંચસોની સારી રકમ શ્રી ગોડીજીના મહારાજના દેરાસરના ઉપાયશ્રયમાં સંવત્સરી ના પ્રતિક્રમણ કરનાર સ્વામી ભાઇઓને માટે પારણાં કરાવવા ને માટે આપી ગયા છે. તેમનું અવસાન સંવત ૧૯૭૮ના પોષ શુદ પુનમ ને વાર શુક્રના રોજ શહેર મુંબઇમાં શુભ ધ્યાન થએલું હતું. તેમના આત્માને શાંતિ મળો એજ પ્રાર્થના

मरहुम- शेठ श्री बालुभाई कल्याणचंद मरूपचंद

जन्म संवत शाके स्वर्गवास संवत १९

वदी पोष वदी

મરહુમ શેઠ બાલુભાઇ કલ્યાણચંદ સ્વરૂપચંદનું ટુંક જીવન ચરિત્ર.

આ પુસ્તકની બે હજાર નકલ મરહુમ શેઠ બાલુભાઇ કલ્યાણચંદ સ્વરૂપચંદ સુરતવાલાના સુપત્નિ હીરાકુંવર તરફથી રૂા. ૬૦૦) અકે રુપીઆ છસોની દ્રવ્ય સહાય આપી છપાવી છે.

શેઠ બાલુભાઇનો જન્મ સુરતની દશા શ્રીમાળી જ્ઞાતિમાં શેઠ કલ્યાણચંદ સ્વરૂપચંદને ત્યાં સંવત ૧૯૨૮ના વૈશાખ વદ ૦)) ને વાર સોમના રોજ થયો હતો. તેમણે પોતાની જીંદગીની શરૂઆતમાં મોતીના દલાલ તરીકેનો ધંધો શરૂ કરી પોતાની જાતી મહેનત અને પ્રમાણીકતાથી આરબોના મોતીના દલાલ તરીકે સારી પ્રખ્યાતી મેળવી હતી. અને પોતાની હયાતી દરમિયાન ધાર્મિક કાર્યોમાં અતિશય લાગણી રાખી દ્રવ્યનો સારો વ્યય કરતા હતા. તેમાં સર્વથી વિશેષ નોંધ લેવા યોગ્ય કાર્યમાં પોતાની હયાતિ દરમિયાન રૂા. ૧૧૫૦૦) અંકે રૂા. અગીઆર હજાર પાંચસોની સારી રકમ શ્રી ગોડીજીના મહારાજના દેરાસરના ઉપાશ્રયમાં સંવત્સરીના પ્રતિક્રમણ કરનાર સ્વામી ભાઇઓને માટે પારણાં કરાવવાને માટે આપી ગયા છે. તેમનું અવસાન સંવત ૧૯૭૮ના પોષ શુદ પુનમ ને વાર શુક્રના રોજ શહેર મુંબઇમાં શુભ ધ્યાન થએલું હતું. તેમના આત્માને શાંતિ મળો એજ પ્રાર્થના

શાન્તિનો માર્ગ.

અધ્યયન ૧ લું.

જીવ પુદ્ગલ સંબંધ.

आत्मा तदन्यसंयोगात्संसारी, तद्वियोगतः
स एव मुक्त, एतौ च तत्स्वाभाव्यात्तयोस्तथा. ॥१॥

આત્મા એટલે જીવ, અને તે જીવથી અન્ય તે કર્મ. ત્મા તે કર્મની સાથેના સંબધથી સંસારી કહેવાય છે; અને ી અન્ય જે કર્મ તેના વિયોગથી તેજ સંસારી આત્મ મુક્ત થ છે. આ સંસાર અને મોક્ષ તે, સંસારના હેતુઓ અને હેતુઓના સ્વભાવથી થાય છે. એટલે આત્મા, અન્ય જે કર્મ તેના સંયોગથી સંસારી થાય છે, ન્યના વિયોગથી તે મુક્ત થાય છે. આ પ્રમાણે મુક્ત જીવોનું લક્ષણ છે.

ન્ય જે કર્મ તે ક્રિયારૂપ હોવાંથી કર્ત્તાની ર્તા કર્મથી ગણુ પહેલો હોવા જોઇએ. જો

શાન્તિનો માર્ગ.

અધ્યયન ૧ લું.

જીવ પુદ્ગલ સંબંધ.

आत्मा तदन्यसंयोगात्संसारी, तद्वियोगतः
स एव मुक्त, एतौ च तत्स्वाभाव्यात्तयोस्तथा. ॥१॥

આત્મા એટલે જીવ, અને તે જીવથી અન્ય તે કર્મ. આત્મા તે કર્મની સાથેના સંબંધથી સંસારી કહેવાય છે; અને તેથી અન્ય જે કર્મ તેના વિયોગથી તેજ સંસારી આત્મ મુક્ત કહેવાય છે. આ સંસાર અને મોક્ષ તે, સંસારના હેતુઓ અને મોક્ષના હેતુઓના સ્વભાવથી થાય છે. એટલે આત્મા, આત્માથી અન્ય જે કર્મ તેના સંયોગથી સંસારી થાય છે; અને તે અન્યના વિયોગથી તે મુક્ત થાય છે. આ પ્રમાણે સંસારી અને મુક્ત જીવોનું લક્ષણ છે.

જીવથી અન્ય જે કર્મ તે ક્રિયારૂપ હોવાથી કર્તાની અપેક્ષા રાખે છે. આ કર્તા કર્મથી પણ પહેલો હોવા જોઇએ. જો

બન્ને સાથે ઉત્પન્ન થાય છે એમ માનીએ તો તેમનો કાર્ય કારણ ભાવ ઘટેજ નહિં. હવે આમ આત્મા પહેલો અને પછી કર્મ લાગ્યા, એમ માનતાં શંકા એ થવાની કે સ્વરૂપે સ્થિત એવા શુદ્ધ જીવને પ્રથમ કર્મનો સંયોગ શા કારણથી થયો કે જેથી તેને સંસારીત્વ પ્રાપ્ત થયું ?

ઉત્તર—જીવમાં યોગ્યતા, એટલે કર્મનો સંયોગ થાય એવી અનુકુલ પરિણતિ રહેલી છે એમ માનવું જોઇએ. તેના વિના જીવનો અને કર્મનો સંયોગ નજ બને.

આ યોગ્યતા જીવનું સ્વભાવભૂત તત્વ છે. આ યોગ્યતા ઉપાધિરૂપ નથી. તેનો સંયોગ અનાદિ છે, તેમ જીવ તથા કર્મ પુદ્ગલનો સંયોગ પણ અનાદિ છે. અનાદિ ન માનીએ તો બંધ પણ આદિવાળો માનવો પડશે, અને તેમ માનતાં પૂર્ણ જ્ઞાનીઓને પણ ફરી બંધન થવાનો પ્રસંગ આવશે, માટે જીવમાં કર્મ ગ્રહણ કરવાની યોગ્યતા અને બંધ એ બન્ને પ્રથમ અનાદિ માનવાં જોઇએ. આ અનાદિપણું એવી રીતે છે કે, જેમ ભૂતકાળ પ્રતિક્ષણે અપર અપર રૂપે છતાં પણ પ્રવાહરૂપે અનાદિ છે, તેમ જીવપ્રદેશ અને પુદ્ગલનો સંયોગ પ્રતિક્ષણે થાય છે છતાં પ્રવાહરૂપે અનાદિ છે. આમ જીવને કર્મનો સંયોગ અને વિયોગ માનીને સંસારી તથા મુક્ત એવી વ્યવસ્થા કરવી જોઇએ.

આત્મા દ્રવ્યાર્થિકનયે (મૂળ દ્રવ્યના અભિપ્રાયે) નિત્ય.

અને પર્યાયાર્થિકનયે (પયાર્ય-પરિણમન-ઉપયોગના અભિપ્રાયે) અનિત્ય છે. એકાંતે એક સ્વરૂપે રહેનાર નિત્ય કે એકાંતે સર્વથા નાશ પામનાર અનિત્ય નથી. તેને લઇને કર્મ અને પુરૂષાર્થ એ પણ સિદ્ધ થાય છે. એ બન્ને પોતપોતાના સ્થાનમાં સમાન બળવાળાં છે.

કાર્ય માત્ર જીવ અને પુદ્ગલના યોગથીજ થાય છે એ નિશ્ચય છે. જીવ અને પુદ્ગલના યોગ વિના કાર્ય માત્રનું અન્ય કારણ નથી. મૃતિકા (માટી) જેમ ઘટનું પરિણામી કારણ છે, અને ચક્ર, દંડ, કુંભાર આદિ સહકારી નિમિત્ત કારણો છે, તેમ સ્વભાવ, કાળ, નિયતિ આદિ સહકારી કારણો છે,

એજ દૃષ્ટાંતે, આત્માને પુદ્ગલનો યોગ એ નિમિત્ત કારણ છે, અને પુદ્ગલોને આત્માનો યોગ એ પણ નિમિત્ત કારણ છે, નિમિત્તના અભાવે બન્ને પોતપોતાના સ્વભાવમાં સ્વસ્વરૂપે પરિણમી રહે છે. નિમિત્ત યોગે પર્યાય રૂપે પરિણમીને વિવિધતા ધારણ કરે છે.

આત્મામાં કર્મનો સંબંધ થવાની યોગ્યતારૂપ સહજ મળ છે. જીવ અનાદિ છે. તેમ કર્મ પણ પ્રવાહરૂપે અનાદિ છે. જો આત્મામાં કર્મનો સંબંધ થવાની યોગ્યતા ન હોય તો તેને જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ (તેમાં વૃદ્ધિ હાનિ ઇત્યાદિ) વ્યવહારનો અસંભ થવો જોઇએ. આત્મા અનાદિ છે તેમ

કર્મ સંબંધ યોગ્યતા પણ અવશ્ય અનાદિ માનવી જોઈએ. એમ બંધ પણ પ્રવાહ રૂપે અનાદિ સિદ્ધ થાય છે.

આ યોગ્યતા આત્મામાં ન માનીએ તો અતિપ્રસંગ દોષ આવશે. જેમકે આ કર્મસંબંધની યોગ્યતા વિનાના મુક્ત આત્માઓ છે તે યોગ્યતારહિત છતાં પણ ફરીને બંધનમાં પડશે; કારણ કે ઉપરની માન્યતા પ્રમાણે કર્મબંધ, યોગ્યતાની અપેક્ષાવિના પણ પોતાની મેળેજ લાગુ પડે છે. ભાવાર્થ એ છે કે યોગ્યતા ન માનીએ તો જે કારણથી અમુક્તને બંધ થાય છે, તેજ કારણથી મુક્તને પણ બંધ માનવામાં બાધ રહેતો નથી. કર્મસંબંધ થવાની યોગ્યતાને આદિ, અને સ્વભાવસિદ્ધ માનવી જોઇએ. યોગ્યતાને બંધનના કારણમાં અનાદિ માનતાં તે યોગ્યતાનું અમુક નિમિત્ત યોગે કમીપણું થવાનો સંભવ યુક્તિપૂર્વક સંભવિત થશે, અર્થાત્ જેમ યોગ્યતા ન્યૂન તેમ ભાવવિશુદ્ધિ અધિક, અને જેમ ભાવવિશુદ્ધિની અધિકતા તેમ યોગ્યતાની ન્યૂનતા આ નિયમ પણ સંભવશે, અને તેથી મુક્તિ પર્યંતની વ્યવસ્થા પણ બરાબર થશે.

તીવ્ર મળને લીધે જીવને ભવમાં આનંદ યા આસક્તિ થાય છે. સાધનોથી આ મળ દૂર થઇ શકે છે. શુદ્ધ અનુષ્ઠાનવાળાં સાધન, ઇંદ્રિય, કષાયનો વિજય, ઉચ્ચ ઉચ્ચ

સ્થિતમાં માનનું પરિણમન, બંધમોક્ષાદિનો વિચાર અને પરમ શુદ્ધ આત્માનું લક્ષ તે આ યોગ્યતારૂપ તીવ્ર મળને દૂર કરવાનાં સાધનો છે.

પુદ્ગલોમાં પરિણામીપણું.

જેમ આત્માને પરિણામી માનવો પડે છે, તેમ પુદ્ગલોને પણ પરિણામી માન્યા વિના ચાલશે નહિ, પુદ્ગલોને અપરિણામી (એકજ સ્વરૂપે સ્થિત) માનવાથી તેના કાર્યમાં વિવિધતા આવશે નહિ, અને તેની વિવિધતાથી ઉત્તરોત્તર જ્ઞાનાદિની તારતમ્યતાવાળી દશા જે જીવમાં થવાની છે તે પણ થશે નહિ, અને તેમ થતાં જીવ માત્ર સમાનજ થઇ રહેશે; વિષમતા રહેવાનીજ નહિ. એમ થવાનું કારણ એજ કે, મૂળ પુદ્ગલમાં વિવિધતા નથી તો પછી તેના કાર્યમાં તે નજ આવે. માટે પરિણમન ધર્મવાળાં પુદ્ગલોને માનવાથી એટલે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયે નિત્ય અને અનિત્ય રૂપ પુદ્ગલોને માનવાથી વિવિધતા સિદ્ધ થશે, અને જીવને પણ જ્ઞાનાવરણાદિ સ્થિતિની પરંપરા પણ સંભવશે.

બીજી રીતે વિચાર કરતાં પુદ્ગલોમાં પરિણામીપણું માનતાં આત્મપરિણામનું વિવિધપણું સિદ્ધ થશે અને તેથી પુદ્ગલના યોગે જ્ઞાનાવરણાદિ ભોગ્ય પરિણામને અનુભવનારો આત્મા, [illegible] વારંવાર જન્મ થતાં ઉત્તમ

અધમ, મધ્યમ સ્થિતિ પ્રાપ્તિ, યુક્તિપૂર્વક સંભવશે. વળી આ બંધસ્વભાવની યોગ્યતાની ન્યૂનતા થતાં પરમ શાન્તિ થવાની. પુદ્દગલોમાં આ પરિણામિત્વ ન માન્યું હોત તો તેમ ન થાત, આથી એ નિશ્ચય થયો કે સ્વભાવસિદ્ધ આ અનાદિમળ-કર્મ સંબંધ યોગ્યતા-તેજ વિચિત્રતાનું કારણ છે; તેના વિના અન્ય કારણ કોઇ ઈશ્વરાદિ આ વિવિધતાનો હેતુ હોય તે વાત ઘટતી નથી. આ મળ નાના સ્વરૂપવાળો છે, તેથીજ વિચિત્રતા ઘટે છે. સામાન્ય સ્વરૂપે તે અભિન્નપણે છે છતાં કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ; અને પુરૂષાર્થ આ પાંચ કાર્ય માત્રનાં સાધારણ કારણ રૂપ છે. તેના નિમિત્તથી અભિન્ન જેવો તે મલ પણ ભિન્નતાને પામે છે. જીવથી અલગ થઇ શકે છે.

વ્યહવારમાં કાર્યનો નિર્વાહ સ્વરૂપ (મૂળ-ઉપાદાન કારણ) અને તેનાથી ભિન્ન નિમિત્ત કારણ (પુદ્દગલાદિ) એવા બે હેતુથીજ કાર્ય સિદ્ધ થાય છે. ઘટનું ઉપાદાન કારણ માટી, તેમાં માટીપણાને અવિશેષ રૂપે કારણનો અભેદ માનતાં જેટલા માટીના ઘડા, તેટલા સર્વે (સર્વ) માં એકાકારતા થવી જોઈએ તે થતી નથી. તેમજ એકલા બાહ્ય નિમિત્તને જ કારણ રૂપે માનીએ તો, પરિણામી કારણ રૂપ માટીના અભાવે ઘડાની ઉત્પત્તિ થશેજ નહિ. માટે સ્વરૂપરૂપ (મૂળ-દ્રવ્ય) માટી અને તે સિવાય બાહ્ય નિમિત્ત એ બન્ને

કાર્યની ઉત્પત્તિમાં કારણ માનવાં જોઈએ. આ ભિન્નાભિન્ન સ્વરૂપ છે. આ નિર્ણયથી એના સંબંધવાળો વિષય જે સાંસિદ્ધિક મળ તેનો આત્માથી વિયોગ થતાં મોક્ષ થાય, અને તેના સંયોગથી ભવનું વિચિત્રપણું અને એ બધું યથાર્થ સંભવી શકે છે.

આત્મામાં પરિણામિપણું અને સાંસિદ્ધિક મળ માનવાથી પુરુષાર્થનો અવકાશ રહે છે.

અધ્યયન ૨ જું.

દૈવ અને પુરુષાર્થ.

દૈવ અને પુરુષાકાર જેને લોકો પ્રારબ્ધ અને પુરુષાર્થ કહે છે, તે દૈવ અને પુરુષાકાર તુલ્ય બળવાળાં છે, એ નિશ્ચય છે. આત્મા અને પુદ્‌ગલમાં પરિણમન ધર્મનો સ્વિકાર કર્યા પછી આ બે વિના વ્યવસ્થા ઘટતી નથી. દૈવ એટલે શુભાશુભ કર્મ, અને પુરુષાકાર એટલે જીવનો સ્વવ્યાપાર, એમ બન્નેનો અર્થ છે. એ બન્ને પરસ્પર આશ્રયી છે એમ વ્યવહારનયાનુસાર કહેવાય છે.

વ્યવહારનયથી ઉલટો નિશ્ચયનય છે. નિશ્ચયનયાનુસા
તો દૈવ અને પુરૂષાકાર પોતપોતાની પ્રવૃત્તિમાં પોતે
કારણ છે, વ્યવહારનયાનુસાર તે બન્ને પરસ્પર સાપેક્ષ
વૃત્તિવાળા છે.

દૈવ અને પુરૂષાકાર કેવી રીતે પરસ્પર આશ્રયી છે. તે
હવે જોવાનું છે. એકલા કર્મથી કર્મનો નાશ કરવાનું બને તેમ
નથી. જીવના વ્યાપાર રૂપ તેમાં પુરૂષાર્થ જોઇએ. એટલે કર્ત્તા
જે પુરૂષાર્થ અને કર્મ જે પ્રારબ્ધ તે બન્નેને પરસ્પર સાપેક્ષ-
તાવાળો સંબંધ છે, અર્થાત્ અન્યોઅન્યમાં બાધ્ય બાધક-
ભાવે રહેલો છે.

સુખદુઃખાદિ વિચિત્ર ભાવમાત્રનું કારણ તે કર્મ છે. એ
કર્મ તેજ બાધ્ય છે, અને પુરૂષાકાર બાધક છે. જેમ લાકડામાં
પ્રતિમાજી થઇ શકે તેવી યોગ્યતા રહેલી છે, પણ જ્યારે તેની
પ્રતિમા થઇ, ત્યારે પ્રતિમા પેલી યોગ્યતાની બાધક થઇ,
અને યોગ્યતા બાધ્ય થઇ. આ દ્રષ્ટાંતે જે વિચિત્રફલ પેદા
કરવાની યોગ્યતાવાળું કર્મ છે, તે લાકડામાં પ્રતિમાની યોગ્યતા
જેવું છે. પુરૂષાકાર તેમાં ભળીને જ્યારે તેનું પ્રતિમારૂપ
પરિણામ નિપજાવે છે, ત્યારે કર્મનો બાધ થઇ પુરૂષાકાર
બાધક થાય છે. આ પ્રમાણે કર્મ તથા પુરૂષાકારનો બાધ્ય
બાધક ભાવ થાય છે.

આ દ્રષ્ટાંતે એકલા કર્મથીજ અથવા એકલા દૈવથીજ
પુરૂષાકારથી થતા કાર્યનું નિષ્પન્ન થવું અશક્ય છે જો એકલું

કર્મજ પુરૂષાકારથી સાધ્ય કાર્યની પણ નિષ્પત્તિ કરી શકતું હોય, તો દાનાદિમાં ભાવમાત્રના ભેદે કરીનેજ જે ફલનો ભેદ પ્રાપ્ત થાય છે તે સિદ્ધ થાય નહિ. માટે કર્મથી પુરૂષાકાર, અને પુરૂષાકારથી કર્મ, બન્ને અન્યોન્ય આશ્રિત છે. એકની પ્રબળતા વખતે બીજાની ગૌણતા, અને બીજાની પ્રબળતા વખતે પહેલાની ગૌણતા થાય છે.

જીવને છેલ્લા પુદ્ગલ પ્રાવર્તન કાળ જેટલો વખત મોક્ષ થવામાં બાકી હોય છે, ત્યારે પુરૂષાર્થથી દૈવનો બાધ થાય છે. કદાચિત્ વિપરિત પણ થાય છે, પણ તે કોઈક પ્રસંગેજ

આ પ્રકારે દૈવ અને પુરૂષાર્થનું ઉભય પ્રકારે વ્યવહાર નયાનુસાર તુલ્યત્વ અને પરસ્પરાશ્રયત્વ સિદ્ધ થયું. નિશ્ચય નયના અપેક્ષાએ તો તે પ્રત્યેક (દૈવ અને પુરૂષાકાર) પોત-પોતનું કાર્ય કરવાના સમયે પ્રધાન રૂપેજ છે. વ્યવહાર નયમાં તેમ નથી. તેમાં તો બન્નેની (પુરૂષાર્થ અને દૈવની) પરસ્પર સાપેક્ષતાજ છે. ચરમાવર્તને વિષે કર્મથી પણ પુરૂષાકારથી ભેદાય છે. તે વખતે કર્મનો અત્યંત બાધ થઈ પુરૂષાકારજ સર્વોપરિ વર્ત્તે છે. તે વખતે પ્રવૃત્તિ માત્ર શુદ્ધ થાય છે. કિલષ્ટ કર્મનો ક્ષય થવાથી સત્પ્રવૃત્તિનું બાધક કોઈ રહેતું નથી. ભાવ ભાવનો પ્રેરક છે. એટલે જે વૈરાગ્યાદિ ઉત્પન્ન થયેલા હોય છે, તે અન્ય શુભ ભાવને

પ્રેરે છે. તે તેનાથી આગળના અન્ય શુભ ભાવને ઉત્પન્ન કરે છે, એમ ઉત્તરોત્તર શુભોદય થતો રહે છે. તે પ્રસંગે ઉપદેશ તો માત્ર એક નિમિત્ત જેવો છે.

પુરૂષાર્થનો અભ્યાસ એ છે કે એની પુનઃ પુનઃ ભાવના કરવી. ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરી, પોતાના સાધ્યની ઉપરજ તેમને સ્થીર કરીને, તેની સ્થીતિની નિત્ય અભિવૃદ્ધિ થાય તેમ કરવું. આ આંતર પુરૂષાર્થ છે. પુરૂષાર્થનો યૌવનકાળ છેલ્લા આવર્ત્તમાંજ છે. તે વખતનો પુરૂષાર્થ સફળ અને સરળ બને છે.

અધ્યયન ૩ જું.

તત્વજ્ઞાન આત્મ તત્વ.

આત્મજ્ઞાન મોક્ષ આપનાર છે, માટે દરેક જીવોએ આત્મજ્ઞાનને માટે, નિરંતર પ્રયત્ન કરવો. આત્માને પૂર્ણ રીતે જાણ્યા પછી બીજું જાણવાનું બાકી કાંઇ રહેતું નથી. આત્માને ન જાણ્યો હોય તો તે સિવાયનું સર્વ જ્ઞાન નિરર્થક છે. નવ તત્વોનું જ્ઞાન પણ આત્માના નિર્ણયને માટે છે. અજીવાદિ આત્માના પ્રતિપક્ષી તત્વો છે, માટે તે પણ અવશ્ય જાણવા જોઇએ. એ પ્રકારનું જ્ઞાન થવાથી તેના વિરોધિ

તત્ત્વરૂપ પ્રકાશનું જ્ઞાન વિશેષ સ્પષ્ટતાથી સમજાય છે. કર્મની ક્ષયોપશમથી થતી નિર્મળતા વડે, અથવા જ્ઞાની ગુરૂની કૃપાં સદ્ઉપદેશ-વડે આત્માનું જ્ઞાન ઘણા પ્રયત્નશીલ જીવોમાંથી થોડાજ જીવો સમજી શકે છે. અને પ્રાપ્ત કરી શકે છે. દ્રવ્ય, ગુણ, અને પર્યાયવડે એકતા અને અનેકતા પૂર્વક આત્મજ્ઞાન સમજવાથી તે કલ્યાણકારી થાય છે. (આત્મદ્રવ્યમાં ગુણ અને પર્યાયોનો સમાવેશ કરી આત્મામાં તેનો અભેદ અનુભવવો તે એકતા જ્ઞાન કહેવાય છે, અને આત્માના વિવિધ ગુણો તથા પર્યાયોને જુદા જુદા સમજીને અનુભવવા તે અનેકતાજ્ઞાન છે. અથવા જાતિની અપેક્ષાએ અનંત જીવોને સમાવેશ આત્મતત્વનાં કરવો તે એકતાજ્ઞાન, અને વ્યક્તિની અપેક્ષાએ દરેક જીવોને જુદા જુદા અનુભવવા તે અનેકતાજ્ઞાન છે.)

આત્માના એકત્ત્વનું જ્ઞાન.

જ્ઞાન દર્શન, અને ચારિત્ર લક્ષણવાળો, સ્વભાવમાં રહેલો આત્મા એક કહેવાય છે: જેમ રત્નની પ્રભા, રત્નની નિર્મળતા, અને રત્નની શક્તિ એ રત્નથી ભિન્ન નથી, તેમ આત્માથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર લક્ષણો કાંઇ જુદાં નથી: વ્યવહારનય, આત્મા અને તેનાં લક્ષણો આમ ષષ્ઠિ વિભક્તિના શબ્દ પ્રયોગવડે ભિન્ન માને છે; પણ શુદ્ધ નિશ્ચયનય તેમ જુદાં માનતો નથી. તે નિશ્ચયનય આ પ્રમાણે દ્રષ્ટાંતથી સમ-

જાવે છે કે, 'ઘટનું રૂપ' આ ઠેકાણે ઘડો અને તેનું રૂપ એ તાત્ત્વિક રીતે કોઇ પણ વખત જુદું છેજ નહિ. જુદું કલ્પવા ધારે તો કાંતો ઘડો નહિ રહે અને કાંતો રૂપ નહિ રહે. મતલબ કે બન્નેમાંથી એકનુંજ અસ્તિત્વ રહેશે. આ ઘડા અને રૂપનો ભેદ કેવળ વિકલ્પથીજ છે, તેમ આત્મા અને તેના ગુણોનો ભેદ તાત્ત્વિક રીતે થતોજ નથી.

નિશ્ચય દૃષ્ટિવડે આત્માનું જે સ્વાભાવિક નિર્મળ સ્વરૂપ અનુભવાય છે પ્રત્યક્ષ કરાય છે, તેજ સ્વરૂપને વ્યવહારનય ભેદબુદ્ધિદ્વારે અનુભવાવે છે કે આ આત્માના ગુણો, અને આ ગુણી આત્મા છે. પણ વસ્તુગતે અવલોકન કરતાં જણાય છે કે, જ્ઞાનાદિ ગુણોનું સ્વરૂપ પોતાના આત્માથી જુદું છેજ નહિ. જો ગુણ અને ગુણીને જુદા માનીએ તો જ્ઞાનાદિ સંબંધ વિનાના મૃતદેહની માફક આત્મા જડ થઇ રહે, તેમજ જ્ઞાનાદિ પણ આત્મા વિના અચેતન થઇ રહે.

મહાસામાન્ય સંગ્રહનયની અપેક્ષાએ એકેંદ્રિયાદિ સર્વ આત્માઓ એકજ છે. જેમ મનુષ્ય જાતિની અપેક્ષાએ સર્વ મનુષ્યો કહેવાય છે, તેમ જીવ જાતિની અપેક્ષાએ સામાન્ય રીતે બધા જીવ એક કહેવાય છે; અર્થાત્ નિશ્ચયનયની દૃષ્ટિએ જીવત્વ જાતિની અપેક્ષાએ એક આત્મા કહેવાય છે. કર્મે કરેલો ભેદ, જેમકે જ્ઞાની અજ્ઞાની, સુખી દુઃખી, એ સર્વ આવરણ રૂપ છે, તાત્ત્વિક નથી, એમ નિશ્ચયનય કહે છે.

વ્યવહારનય કહે છે કે અનેક આત્માઓ છે-એકેંદ્રિય, બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય પાંચ ઇંદ્રિયવાળાં, તેમાં પણ સુક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, સંજ્ઞી, અસંજ્ઞી ઈત્યાદિ જીવોના ભેદો જુદા જુદા અનુભવાય છે. કોઈ જન્મે છે, કોઈ મરે છે, કોઈ બાળ, કોઈ યુવા, કોઈ વૃદ્ધ હોય છે. ગતિ જાતિ, વેદ ઇત્યાદિ મર્યાદાઓ અનુભવાતી હોવાથી આત્માનું પૃથક્ વિવિધપણું છે.

નિશ્ચયનય કહે છે કે આ જીવોનું વિવિધપણું યુક્તિ-પૂર્વક ઘટમાન થતું નથી. કેમકે તમે જે એકેંદ્રિ આદિ જાતિઓ, જન્મ મરણ, બાળ, વૃદ્ધાદિ જીવોની વિવિધતા બતાવી તે તો સર્વ નામકર્માદિ કર્મોની પ્રકૃતિ છે. તે નામ-કર્મના સ્વભાવથીજ પુદ્ગલોની વિવિધતા દેખાય છે. ગતિ, જાતિ એ સર્વ નામકર્મના પુદ્ગલોનોજ ખેલ છે. પણ તેમાં આત્માના શુદ્ધ સહજ સ્વરૂપને કાંઈ લેવા દેવાજ નથી. જન્મ થયો, મરવું, અજ્ઞાની, સુખી દુઃખી તે સર્વ જ્ઞાનાવરણાદિ કર્મનોજ વિકાર છે. જ્ઞાનાવરણીય કર્મને લઈ અજ્ઞાની બને છે. વેદનીય કર્મને લઇને દુઃખી કે સુખી થાય છે. આયુષ્ય કર્મને લઇ, અન્યગતિમાં જાય છે. મોહનીય કર્મને લઇ, કામી, ક્રોધી, લોભી, અભિમાની બને છે. આમ આ સર્વ પુદ્ગલોનોજ કરેલો વિકાર છે. કર્મનો કરેલો ભેદ તે અવિકારી આત્માને વિષે સંભવેજ નહિ. આ કર્મના કરેલા વિકારનું-વિપરીત સ્વભાવનું

આત્માના સ્વભાવ વિષે આરોપણ કરીનેજ વિશેષ જ્ઞાનથી ભ્રષ્ટ થયેલાઓ ભયંકર સંસારમાં ભ્રમણ કરે છે. આવા મનુષ્યો નિર્મળ સ્ફટિક રત્નને લાલ પુષ્પાદિની ઉપાધિ. વડગાડીને જેમ શુદ્ધ સ્ફટિકને પણ લાલરૂપે જુએ છે; તેમ નર, નારકાદિ કર્મના કરેલા ભેદનું આત્માને વિષે આરોપણ કરે છે. સ્ફટિકની ઉપાધિને જેમ અજ્ઞાની સ્વભાવભૂત માને છે તેમ કર્મ કૃત આ ઉપાધિને-નારકાદિ પર્યાયને-સ્વભાવભૂત, સમજે છે.

"કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે. કર્મ વિનાનાંને વ્યવહાર નથી. કર્મ જડરૂપ છે." આ મહાન્ પુરૂષોના પવિત્ર વચનને, આત્માને આ વિવિધ ઉપાધિવાળો માનનારાઓ લોપે છે; કેમકે આત્મા અને કર્મો એક સ્થળમાં સાથે રહે તોપણ આત્મા આત્મપણાના સ્વભાવનો ત્યાગ કરીને રૂપ, રસ, ગંધ, સ્પર્શ શબ્દાદિ કર્મના ગુણોયુક્ત બની જતો નથી. જેમ ધર્માસ્તિકાય, જીવ અને પુદ્ગલોના સ્પર્શ કરવા છતાં, એક ક્ષેત્રમાં સાથે રહેવા છતાં, કોઇપણ વખત સચેતન કે રૂપી થતો નથી, તેમ આત્મા કર્મઅણુઓની સાથે રહેવા છતાં પણ રૂપ, રસાદિપણે થતો નથી. જેમ તિમિર જાતના નેત્રના રોગવાળો મનુષ્ય એક ચંદ્ર હોવા છતાં બે ચંદ્ર દેખે છે, તેમ વસ્તુના સત્ય સ્વરૂપને ન સમજનાર ઉન્મત્ત જીવો આત્માને અનેકરૂપે જુવે છે. અર્થાત્ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકાદિ રૂપે જુવે છે. દેવ, મનુષ્યાદિ શરીરો ધારણ કરવા છતાં પણ સ્વરૂપનું અસ્તિત્વ,

બધા શરીરોમાં તેનું તેજ અનુભવાય છે, તેમ સ્વરૂપનું સદૃશપણું બધા આત્માઓમાં અવિરૂદ્ધપણે એકનું એકજ અનુભવાય છે. એટલે અનેક દેહો ધારણ કરવા છતાં આત્માના શુદ્ધ સ્વરૂપનું અસ્તિત્વ તે સર્વમાં રહેલું છે. તેમજ અનંત જીવોમાં પણ આત્મસ્વરૂપનું સરખાપણું એકજ પ્રકારનું અને એક સ્વરૂપે રહેલું છે. નિત્ય, અનિત્ય, એક, અનેક ઇત્યાદિ સદ્ અસદ્વાદનો વિસ્તાર કરનાર વ્યવહારનય છે, તે એટલી બધી ભંગજાળ વિસ્તારે છે કે શુદ્ધ સ્વરૂપ તેની અંદર ક્યાંય ગુંગળાઇ જાય છે પણ આ શુદ્ધનય તો સત્પુરૂષોનો સાચો મિત્ર છે, કે જે બધા આત્માઓમાં એક રસ-એકતા દેખાડે છે, અને બધી ભંગજાળ માત્રને તોડીને પુદ્‌ગલ કર્મોને સોંપી દે છે, કેમકે તે બધો વિકાર માત્ર તેમનોજ છે.

નિશ્ચયનયની સચોટ દ્રષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપ ઉપરજ રહે છે તેથી ઉત્પન્ન થઇને વિનાશ પામનાર-કાળક્રમે જુદા પડનારા-દેવ, મનુષ્યાદિ પર્યાયોની સાથે નિરંતર રહેવા છતાં પણ આત્મ દ્રવ્ય પોતાના ચૈતન્યપણાની એકતાનો કોઇ પણ વખતે ત્યાગ કરતું નથી. જેમ સોનું, કેયુર, કુંડલ, મુકુટ કડાંઆદિમાં રહે છે, એક ઘાટ ભાંગી બીજો બનાવે છે છતાં તેનું તેજ સોનું સર્વમાં કાયમ રહે છે, નાશ પામતું નથી, તેમજ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકાદિ અનેક ભવોમાં-પર્યાયોમાં-ફરવા છતાં પણ આત્મા તેનો તેજ પોતાના નિરંતર

નાદિસ્વરૂપે કાયમ રહે છે. આ સર્વ પર્યાયો ખરી રીતે કર્મ-જન્ય છે. આત્માના તે પર્યાયો નથી. કેમકે તે તો સર્વ સ્થળે શુદ્ધ અને સાક્ષીરૂપેજ રહે છે. કર્મજ ક્રિયાના સ્વભાવવાળું છે, ક્રિયા કરે જાય છે, આત્મા તો અમર સ્વભાવવાળો છે. દ્રષ્ટા સાક્ષી સ્વરૂપવાળો છે.

હવે પ્રશ્ન એ થશે કે, એકલા કર્મમાં પરમાણુઓ વડે આ ઉત્પત્તિ કેવી રીતે થઇ શકે? આ જન્મ, ગતિ આદિ સંસારની રચના કેવળ કર્મનાં પરમાણુઓના સ્વભાવથી પણ ન થઇ શકે, તેમ કેવળ જીવના સ્વભાવથી પણ ન બની શકે. જીવ કર્મ સિવાય ત્રીજી વસ્તુનો માનીજ નથી એટલે આ રચનાનું કારણ શું સમજવું? ઉત્તર એ છે કે જેમ ભીંતના ઉપર ખડી કે ચુના રૂપ ધોળા દ્રવ્યવડે કરાયેલું શ્વેતપણું દેખાય છે તે ભીંત અને ખડી પ્રમુખ દ્રવ્યના સંયોગથી થયેલું છે. ભીંત ચુનામાં પેઠી નથી કે ચુનો ભીંતમાં પેઠો નથી. તે બન્ને પોતાના સ્વરૂપમાં રહીને સંયોગ વડેજ શોભે છે, તેમ કર્મ અને આત્માના સંયોગ વડે આ જન્માદિ રૂપ સંસાર પ્રપંચ રહેલો છે. આ સંયોગ સિવાય કેવળ જુદા કર્મમાં કે કેવળ આત્મામાં આ પ્રપંચ નથી. જેમ સ્વપ્નામાં જોયેલા પદાર્થો જાગૃત થતાં દેખાતા નથી, તેમ આ વ્યવહારનયવાળાને પ્રમાણ ગણાતો આ જન્માદિ પ્રપંચ; નિશ્ચયનયવાળા, શુદ્ધ આત્માને વિષે જોઇ શકતા નથી. અર્થાત્ નિશ્ચયનયમાં આ વ્યવહારનો

કરાયેલો પ્રપંચ અનુભવાતો નથી. જેમ મધ્યાન્હ વખતે મૃગતૃષ્ણામાં-પાણીના ઝાંઝવામાં-પાણીનો પ્રવાહ દેખાય છે, તાત્ત્વિક રીતે ત્યાં પાણી નથીજ તેમ આ જીવ કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલી રચના, જીવ અને કર્મના યથાર્થ જ્ઞાનના આવરણને લીધેજ (અભાવેજ) દેખાય છે. આ સંયોગ વસ્તુરૂપ નથી. જેમ આકાશમાં ગંધર્વ નગરાદિનો આડંબર દેખાય છે, વાસ્તવિક રીતે ત્યાં નગરાદિ નથી, તેમ આ જીવ કર્મના સંયોગથી ઉત્પન્ન થતો સર્વ વિલાસ દેખાય છે, પણ તે આકૃતિઓ સર્વ જુદી છે, એ નિશ્ચયનયનો અભિપ્રાય છે. તે નિશ્ચયનય, અંશથી પણ, આત્માને બંધાયેલો કે રૂપી માનતો નથી. સ્થાનાંગ સૂત્રમાં "एगे आया" એમ જે કહેલું છે, ત્યાં પણ તેનો આજ આશય માનેલો છે. ઉત્પાદ વ્યયનો ત્યાગ કરીને, મૂળ પૂર્ણ વસ્તુને માનનાર શુદ્ધનય, આત્માને બંધ મુક્તતાથી રહિત જ્યોતિ સ્વરૂપ કહે છે.

વ્યવહારનય દેહની સાથે આત્માનું એકપણું માને છે. દેહવડે સુખદુઃખાદિ વેદના અનુભવાતિ હોવાથી, કોઈક અંશે કે અપેક્ષાએ આત્માને મૂર્તિમાન પણ તે માને છે. આ વાતનો નિશ્ચયનય ઇનકાર કરે છે, તે સહન પણ કરી શકતો નથી, અને કહે છે કે જેમ અગ્નિમાં એક અંશે પણ શીતળતા સંભવી શકતી નથી, તેમ અમૂર્ત આત્મા કોઈ અંશે પણ મૂર્તતા ધારણ નજ કરી શકે. જેમ અગ્નિમાં ઉષ્ણતા છે છતાં

અગ્નિના સંબંધથી ઘી ઉનું છે, એવો ભ્રમ મનુષ્યોને થાય છે, તેમ મૂર્તિમાન શરીરના સંબંધથી આત્મા મૂર્ત્ત છે એ માનવું પણ ભ્રમવાળુંજ છે. જે આત્માનો ધર્મ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આકૃતિ કે શબ્દવાળો નથી. તેને મૂર્તતાની આકૃતિ કેવી રીતે કહી શકાય ? અર્થાત્ નજ કહેવાય. જે આત્માનું રૂપ-કે આકાર દૃષ્ટિથી આવ નથી, વાણી જેને પોતાનો વિષય કરી શકિત નથી, અને મન તો જેની પાસે જઇ શકતું નથી, જેના નિરાકાર સ્વરૂપનો અનુભવ કેવળ સ્વપ્રકાશજ છે, આત્મજ્ઞાનજ આત્માને પ્રકાશી શકે છે, અનુભવી શકે છે. તેને મૂર્ત્ત કેવી રીતે કહેવો ? આત્મા સત્ચિત્ અને આનંદસ્વરૂપ છે. સૂક્ષ્મ-થી પણ સૂક્ષ્મ છે. પરથી પણ પર છે. તેને મૂર્ત્તપણું સ્પર્શ કરી શકેજ નહિ. સુખદુઃખના અનુભવ રૂપ વેદના કાંઇ આ-ત્માને મૂર્ત્ત પણાના નિમિત્તરૂપ નથી. જો મૂર્ત્ત પદાર્થનેજ વેદના થતી હોય તો મૂર્તિમાન પુદ્ગલોને તે વેદના થવી જોઇએ, તે થતી નથી. માટે વેદનાનું કારણ મૂર્ત્તતા નથી. પણ ચેતનના અશુદ્ધ ઉપયોગને લઇને સુખદુઃખાદિનો અનુભવ થાય છે. મતલબ કે આત્માની અશુદ્ધ શક્તિને લઇને વેદના ઉત્પન્ન થાય છે. આ આત્મા જેમ ઇંદ્રિયોદ્વારા પોતાની મેળે તે જ્ઞાને પરિણમે છે, તેજ પ્રકારે ઇષ્ટાનિષ્ટ વિષય પ્રાપ્તિ અનુસારે સુખદુઃખાદિ અનુભવ રૂપ વેદનામાં પોતાની મેળે પરિણમે છે. કર્મના પરિપાક કાળને પામીને આત્મા સુખ-

દુઃખાદિ વેદનાના પરિણામ ભોગવે છે, માટે મૂર્ત્તપણું એ નિમિત્ત માત્ર છે.

આજ વાતને સ્પષ્ટતાથી કહે છે કે પરિણમનની અપેક્ષાએ ચેતના ત્રણ પ્રકારની છે. જ્ઞાનચેતના ૧. કર્મ ચેતના ૨. કર્મફળ ચેતના ૩. જે શુદ્ધ જ્ઞાન સ્વાભાવે આત્મા પરિણમે છે તે જ્ઞાન ચેતના ૧. જે રાગદ્વેષાદિ કાર્યરૂપે પરિણમે છે તે કર્મ ચેતના ૨. અને જે સુખ દુઃખાદિના અનુભવવારૂપે પરિણમે છે તે કર્મફળ ચેતના. ૩. અહીં જે કર્મફળના અનુભવ રૂપે ઉપયોગનું પરિણમવું થાય છે. તે વેદના કહેવાય છે. પણ તેથી આત્માને કોઇ અંશે મૂર્ત્તપણું પ્રાપ્ત થાય તેમ નથી, અને ચૈતન્યનું અમૂર્ત્તત્વપણું કોઇ પણ ઉલ્લંઘન કરી શકે તેમ નથી. માટે મૂર્ત્તિમાન દેહની સાથે આત્માનું ઐક્યપણું કોઇ પણ વખત બનતું નથી.

આજ રીતે આત્માની નજીકમાં રહેલા મન, વચન અને શરીરાદિ પુદ્ગલોથી તેમજ આત્માથી દૂર રહેલા ધન, ગૃહાદિની પણ ભિન્નતા સમજી લેવી.

(૨) અજીવતત્ત્વ.

પુદ્ગલોનો ધર્મ યા ગુણ મૂર્ત્તિમાનતા છે, અને આત્માનો ધર્મ યા ગુણ જ્ઞાન છે, માટેજ પુદ્ગલોથી આત્મદ્રવ્ય ભિન્ન છે. ધર્માસ્તિકાયનો ગુણ જીવ પુદ્ગલોને ગતિમાં સહાય

આપવાનો છે, અને આત્માનો ગુણ જ્ઞાન રૂપ છે, માટે ધર્માસ્તિકાયથી આત્મદ્રવ્ય ભિન્ન છે. અધર્માસ્તિકાયનો ગુણ જીવ પુદ્ગલને સ્થિરતા આપવાનો છે, આત્મા જ્ઞાનગુણવાળો છે, માટે અધર્માસ્તિકાયથી આત્મદ્રવ્ય ભિન્ન છે. આકાશનો ગુણ જીવ પુદ્ગલોને અવકાશ આપવાનો છે, આત્માનો ગુણ જ્ઞાન છે, માટે આકાશાસ્તિકાયથી આત્મદ્રવ્ય ભિન્ન છે. કાળનો ગુણ વર્ત્તના છે, નવાં જુનાં કરવાનો છે, આત્મા જ્ઞાનગુણવાન છે, માટે કાળદ્રવ્યથી આત્મદ્રવ્ય ભિન્ન છે. એમ મહાન્ પ્રભુ જીનેશ્વરો કહે છે. આ પ્રમાણે અજીવોથી આત્મા જુદો સિદ્ધ થાય છે.

વ્યવહાર કહે છે કે મોટા ભાઈ! તમારૂં કહેવું ઠીક છે, પણ કોઇક અપેક્ષાએ હું આત્માને અજીવપણું પણ માનું છું તે સાંભળો. કેવળ નિજ સ્વરૂપ ભૂત ઉપાધિરહિત જે શુદ્ધ ભાવપ્રાણ તે વિનાના આ સર્વ સંસારી જીવો અજીવ રૂપ છે. કારણ કે આવા શુદ્ધ જીવન વિનાના જીવો જીવ તરિકે કેમ માની શકાય? ઇંદ્રિયો બલ, શ્વાસોશ્વાસ, અને આયુષ્ય આ સર્વ દ્રવ્ય પ્રાણો છે, તે સર્વે પુદ્ગલના આશ્રયવાળા પર્યાયો છે.

નિશ્ચયનય કહે છે કે મારા વ્હાલા નાના ભાઈ! તારી સમજણ ભૂલ ભરેલી છે. તેં જે દ્રવ્યપ્રાણો બતાવ્યા, તે તો આત્માથી ભિન્ન છે; એટલુંજ નહિં, પણ અત્યંત ભિન્ન છે; અને તેના વડે આત્માનું 'જીવન ટકે છે એમ

માને છેજ કોણ? આત્માના પ્રાણો તો જ્ઞાન, વીર્ય (અનંતશક્તિ) શાશ્વત આનંદ, અને શાશ્વતજીવન તેજ છે. તે ચારે ભાવપ્રાણો આ તારા દ્રવ્યપ્રાણમાં નથી. અને તે દ્રવ્યપ્રાણો એ આત્માનું જીવનજ નથી. પણ આ ભાવ પ્રાણ તેજ આત્માનું જીવન છે. આ અનંત જ્ઞાન, અનંત વીર્ય, અનંત આનંદ, અને શાશ્વત સ્થિતિ એ ચારે આત્માની સ્વભાવભૂત શાશ્વતિ શક્તિ છે તેના વડેજ સદા આત્મા અમર કહેવાય છે. આ મારી શુદ્ધ દ્રવ્યનયની સ્થિતિ છે.

(૩-૪) પુન્ય પાપ તત્ત્વ.

પુન્યપાપથી આત્મા જુદો છે. આત્મા પુન્ય નથી, તેમજ પાપરૂપ પણ નથી. આ બન્ને પુદ્ગલ રૂપે છે. આત્મા ચૈતન્ય સ્વભાવ છે. પુન્ય પાપ એ સારાં કે નઠારાં આ શરીરના ઉપાદાન (મૂલ) કારણરૂપે અંગિકાર કરાયેલાં પુદ્ગલો છે. પુન્યકર્મ શુભકર્મનાં પુદ્ગલો છે. પાપકર્મ તે અશુભકર્મનાં પુદ્ગલો છે. નિશ્ચયનય કહે છે કે જે કર્મ પ્રાણિઓને જન્મ, જન્માંતરમાં પાડે છે—નાખે છે—લઈ જાય છે, તેને શુભ કેમ કહી શકાય? લોઢાના બંધનમાં અને સોનાનાં બંધનમાં બન્ને સ્થળે પરતંત્રતા છે. જ્યાં પરાધિનતા સરખી છે ત્યાં ફેરનો ભેદ કેમ માની શકાય? આ પુન્ય અને પાપનું ફળ, સુખ અને દુઃખ છે. મતલબ કે એક સુખ આપે છે, બીજું દુઃખ આપે છે. આ [illegible] અને બંધનમાં નાખે

છે, પણ છોડાવનાર નથી, તો પછી પુન્યનું ફળ સુખ ત
કોઈ રીતે દુઃખથી જુદું પડી શકાતું નથી. કર્મના ઉદયથી
ઉત્પન્ન થયેલું હોવાથી, સર્વ પુન્યનું ફળ તે દુખજ છે.
આ જન્માદિ દુખ દૂર કરવા માટે તો ઉપાય કરવાનો છે,
તેમાં જન્માદિ આપનાર પુન્યમાં અજ્ઞાની મનુષ્યોનેજ સુખ-
પણાની ભ્રાંતિ હોય છે.

પુન્યથી ઉત્પન્ન થતું સુખ તે દુઃખજ છે, કેમકે
તે પુન્યના ઉદયથી કર્મનાં વિવિધ ફળો પરિણમે છે.
કર્તવ્યતામાં વારંવાર વ્યાકુળતા આ વિહ્વળતા તે ઉત્પન્ન
કરતું હોવાથી વિવિધ તાપ આપનાર છે. અમુક સુખાદિની
ટેવના એવા સંસ્કારો પડે છે કે વારંવાર તે તે જાતની
ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે, અને તેઓ છેવટે આત્માના
ગુણોમાં આવરણ રૂપ હોવાથી મોટો વિરોધ ઉત્પન્ન કરે
છે અર્થાત્ આત્મા સ્વસ્વરૂપના અનુભવથી દૂર દૂર થતો જાય
છે, માટે તે પરમાર્થ દ્રષ્ટિએ પુન્ય પણ સુખરૂપ નથી.
આ પુન્ય, મનુષ્યો અને દેવેન્દ્રોને પણ, દેહની પુષ્ટિ આપ-
નારૂં છે, અર્થાત્ કર્મના સંસ્કારોને વધારનારૂં છે, અને તેથીજ
મહાન બકરાના પોષણની માફક તેનું પરિણામ ઘણુંજ
દારૂણ અને વિપરિત આવે છે. જેમ કોઈ માંસઆહારી મનુષ્ય
પોતાને ઘેર બકરાને ખવરાવી પીવરાવીને પુષ્ટ કરે છે. આ
ચાલુ પુષ્ટતા તે બકરાનું અહિત કરનારી છે. કોઈ પ્રસંગે

તેની પુષ્ટતા તેનો નાશ કરાવે છે તેવા પ્રસંગે તે બકરાને મારી તે માંસઆહારી તેનું ભક્ષણ કરે છે, તેમ આ પુન્યથી ઉત્પન્ન થતું સુખ પણ કોઈ પ્રસંગે આત્મ-પ્રાણનો નાશ કરાવનાર નીવડે છે. જળો જેમ મેલું-દુષિત-લોહી પીતાં સુખ માને છે, પણ જ્યારે તેને નીચોવવામાં આવે છે ત્યારે મરણાંત કષ્ટ અનુભવે છે, તેમ પુન્યોદયથી વિવિધ પ્રકારના વિષયો આ જીવ ભોગવે છે, પણ છેવટે તેના પરિણામ તરિકે મહાન્ દારૂણ દશા અનુભવે છે. આ જીંદગીમાં કાશ, શ્વાસ, ભગંદર. અને ક્ષયાદિ વિવિધ અસહ્ય દુઃખનો જીવ અનુભવ કરે છે. વળી તે વિષયો પ્રત્યે નિરંતર તીવ્ર ઇચ્છા બની રહે છે. જેમ પ્રચંડ અગ્નિથી તપાવેલું લોઢું, પાણીમાં બોળવાથી, સહેજ શાંત-ઠંડુ-થાય, તેટલામાં ફરી અગ્નિમાં નાંખવામાં આવે અને પાણી સુકાઇ જાય, તેમ આ શાંતિ તે શાંતિ નથી, વિષય પ્રાપ્તિથી થતી ઇચ્છાની તૃપ્તિ તે તૃપ્તિ નથી, પણ તે શાંતિ સહજ વારમાં ઉડી જાય છે, અને ઇંદ્રિયો રૂપી લોઢું તો કાયમ તપેલુંજ રહે છે. પ્રથમ ભોગકાળે દેહાદિ ખેદ વડે, અને પછી વિપાક કાળે ગત્યંતરમાં પ્રાપ્ત થતા દુઃખવડે, ઇંદ્રિયો તાપથી વ્યાકુળજ રહે છે. પણ કોઠીઆના સંપુટમાં રહેલી ઔષધિની માફક જરા વાર પણ ઉપરથી કે નીચેથી શાંતિ મળતીજ નથી. વળી [illegible] વિરોધી તરફ પણ નિરંતર

અપ્રિતિ, દ્વેષ, ઇર્ષા, વગેરે રહ્યા કરે છે. સુખ અનુભવ કરવાના વખતે પણ મન સંતાપથી તપેલુંજ રહે છે. એક ખભા ઉપરથી બીજા ખભા ઉપર ભાર આરોપવાની-ઉપાડવાની-માફક તત્વથી ઇંદ્રિયોને આલ્હાદ આપનાર સુખમાંથી દુ:ખનો સંસ્કાર નિવૃત થતોજ નથી. સુખ દુ:ખ અને મોહ એ ત્રણે સત્વ, રજસ અને તમો ગુણની વૃત્તિઓ છે. જુઓ કે તે ત્રણે એક બીજાથી વિરૂદ્ધ છે, તથાપિ તે ત્રણે દુ:ખનીજ પેટા જાતિ છે. તેનાથી ઉત્પન્ન થતા વિવિધ પ્રકારના ભોગોનો વિલાસ, કોપાયમાન થયેલા ફણીધરના મુખમાં હાથ નાખવાની માફક વિવેકી મનુષ્યોને ભયના કારણ રૂપ છે. આ પ્રમાણે વિચાર કરતાં સમજી શકાય છે કે, પુન્ય અને પાપ બન્નેનાં ફળો સરખાંજ છે. જે મોહથી વિહ્વળ થયેલો અજ્ઞાની મનુષ્ય બન્નેને સરખાં ન માનતાં પુન્યથી ઉત્પન્ન થતા વિષય સુખ તરફ તત્વ દષ્ટિથી પ્રવૃત્તિ કરે છે તે આ સંસાર સમુદ્રનો પાર પામી શકતો નથી. શુદ્ધ નિશ્ચયનયે કેવળ દુ:ખરૂપ પુન્ય પાપથી, સત્-ચિત્-આનંદમય આત્મા સદા ભિન્ન છે.

નિદ્રાદશામાં અહંકાર વિનાનું ભાન રહે છે. નિદ્રાનો પણ સાક્ષી આત્મા ત્યાં જાગૃત હોય છે. સ્વપ્ન દશામાં, સ્વપ્ન દશા તરિકે આત્માનું અસ્તિત્વ છે. જાગૃત દશામાં તો ઇંદ્રિયો તથા મન દ્વારા વિવિધ સુખની જે વૃત્તિઓ ...

દૃષ્ટા તો આત્મા છેજ, એટલે આત્માનું ચિદાનંદમય સ્વરૂપ સામાન્ય રીતે સર્વ દશામાં અનુગત રહેલું છે. છતાં વાદળાં દૂર થવાથી, જેમ સૂર્યનો પ્રકાશ શોભે છે, તેમ ચોથી ઉજાગર દશામાં આવરણો બધાં દૂર થવાથી આત્માનું ખરૂં સ્વરૂપ સર્વ પદાર્થને પ્રત્યક્ષ પ્રકાશનારૂં પ્રગટ થાય છે. તેમ છતાં આ નિદ્રાદિ દશાઓ આત્માને પરાભવ કરી શકિત નથી, કેમકે આ દશાઓમાં પણ ચેતન જાતિમાત્રપણામાં તો ટકીજ રહે છે.

શુદ્ધ નિશ્ચયનયે આત્મા ચિદાનંદમય ભાવનો ભોક્તા છે. એટલે વ્યવહાર નયના અભિપ્રાયે તો વસ્ત્ર આભરણ, સ્ત્રી, ભોજન, પુષ્પાદિ સર્વનો ભોક્તા છે.

પુદ્ગલ આશ્રિત ભાવોમાં કર્તા ભોક્તાપણાના અભિમા નથી અજ્ઞાની જીવ કર્મ વડે બધાય છે. જ્ઞાની કર્તા ભોક્તાપણાના અભિમાન રહિત હોવાથી લેપાતો નથી. આત્મા, પુન્ય પાપ રૂપ કર્મનો પણ કર્તા નથી, ઇષ્ટાનિષ્ટ વસ્તુને વિષે રાગ દ્વેષના પરિણામનો કર્તા થાય છે. જે પ્રસંગે આત્મા જડ ચેતન પદાર્થને વિષે તે તે પ્રકારના કાર્યના વિકલ્પથી રાગ ભાવ કે દ્વેષ ભાવને પામે છે, તે પ્રસંગે મોહથી આત્માને વિષે કર્મ બંધન કરે છે. જેમ લોઢું પોતાની ક્રિયા (આકર્ષવાની તે) વડે લોહચુંબક પાષણ તરફ ખેંચાઈ આવે છે, તેમ વિવિધ પ્રકારનું કર્મ રાગદ્વેષના પરિણામવાળા આત્મા તરફ ખેંચાઈ આવે છે. જેમ તે [illegible] વડે ખરડાયેલા મનુષ્યનું શરી

ધુળવડે ખરડાય છે, તેમ રાગદ્વેષથી વ્યાપ્ત જીવને કર્મબંધ થાય છે, અને તે પોતાને વિષે રાગદ્વેષના પરિણામને ઉત્પન્ન કરતો રહે છે. તે રાગદ્વેષના પરિણામના નિમિત્તે જે પૂર્વના કર્મો પરિણમ્યાં તે કર્મના ઉપાદાન કારણરૂપ કર્મને વિષે નવીન કર્મ ગ્રહણ કરવાનું કર્તાપણું છે, અને રાગાદિ કર્તાપણે પ્રવૃત્તિ કરે છે. આ અને કર્મની મદદથી આત્મા બંધાય છે. જેમ મેઘમાળા જળની વૃષ્ટિ કરે છે, છતાં વ્યવહારમાં ધાન્ય વર્ષે છે એમ કહેવાય છે, તેમ આત્મા ભાવ કર્મને ઉત્પન્ન કરે છે, છતાં વ્યવહારમાં આરોપણથી પુદ્‌ગલ કર્મ કરે છે એમ કહેવાય છે.

વટેમાર્ગુ જેમ રસ્તે લુંટાય છે છતાં માર્ગ લુંટાય એમ લોકો કહે છે, તેમ મૂર્ખ લોકો પુદ્‌ગલ કર્મમા રહેલી વિક્રિયાનું આત્માને વિષે આરોપણ કરે છે. કાળી કે લાલ ઉપાધિ વડે સ્ફટિક જેમ લાલ કે કાળો દેખાય છે પણ તે શુદ્ધ સ્ફટિક લાલ કે કાળો થતો નથી, તેમ પુન્ય પાપના પુદ્‌ગલના સંસર્ગથી આત્મા રાગી કે દ્વેષી દેખાય છે પણ તાત્ત્વિક રીતે અશુદ્ધ થતો નથી.

આ બધી વિવિધ રૂપો ધારણ કરવાની નટકળા ત્યાં સુધીજ છે કે જ્યાં સુધી વિવિધ પ્રકારની રાગદ્વેષવાળી કલ્પનાઓ છે, પણ જે કલ્પનાતીત આત્માનું સ્વરૂપ છે તે તો કલ્પના રહિત થાય તેજ જોઇ અનુભવી શકે છે. કલ્પનાથી

મોહ પામેલો જીવ ધોળું કાળું જોયા કરે છે. રાગાદિવાળી કલ્પના નાશ પામતાંજ રૂપાતીત વસ્તુ અનુભવાય છે.

પરમાત્માનું, ધ્યાન સ્મૃતિ કે ભક્તિ, આંજ છે કે પુન્ય પાપ રહિત પરમાત્માના સ્વરૂપનું હૃદયમાં ચિંતન કરવું. પરમાત્માનાં શરીર, રૂપ, લાવણ્યતા અને ત્રિગડો ગઢ, છત્ર ધ્વજાદિના વર્ણન કરવા વડે વાસ્તવિક પ્રભુની વર્ણના થતી નથી. વીતરાગ દેવનાં શરીરાદિની સ્તુતિ કરવી તે વ્યવહાર સ્તુતિ છે. જ્ઞાનાદિ ગુણોની સ્તુતિ કરવી તે નિશ્ચય સ્તુતિ છે. નગર આદિના વર્ણન કરવાથી રાજાની સ્તુતિ ઉપચારથી મનાય છે. પણ રાજાના શૌર્ય, ગાંભીર્ય, ધૈર્યાદિ ગુણોનું વર્ણન કરવાથી તાત્વિક સ્તુતિ કહેવાય છે. મુખ્ય અને ઉપચાર ધર્મનો વિભાગ કર્યા શિવાય સ્તુતિ કરવી, તે કુકવિતાની માફક ચિત્ત પ્રસન્નતા માટે યોગ્ય નથી, જેમ તિક્ષ્ણ ખડ્ગની ધારા, પ્રમાદવડે હાથમાં પકડવાથી અનર્થ કરે છે તેમ મુખ્ય ઉપચાર ધર્મના વિભાગ કર્યા કે જાણ્યા વિના કરાતી સ્તુતિ અભિનિવેશ કદાગ્રહ વડે-અનર્થકારક થાય છે.

વાસ્તવિક રીતે પુન્ય પાપ રહિત નિર્વિકલ્પ સ્વરૂપવાળા શુદ્ધ પ્રભુનું નિરંતર ધ્યાન કરવુ તે શુદ્ધ નયની સ્થિતિ અને કર્તવ્યતા છે.

આશ્રવ સંવર.

આશ્રવ અને સંવર તે પણ આત્મા નથી, કારણ આત્મા વિજ્ઞાન સ્વરૂપ છે, અને કર્મ પુદ્ગલોનું આવવું તેને આશ્રવ કહે છે, તથા કર્મ પુદ્ગલને આવતાં અટકાવવાં તે સવર છે, આત્મા જે પરિણામો વડે, પરની પ્રેરણા, વિના કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે તે પરિણામો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મનાદિયોગો આંતર આશ્રવો છે. જીવના પરિણામ ભૂત ભાવો આચાર રૂપે પરિણમેલા હોય છે. પરિણામોને આત્મ ધર્મ માનેલો છે. વિપરીત દ્રષ્ટિ તે મિથ્યાત્વ ૧ અવિરતિ એટલે પ્રવૃત્તિ-ઇચ્છાનો અનિરોધ ૨ કષાય ક્રોધાદિ પરિણામ ૩ યોગ, મન, વચન, કાયાનો વ્યાપાર ૪.

આશ્રવનો નાશ કરનાર-અટકાવનાર "બાર ભાવના, દશ પ્રકારે યતિધર્મ સામાયિકાદિ પાંચ ચારિત્ર, ક્ષુધાદિ બાવીશ પરીષહનો જય ". તે આત્માના ધર્મો ભાવસંવર છે. આવા પરિણામો થવા તે આશ્રવને રોકનારા આત્મ પરિણામો છે. આશ્રવ તે સંવર થતો નથી, અને સંવર તે આશ્રવ થતો નથી. એક ભવબંધનું કારણ છે. બીજો મોક્ષનું કારણ છે. આત્માજ ભવ અને મોક્ષનું કારણ છે આત્મા પોતે ભિન્ન જાતિનાં પોતાના પરિણામો વડે શુભાશુભ કર્મગ્રહણ રે છે. તેમજ તેનાથી જુદા જુદા આશય વડે આવતાં કર્મને

અટકાવવા રૂપ સંવર કરે છે. આ બન્ને સ્થળે પુદ્ગલોની સહાયની અપેક્ષા આત્મા કરતો નથી. કેમકે આત્મા નિરંતર સ્વભાવથીજ પોતાના વ્યાપારમાં સ્વતંત્ર સમર્થ છે.

શું બાહ્ય ક્રિયા ત્યારે નિષ્ફળ છે? આ શંકાનો ઉત્તર

નીચે પ્રમાણે—

હિંસા અને અહિંસાદિ સર્વે, ભાવ આશ્રવ અને ભાવ સંવરના પરિણામ ઉત્પન્ન કરવામાં કેવળ નિમિત્ત માત્ર છે, પણ તે આશ્રવ કરનાર કે રોકનાર નથી. કેમકે તે પર-પદાર્થના પર્યાય છે તેથી પોતાના આત્મામાં તે બંધ મોક્ષ કરતા નથી. વ્યવહારમાં મુઝાઈ ગયેલ મનુષ્ય તે હિંસા અહિંસાદિકને હેતુ રૂપ માને છે, કેમકે તેનું અંતઃ-કરણ બાહ્ય ક્રિયાઓમાં આસક્ત છે અને તેથીજ ગુપ્ત તત્ત્વને તે દેખતો નથી. હિંસાદિક પર પર્યાયો ભવ અને મોક્ષમાં કારણ ભાવે સ્વીકારી શકાય તેમ નથી, કેમકે હિંસા કરવાથી આશ્રવજ થાય અને અહિંસા કરવાથી સંવરજ થાય તેવો ચોકશ નિયમ તેને લાગુ પડતો નથી. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે જેટલા કર્મને આવવાના પરિણામો કહેલા છે, તેટલાજ કર્મને રોકવાના પરિણામો કહેલા છે. માટેજ હિંસાદિક બાહ્ય હેતુને વિષે આશ્રવ સંવરનું કારણ-પણું અનિયમિત છે. ભાવના વિચિત્રપણાને લીધે ...

સંવરના કાર્ય રૂપે ફળમાં ભેદ કહે છે, પણ પરમાર્થથી વિચાર કરતાં સંસાર અને મોક્ષના કારણ રૂપ આશ્રવ અને સંવરમાં શુભ ફલના ભેદે કરી વિપરિત નિશ્ચય કરવો યોગ્ય નથી. આશ્રવમાં મોક્ષ ફળનું ભાન થવું તે અજ્ઞાન દશાજ છે. જ્ઞાનીઓ તેમાં મોહ પામતા નથી. આજ રીતે મોક્ષના સાધનભૂત સમ્યગ્ દર્શનને તીર્થંકર નામના હેતુરૂપ તથા ચૌદ પૂર્વધર સંબંધી સંયમને આહારક શરીરના કારણ રૂપ વર્ણન કરે છે. તેમજ વીતરાગ સંયમ પહેલાંના તપ સંયમને સ્વર્ગના હેતુરૂપ કહેવામાં આવે છે, તે પણ અગ્નિ બળે છે છતાં ઘી બળે છે એ કહેવતની માફક ઉપચારથી કહેવું તે ઠીક છે. પણ ખરી રીતે તો તે મોક્ષનાં કારણો છે.

નિશ્ચયથી આશ્રવ સંવર કોને કહેછે ?

જે પવૃત્તિ રૂપ પરિણામ વડે આત્માને કર્મની સાથે સંબંધ થાય છે તે અંશે આત્માજ બંધનું કારણ છે અને જે નિવૃત્તિ રૂપ પરિણામ વડે ઉપયોગ-સ્વરૂપ અનુયાયિ બોધ આત્માને હોય છે તે અંશે-તે પરિણામે-આત્માજ સંવર કર્મનો નિરોધ કરનાર મનાય છે. જે અંશે આત્મા પરિણામ વડે આશ્રવ ભાવમાં અને સંવર ભાવમાં વિશ્રાંતિ કરે છે; તે અંશે એક આરિસાના નિર્મળ અને મલીન એમ આગળના અને પાછળના બે ભાગનું માફક સ્વચ્છ અને મલીનતારૂપ ભાગથી નિરંતર રે

છે. કર્મને તપાવનાર જ્ઞાન એજ તપ છે તેને જે જાણતો નથી તે હણાયેલા અંતઃકરણવાળો (મલીન અંતઃકરણવાળો) એકલા બાહ્ય તપવડે વિસ્તારવાળી નિર્જરા કેવી રીતે પામી શકશે ? નહિજ પામે. અજ્ઞાની મનુષ્ય ક્રોડ જન્મપર્યંત તપસ્યા કરવા વડે જે કર્મનો અંત (નાશ) કરે છે. તેટલા કર્મનો અંત જ્ઞાનપૂર્વક અથવા જ્ઞાનરૂપી તપ કરવાવાળો એક ક્ષણમાત્રમાં કરી શકે છે.

જ્ઞાનયોગ એજ શુદ્ધ તપ છે એમ તીર્થંકરો કહે છે. તે જ્ઞાનયોગરૂપ તપવડેજ નિકાચિત એવાં કર્મોનો પણ ક્ષય થઇ શકે તે યોગ્ય છે અથવા સંભવે છે. કારણકે અજ્ઞાન યોગરૂપ તપમાં અપૂર્વકરણ તથા શુદ્ધશ્રેણિની પ્રાપ્તિ થાય છે. અને તે શ્રેણિમાં સંચિત કર્મસંગ્રહનો ક્ષય થાય છે. માટેજ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ તપજ ભાવનિર્જરા છે. જો શુદ્ધ નિશ્ચયનયથી વિચાર કરીએ તોતો આત્મા નિરંતર શુદ્ધજ છે, તેને આ દ્રવ્ય કે ભાવનિર્જરા કોઇ પણ રીતે હોયજ નહિં.

(૮) દ્રવ્યભાવ બંધ.

કર્મ અને આત્માનો મેળાપ, અથવા સંયોગ તે બંધ કહેવાય છે. દ્રવ્યથી તે બંધ ચાર પ્રકારે છે. બંધના હેતુભૂત અધ્યવસાયવાળો આત્મા તે ભાવબંધ કહેલો છે.

જેમ સર્પ પોતાના શરીરવડે પોતાને વિંટે છે તેમ

આત્મા તે તે અધ્યવસાયવડે પરિણમીને પોતાવડે પોતાને બાંધે છે. જેમ રેશમનો કીડો પોતાના તંતુ વડે પોતાને બાંધે છે. તેમ પોતાના પરિણામવડે આત્મા પોતાને બાંધે છે.

કોઇ શંકા કરે કે અપરાધી જીવોને ઇશ્વર કર્મથી બાંધે છે. ? તો પૂછવાનું કે તેને બાંધનાર કોણ ? એમ વિચાર કરતાં અનવસ્થા દોષ આવે છે. વળી નહિં બંધાયેલો ઇશ્વરને માનતાં તે પ્રવૃત્તિ કરી શકેજ નહિં. કારણકે અજ્ઞાનમાં પ્રવૃત્તિ કરાવવાની પ્રેરણા જ્ઞાની ઇશ્વરને સંભવેજ નહિં. જ્ઞાની ઇશ્વર બધાને જ્ઞાનવાળીજ પ્રેરણા કરે, અને તેમ જગતમાં સર્વત્ર અનુભવાતું નથી. ત્યારે જીવને કોણ કર્મ-બંધનાદિ પ્રવૃત્તિમાં પ્રેરણા કરે છે ? ઉત્તર એ છે કે, જીવોમાં એવા સ્વભાવવાળાં બીજો રહેલાં છે તેની પ્રેરણા વડે પરિણામાનુસાર પુન્ય કે પાપ બાંધવામાં જીવ પ્રવૃત્તિ કરે છે.

શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએતો આત્મા બંધાયેલો નથી. પણ રજ્જુમાં સર્પની બુદ્ધિ થતાં જેમ ભય, કંપાદિ સ્વાભાવિક થાય છે તેમ બંધાયેલાની શંકાવડેજ જીવ બંધનને લાયક પ્રવૃત્તિ કરે છે. પછી જેમ રોગની સ્થિતિ અનુસારે રોગીની પ્રવૃત્તિ થાય છે તેમ ભવસ્થિતિ અનુસારે બંધનું પણ વર્ણન કરાય છે.

આ દઢ અજ્ઞ [illegible] શંકા દૂર કરવા માટે અજ્ઞાન

દશાથી વિરકત થયેલાઓ અધ્યાત્મ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા કરે છે. પણ આ અધ્યાત્મ શાસ્ત્ર શાખાચંદ્ર ન્યાયે (બીજાનો ચંદ્ર બતાવવા અર્થે કોઇ એમ કહે કે આ ઝાડની શાખામાં ચંદ્ર દેખાય તે) ફકત દિશા બતાવનાર છે. અપરોક્ષ સ્થિતિવાળું શાસ્ત્ર પ્રત્યક્ષ વિષયવાળી શંકા દૂર કરી શકતું નથી. શંખ ધોળો છે એ પોતાનો અનુભવ છે છતાં, કમળા પ્રમુખના રોગથી જેમ શંખ પીળો છે એવી બુદ્ધિ થાય છે તેમ આત્મા સદા કર્મથી મુક્ત છે એમ શાસ્ત્રથી જ્ઞાન થવા છતાં પણ, પૂર્વના મિથ્યા બુદ્ધિવાળા સંસ્કારથી આત્મામાં બંધાવાપણાની બુદ્ધિ થાય છે. જે મનુષ્યો તત્ત્વને સાંભળીને, તેમ માનીને અને વારંવાર તેનું સ્મરણ મનન નિદિધ્યાસન કરીને સાક્ષાત્ નિર્બંધ આત્માનો અનુભવ કરે છે તેમને આત્મામાં બંધાવાપણાની બુદ્ધિ રહેતી નથી, પણ તેઓમાં કર્મબંધ વિનાનો આત્મા પ્રગટ પ્રકાશે છે યા અનુભવાય છે.

(૯) દ્રવ્ય, ભાવ, મોક્ષતત્ત્વ.

કર્મદ્રવ્યનો આત્મપ્રદેશથી સર્વથા ક્ષય તે દ્રવ્ય મોક્ષ. તે આત્માનું લક્ષણ નથી. કર્મદ્રવ્યોના ક્ષયમાં હેતુ ભૂત જ્ઞાન દર્શન, ચારિત્ર રૂપ ત્રણ રત્ન યુક્ત આત્મા તે ભાવ મોક્ષ છે. જ્ઞાન, દર્શન ચારિત્રની સાથે જ્યારે આત્મા એકતાને પામે ત્યારે કોપાયમાન થયેલાની માફક કર્મો આત્માથી તરતજ

જુદાં થઇ જાય છે. માટે આ ત્રણ રત્નોજ મોક્ષ છે. તેના અભાવે આ ત્યાગીપણાના લિંગો (વેષો) વડે કે ગૃહસ્થપણાના વેષો વડે કાંઇપણ કૃતાર્થતા નથી. મતલબકે જ્ઞાનાદિ ત્રણ રત્ન વિના કેવળ વેષ નિરૂપયોગી છે. જેઓ કેવળ ત્યાગીપણાના કે ગૃહસ્થપણાના લિંગમાં (વેષમાં) જ આસકત છે, તે બાળ બુદ્ધિવાળાઓ સિદ્ધાંતનું રહસ્ય જાણતા નથી. જેઓ ભાવલિંગમાં આસકત છે તે સર્વ સાર ભૂત તત્ત્વના જાણવાવાળા છે. તે ગૃહસ્થ હો કે ત્યાગી હો તો પણ પાપ મળને દૂર કરીને સિદ્ધતા પામે છે. ભાવલિંગ (જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ) જ મોક્ષનું અંગ છે, દ્રવ્યલિંગ કારણ રૂપ પણ નથી, કેમકે દ્રવ્યલિંગ, એકાંતિક કે આત્યંતિક, કોઇ પણ રીતે મોક્ષમાં ઉપયોગી નથી. અશુદ્ધ નયની અપેક્ષાએ આત્મા બંધાયેલો અને મુક્ત થયેલો એવી વ્યવસ્થા છે પણ શુદ્ધ નયથી તો આ આત્મા બંધાતો નથી કે મુક્ત થતો નથી.

આ પ્રમાણે અન્વય વ્યતિરેક હેતુવડે નવેતત્ત્વોથી બુદ્ધિમાનોએ આત્મતત્ત્વનો નિશ્ચય કરવો.

આ આત્મતત્ત્વ નિશ્ચય તે પરમઅધ્યાત્મ છે. આજ અમૃત છે. આજ પરમજ્ઞાન છે. અને આજ ઉત્તમ યોગ કહેલો છે. સૂક્ષ્મ નયોને આશ્રીને રહેલું ગૂઢ અને અતિશય ગુપ્ત આ તત્ત્વ છે; સ્વલ્પ બુદ્ધિવાળાને તે ન [illegible]પવું કેમકે તેઓ આ તત્ત્વજ્ઞા-

નના રહસ્યને વગોવશે. અલ્પ બુદ્ધિવાળા મનુષ્યોને આ તત્ત્વજ્ઞાન હિતકારી નથી. નિર્બળ અને ક્ષુધાથી પીડાયેલાને ચક્રવર્તિનું ભોજન જેમ હિતકારી નથી તેમ આ તત્ત્વજ્ઞાન નિર્બુદ્ધિને હિતાવહ નથી. જ્ઞાનના એક અંશવડે પંડિતપણાના અભિમાનીઓને આ તત્ત્વ અનર્થકારી છે. જેમ અશુદ્ધ મંત્ર પાઠવાળો ફણીધરના માથા ઉપરનું રત્ન લેવા જતાં અનર્થને પામે છે તેમ તે અનર્થ પામશે. જે વ્યવહારમાં નિપુણ થયા સિવાય નિશ્ચયની ઇચ્છા કરે છે તે એક નાનું સરખું તળાવ તરવામાં અશક્ત મનુષ્ય સમુદ્ર તરવાને ઇચ્છે તેવું છે, પણ તે સમુદ્ર તરવાને કેમ સમર્થ થઇ શકશે ? માટે વ્યવહારનો આશ્રય કરીને પછી શુદ્ધ નયનો આશ્રય કરવો. છેવટે આત્મજ્ઞાનમાં રક્ત થઇને પ્રરમ સંયમ દશાનો સામ્યયોગનોઆશ્રય કરવો.

અધ્યયન ૪ થું.

યોગઆરાધનની પહેલી ભૂમિકા

અથવા

ભૂમિકા શુદ્ધિની શરૂઆત.

(પૂર્વસેવા.)

पूर्वसेवा तु तन्त्रज्ञैर्गुरुदेवादि पूजनम्
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेह प्रकीर्तिता. १

શાસ્ત્રના જાણકારોએ, યોગમાર્ગની વિચારણામાં, યોગરૂપ મહેલની પ્રથમ ભૂમિકા રૂપે ગુરૂદેવઆદિનું પૂજન ૧, સદાચાર ૨, તપ ૩, અને મુક્તિમાં અદ્વેષ ૪, એ ચાર ને પૂર્વસેવા (પ્રથમ કરવાના કાર્ય) તરિકે કથન કરેલ છે.

ગુરૂ વર્ગ.

માતા, પિતા, કળાચાર્ય, માતા પિતાદિના સંબંધી, અને ધર્મોપદેશક એઓને ગુરૂ કહે છે.

ગુરૂવર્ગનું પૂજન. ૧

આ ગુરૂવર્ગનું પૂજન તે, તેમને ત્રણ કાળ (સવાર, બપોર અને સાંજ) નમસ્કાર કરવા રૂપ સમજવું. ગુરૂવર્ગને ત્રણ કાળ નમસ્કાર કરવો. સાક્ષાત્ નમસ્કાર કરવાનો પ્રસંગ દૂર આદિના કારણે ન બને તો, તેમની દૃશ્ય મૂર્તિને અથવા તે ન હોય તો, તેમને મનમાં આરોપણ કરીને પણ નમસ્કાર કરવો. તેઓ આવતા હોય તો ઉભા થઇ જવું, આસન આપવું. પાસે ઉભા રહેવું. અને બીજી જરૂરીયાત જેવી સેવા-વિનય કરવો. અપવિત્ર સ્થાને તેમના નામનો ઉચ્ચાર ન કરવો. અને પ્રતિપક્ષીઓ તરફથી બોલાતા તેમના અવર્ણવાદ ન સાંભળવા. શક્તિ હોય તો, તેમને બોલતા બંધ કરવા. શક્તિના અભાવે તેવા સ્થળેથી પોતે દૂર ખસી જવું. પોતાની શક્તિ અનુસારે ઉત્તમ વસ્ત્ર, અલંકાર અને ભોજનાદિ તેમને આપવાં. પરલોકમા હિતકારી દેવ, ગુરૂ, અતિથિ દીન અને અનાથાદિની સેવાવાળાં તથા તેમને મદદ આપવાવાળાં કાર્યો નિરંતર તેમની પાસે કરાવવાં.

તેઓને જે સંમત ન હોય તેવા વ્યવહારનો ત્યાગ કરાવવો. તેમને ઈષ્ટ હોય તેવા વ્યવહારમાં પ્રવૃત્તિ કરાવવી.

આ ત્યાગ અને પ્રવૃત્તિ ઉચિતતા પૂર્વક કરાવવી. ઉચિતતા તેને કહેછે કે જે કાર્ય કરવાથી ધર્મ આદિ પરલોકનો

હાની ન પહોંચે. જો તે પ્રવૃત્તિ કે નિવૃત્તિથી ધર્માદિ પુરૂષાર્થને બાધ આવતો હોય તો તેનાથી નિવૃત્ત થવું પણ પુરૂષાર્થની આરાધનામાં તત્પર રહેવું; કેમકે પુરૂષાર્થ આરાધનનો વખત મળવો દુર્લભ છે.

તે ગુરૂવર્ગનાં આસન, શય્યા, ભોજનપાત્રાદિ પોતે ન વાપરવાં. તેમનાં દેહ ત્યાગ થયા પછી દેવનાં સ્થાન રૂપ તીર્થોમાં તેમનું દ્રવ્ય વાપરી નાખવું. પોતે જો તેનો ઉપભોગ કરે તો ગુરૂવર્ગના મરણમાં અનુમોદનનો પ્રસંગ સંભવે છે. તેમનાં કરાવેલાં ચૈત્યાદિની પૂજાને માટે બંદોબસ્ત કરાવવો અને તેમના મરણસંસ્કારની ક્રિયા આદરપૂર્વક કરવી.

ધર્મની શરૂઆત આ પ્રમાણે થાય છે. આ ધર્મ તે તાત્વિક ધર્મ નથી, પણ ધર્મ પ્રાપ્ત થવા પહેલાં તેની યોગ્યતા મેળવવાની શરૂઆત છે. ઘરના આંગણાથી શરૂ થતી આ નાની સરખી શરૂઆત પણ જેઓ કરી શકતા નથી તેઓ ભવિષ્યમાં મહાન્ ગુરૂઓને મેળવી શકે કે તેમને ઓળખી શકે અથવા તેમની સેવાનો લાભ લઇ શકે તે વાત સ્વપ્ને પણ સંભવી શક્તિ નથી. આ શરૂઆતના સંસ્કારોજ આગળ ઉપયોગી નિવડે છે. માટે આ ગુર્વાદિના વિનય, પૂજન આદિ કાર્યની શરૂઆત પ્રથમ કરવી.

દેવ પૂજા વિધિ.

આરાધના કરવા યોગ્ય દેવની પૂજા, જાઈઆદિના પુષ્પો

વડે, પકવાન ફલાદિ ઉપહાર (આગળ ધારવા) વડે, વસ્ત્રો વડે અને સુંદર સ્તોત્રો વડે આદર પૂર્વક કરવી. પૂજા કરતાં શરીર, વસ્ત્ર અને વ્યવહાર શુદ્ધિ રાખવા સાથે શ્રદ્ધા અને બહુ માનથી પૂજા કરવી.

કયા દેવની પૂજા કરવી ?

જેને જે દેવ ઉપર વિશેષ શ્રદ્ધા હોય તે દેવની પૂજા કરવી. સાધારણ રીતે વીતરાગ, બુદ્ધ, હર, હરિ, બ્રહ્માદિ દેવો દુનિયામાં પ્રભુ તરીકે મનાય છે. આ પૂર્વસેવામાં જોડાનાર મનુષ્ય મતિમોહાદિ કારણોને લઇ કોઇપણ વિશેષ ઉપકારક દેવનો નિશ્ચય કરવાને સમર્થ થયેલ નથી, એટલે શરૂઆતમાં સર્વ દેવોનું ગૌરવ કરવા વડે તેમને માનવા પૂજવા યોગ્ય ગણે છે. અને તેથી આ તેનું આરાધન તેને હાલ તરત માટે ઉપયોગી છે.

જેઓ કોઇપણ એક દેવનો શરૂઆતમાં આશ્રય ન કરતાં, મધ્યસ્થ પરિણામે સર્વ દેવોને નમસ્કાર કરે છે તેઓ જીતેંદ્રિય થઇ ક્રોધાદિકનો પરાભવ કરતા હોવાથી, નરકપાતાદિ વ્યસનનો પાર પામે છે, મતલબ કે તેઓ નરકાદિ ખરાબ ગતિમાં જતા નથી.

આ સ્થળે કોઇ શંકા કરે કે લોકની અંદર જે જે દેવો મનાય છે તે સર્વે કાંઇ મોક્ષ માર્ગને અનુકૂળ આચરણવાળા

હોતા નથી. તો પછી તેમને અવિશેષ (સામાન્ય રીતે) શા માટે નમસ્કાર કરવો?

તેનું સમાધાન આ પ્રમાણે છે કે, ચારીસંજીવનીના દૃષ્ટાંતે (સંજીવની ઔષધીનો ચારો ચરાવવાના ન્યાયે,) સામાન્ય રીતે સર્વ દેવને નમસ્કાર કરવાનો ઉપદેશ શરૂઆતમાં મહાન્ પુરૂષોએ આપેલો છે, અને તેમ કરવામાં તે તે જીવોનું હિત સમાયેલું જોવામાં આવે છે. દૃષ્ટાંતથી આ વાત વધારે સ્પષ્ટ થશે. તે દ્રષ્ટાંત આ પ્રમાણે છે.

સ્વસ્તિમતિ નગરીમાં એક બ્રાહ્મણની પુત્રી તેની સખી સાથે રહેતી હતી. આપસમાં તેમનો ઘણો પ્રેમ હતો. તેમનો વિવાહ જુદા જુદા સ્થળે થવાથી તે બન્ને આખરે જુદી પડી; એક દિવસે પોતાની બ્હેનપણીને મળવા બ્રાહ્મણની પુત્રી તેણીને ઘેર ગઈ ત્યાં તે સખીને વિવાદના સમુદ્રમાં ડુબેલી દેખી તેનું કારણ પૂછયું. તેણીએ જવાબ આપ્યો. બ્હેન! હું પાપની રાશી તુલ્ય છું, નહિંતર પતિને અણમાનીતી શા માટે થાઉં? તેને દીલાસો આપતાં બ્રાહ્મણની પુત્રીએ કહ્યું. બ્હેન! વિષ અને વિષાદમાં તફાવત નથી, માટે ખેદ ન કર. મારી પાસે એક જડીબુટ્ટી છે તેથી તારા પતિને બળદ બનાવી શકાશે એમ કહી તે બુટ્ટી તેને આપીને તે બ્હેનપણીથી જુદી પડી પોતાને ઘેર ગઇ. ભાવી પરિણામનો વિચાર ન કરતાં પતિને સ્વાધીન કરવાના ઉપાયથી ખુશી થતી તેણીએ તે બુટ્ટી પતિને [illegible]

વીને બળદ બનાવી દીધો. બળદ થયા પછી ઘરનાં દરેક કાર્યમાં તેને અસમર્થ જાણી તે સ્ત્રીને ઘણો પશ્ચાતાપ થયો. તેના પોષણની ચિંતા પણ તેણીને માથે આવી પડવાથી તેને લઇ વનમાં ચારો ચરાવવા નિત્ય તે જતી હતી. એક દિવસે વડના ઝાડની નીચે આ સ્ત્રી બેઠી હતી અને તેનો પતિ બળદ આજુબાજુ દૂરના ભાગમાં ચારો ચરતો હતો. એ પ્રસંગે વડની શાખામાં વિશ્રાંતિ લેવા બેઠેલા વિદ્યાધર અને તેની પત્નીને આ પ્રમાણે વાર્તાલાપ કરતાં તે સ્ત્રીના સાંભળવામાં આવ્યાં. વિદ્યાધર પોતાની પત્નીને કહેછે કે, આ બળદ ચારો જે ચરી રહ્યો છે તે સ્વાભાવિક બળદ નથી પણ બનાવટી છે. વિદ્યાધરની પત્નીએ પ્રશ્ન કર્યો કે આ બળદ તેના સ્વભાવિક પુરૂષના રૂપમાં પાછો કેવી રીતે આવી શકે ? વિદ્યાધરે કહ્યું તેણે જે જડીબુટ્ટી ખાધી છે તેના વિરૂદ્ધની બીજી બુટ્ટી ખાવાથી. સ્ત્રીએ કહ્યું તે બુટ્ટી ક્યાં હશે ? વિદ્યાધરે કહ્યું આ વડના વૃક્ષની નીચે તે ઉગેલી છે. આ પ્રમાણે બોલ્યા પછી તેઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. નીચે બેઠેલી સ્ત્રી કે જેણે આ વાર્તા બરોબર ધ્યાન પૂર્વક સાંભળી હતી તેને પોતાના કર્ત્તવ્યનો પશ્ચાત્તાપ થતો હતો, તે તરતજ ત્યાંથી ઉભી થઇ અને વડની નીચે તપાસ કરવા લાગી પણ વડ નીચે તો અનેક પ્રકારની વનસ્પતિ ઉગેલી હતી, તેથી સાચી બુટ્ટી બળદમાંથી મનુષ્ય બનાવે તેવી કઇ હશે તેનો નિશ્ચય તે કરી

શકી નહિં. છેવટે તેણીએ નિશ્ચય કર્યો કે તે બુટ્ટી આંહી છે પણ હું તેને જાણી શક્તી નથી કે તે બુટ્ટી કઈ છે? માટે વડ નીચેની બધી બુટ્ટીઓ તેણે ખેંચી કાઢી અને તે બળદરૂપ-પતિને ખવરાવી, તેમાં સાચી મૂળીકા આવી જવાથી તે ખાતાજ બળદ પોતાના ખરા રૂપમાં મનુષ્ય તરિકે પાછો પ્રગટ થયો.

જેમ મૂળીકાના ખરા ભેદને નહિં જાણવા છતાં બધો ચારો ખાતાં તેનું પરિણામ સત્ય સ્વરૂપની પ્રાપ્તિમાં આવ્યું, તેમ ધર્મગુરૂ, પશુપ્રાય મનુષ્યને-શિષ્યને-વિશેષ પ્રકારે દેવાદિ સ્વરૂપ જાણવામાં અસમર્થ સમજી, અત્યારે અયોગ્ય જાણી, સામાન્ય રીતે દેવપૂજાદિ વિધિમાં પ્રવૃત્તિ કરાવવા છતાં, તેનુ ભાવી પરિણામ વિશેષ સાધ્યની સિદ્ધિમાં લાવે છે.

વિશેષ સમજવાની શક્તિ વિના જો તેને વિધિ, નિષેધ કરવા-સમજાવવા-પ્રયત્ન કરે તો તેની સામાન્ય ધર્મ ઉપરની શ્રદ્ધામાં પણ વિક્ષેપ થાય, અને ખરા ખોટાનો નિર્ણય ન કરી શકતાં બન્ને તરફથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ પણ આવે, તેથી શરૂઆતમાં સામાન્ય રીતે તેને જે દેવ ઉપર શ્રદ્ધા હોય તે શ્રદ્ધા, ન ઉખેડતાં તે, અને તે સિવાય બીજા બધા દેવને નમસ્કારાદિ કરવાનો ઉપદેશ આપે. અને તેમ કરી એકજ સ્થળે કદાગ્રહ ન બાંધવા દેતાં સર્વ-સ્થળેથી સાંભળવાનાં અને સમજવાનાં દ્વાર ખુલ્લાં રાખે કે તેમાંથી તેને સત્ય મેળવવું સુલભ થઈ પડે.

વિશેષમાં પ્રવૃત્તિ કયારે કરાવી શકાય ?

બીજા દેવોનાં જીવન ચરિત્રો, તેમનાં કર્ત્તવ્યો, તેમના ગુણો વિગેરે જાણવા, પછી બીજા દેવો કરતાં વીતરાગદેવમાં તેઓથી વિશેષ ઉત્તમ ગુણો છે, આવો બોધ જ્યારે તેને થાય, આવો તફાવત તેના સમજવામાં આવે, તે સંબંધી તર્ક વિતર્કો કરે ત્યારે ગુણાધિક વીતરાગદેવનું પૂજન આદિ કરવાને કહેવું. છતાં આટલી સાવચેતી તે સાથે રાખવી (કે તેને સાવચેતી આપવી) કે તું હવેથી જે દેવનું પૂજન કરે છે તે સિવાયના બીજા કોઇપણ દેવ ઉપર તારે મત્સર ઇર્ષા કે દ્વેષ કરવો નહિ. તે દ્વેષાદિ કરવાની ભૂલ કરતો હોય તો અટકાવવો જોઇએ, નહિંતર આ દ્વેષ ઇર્ષાદિ દોષને લઇ તે શિષ્ય આગળ વધતો અટકી જાય છે.

શરૂઆતમાં મધ્યસ્થ દ્રષ્ટિએ સર્વ દેવને નમસ્કાર કરવાથી જે શુભ અધ્યવસાય થાય છે, તેનાથી મોક્ષ માર્ગમાં પ્રવેશ કરવાના કારણ રૂપ શુદ્ધ દેવની ભક્તિ આદિ ફળનો ઉદય થાય છે. એટલે સામાન્ય દ્રષ્ટિવાળા જીવોનું શરૂઆતનું કર્ત્તવ્ય સર્વથા નિરર્થકતો નથીજ થતું. વળી જ્યારે ગુણ આચરણ ઇત્યાદિ કારણે દેવની અધિકતા સમજાય ત્યારે પૂર્વનો ત્યાગ કરી વિશેષ લાભાર્થી ગુણાધિકની સેવા અંગીકાર કરેજ, એતો વગર કહે પણ સમજાય તેવું છે.

ગુણોમાં અધિક દેવનો સ્વીકાર કર્યો પછી ઓછા ગુણ-

વાળા દેવો ઉપર દ્વેષ ન કરવો કે તેમની નિંદા પણ ન કરવી. કેમકે જીવોની ભૂમિકા અનુસારે સર્વ કોઇ દેવ થોડા કે ઝાઝા ઉપયોગી તો છેજ. પોતાને તેની ઉપયોગીતા ન જણાય તેથી દુનિયામાં તે સર્વથા નિરૂપયોગીજ છે એમ ન સમજવું. શરૂઆતના થોડી બુદ્ધિવાળા જે તે દેવને માટે લાયક છે, તેમને માટે તો તે ઉપયોગી છે.

પાત્ર દાન.

પોષણ કરવા યોગ્ય માતા, પિતા, સ્ત્રી, વિધવા બ્હેન, નાના પુત્રો અને પુત્રીઓ આદિ મનુષ્યોના પોષણમાં વાંધો ન આવે તેવી રીતે સુપાત્રમાં અને દીન, દુઃખી આદિને, પોતાના વૈભવ અનુસાર વિધિપૂર્વક દાન આપવું. વિધિપૂર્વક કહેવાનો ઉદ્દેશ એ છે કે, દેવાવાળાને તથા લેવાવાળાને ધર્મમાં બાધાકારી થાય તેવાં હળ, મૂશળ, શસ્ત્રાદિ દાન તરીકે ન આપવાં.

સત્પાત્રનો અર્થ એવો સમજવો કે જેઓ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહાદિ વ્રતોનું પાલન કરતા હોય, હાથે રાંધતા ન હોય, રંધાવતા ન હોય, તથા અનુમોદનાદિ કરવાના આરંભથી નિવૃત્ત થયેલા હોય અને પોતાના સિદ્ધાંતમાં કહ્યા અનુસાર નિરંતર જ્ઞાન, ધ્યાનાદિ તથા ક્રિયા અનુષ્ઠાન કરતા હોય તે સુપાત્ર કહેવાય છે.

દીન. સર્વ પ્રકારે પુરૂષાર્થ કરવાની શક્તિઓ જેની ક્ષીણ થઇ ગઇ છે—નાશ પામી છે—તે દીન કહેવાય છે.

આંધળા, કે જેઓ નેત્રો વિનાના હોય છે, જેમને જોતાં સ્વભાવિકજ દયા ઉત્પન્ન થાય એવા વ્યાધિથી પીડાએલા, કોઢાદિ રોગથી પરાભવ પામેલા હોય, જેઓ અત્યંત નિર્ધન હોય, પોતાનો નિર્વાહ કરવાના કામમાં તદ્દન અસમર્થ હોય, એવા પ્રાણીઓના સમુદાયને પોતાની શક્તિ અનુસાર દાન આપવું-મદદ આપવી.

આવા પ્રકારનું દાન બન્નેને ઉપકારી થાય છે. માટે પાત્ર મળતાં તે દાન આપવાને જરા પણ ઢીલ ન કરવી. આવું દાન આપવું તે કલ્યાણના માર્ગનું પહેલું પગથીઉં છે, દાળિદ્રનો નાશ કરનાર છે, અંતરાય કર્મને તોડનાર છે, દુર્ગતિને દૂર કરનાર છે, પ્રીતિનું વધારનાર છે, જીવોને શાંતિ પમાડનાર છે, કીર્તિનો વધારો કરનાર છે, મનને આનંદ આપનાર છે અને સૌભાગ્યાદિ સુખના હેતુભૂત છે.

સદાચાર. ૨

લોકોમાં અપકીર્તિ થાય તેવાં નઠારાં કામ ન કરવાં. જેની દુનિયામાં અપકીર્તિ થાય છે તે મનુષ્ય જીવતાં છતાં મરણ પામ્યા સરખો છે. એટલે લોકાપવાદ ન થાય તેની સાવચેતી રાખી દુનિયામાં પ્રવૃત્તિ કરવી. ૧

દીન, અનાથ, પંગુ, અશક્ત, આફતમાં સપડાયેલ ઇત્યાદિના ઉદ્ધાર કરવામાં આદર રાખવો. તેને જેમ બને તેમ

મદદ કરી પોતાનાં ધનનો અને શારીરીક શક્તિનો સદુપયોગ કરવો.

કોઈએ પોતાને થોડો પણ ઉપકાર કર્યો હોય તો તે માણસને જાણવો, તેનો ઉપકાર ભૂલી ન જવો, અને વખત આવ્યે બદલો વાળી આપવાનું પણ ભૂલવું નહિ.

દાક્ષિણ્યતા રાખવી. અધર્મના કામમાં કોઈ પ્રવૃત્તિ કરાવવા ઇચ્છતા હોય ત્યાં દાક્ષિણ્યતા ન રાખવી તે ઉત્તમ છે, પણ લોકોપકારક કાર્ય હોય અને જેમાં ધર્મને બાધ આવતો ન હોય છતાં આપણા સ્વાર્થને કે કાર્યને સહેજ બાધ આવતો હોય તો તે બાધની ઉપેક્ષા કરીને પણ તે પરોપકારનું કાર્ય કરી આપવું.

પરોપકારી થવું. જેઓ ગંભીર સ્વભાવના, ધીરતાવાળા, અને ઈર્ષા વિનાના હોય છે, તેઓ તો સ્વભાવિક રીતે પરોપકાર કરવામાં આદરવાળા હોય છે; તેમને પ્રેરણા કરવાની જરૂર પણ રહેતી નથી.

નિંદા ન કરવી. ઉત્તમ, મધ્યમ કે અધમ સર્વ કોઈ મનુષ્યોના સંબંધમાં નિંદાનો ત્યાગ કરવો. નિંદા પોતાના દોષોની કરવી. કે જેથી તેમાં સુધારો થાય.

ગુણોનું અનુમોદન. જે ઉત્તમ સ્વભાવના મહાન પુરૂષો છે, જેઓનું આચરણ પવિત્ર અને ઉચ્ચ છે, જેઓ

ધર્માત્મા છે તેમના સદાચારવાળા ગુણોની પ્રશંસા કરવી. તેમના ગુણોની અનુમોદના કરવાથી તે તે ગુણો પોતામાં આવે છે. ૭

દુઃખ વખતે દીનતા ન કરવી. મનુષ્ય જીવન એક સરખી રીતે કોઇનું પસાર થતું નથી. પૂર્વ કર્મ સંયોગે દુઃખ, કષ્ટ કે આફત આવી પડે તો દીનતા ન કરવી, પણ ધીરજ રાખી તેનો પાર પામવો. કોઇપણ દુઃખ કાયમ ટકી રહેતું નથી. દિવસ અને રાત્રિની માફક સુખ દુ:ખનાં ચક્રો મનુષ્યોના ઉપરથી બદલાયાજ કરે છે. દુ:ખ એ મનુષ્યોની કસોટી છે. દુ:ખ મનુષ્યોને શુદ્ધ કરવા માટે આવે છે. આગળ વધારવા આવે છે. દુ:ખના વખતમાં મનુષ્યોની જે શક્તિઓ ખીલે છે, તેવીજ સુખના વખતમાં ભાગ્યેજ ખીલે છે. માટે હિંમત રાખી દુ:ખથી પાછા ન હઠતાં તેને આવકાર આપવો, અને તેની મદદથી આત્માની ગુપ્ત શક્તિઓ બહાર લાવવી. ૮

સંપત્તિના પ્રસંગે ગર્વ ન કરવો. વૈભવ પ્રાપ્તિના પ્રસંગે ઉદ્ધતાઈ ન કરવી, પણ નમ્રતા રાખવી. વાદળની છાયાની માફક સંપત્તિ કાયમ ટકી રહેનાર નથી. સંયોગની સાથે-પાછળ અવશ્ય વિયોગ હોય છેજ. લક્ષ્મી અધિકાર, ઇષ્ટ સમાગમ અને માન આદિ પુન્ય પ્રકૃતિને આધિન છે. પુન્ય પ્રકૃતિ પૂર્ણ થતાં તે બધાની

પૂર્ણાહુતી થાય છે માટે વિયોગશીળસંપત્તિનું અભિમાન શુ કરવુ ૯

ઘણુ થોડુ બોલવુ. જરૂરીયાત પ્રસંગે ઉપયોગ પૂરતુંજ બોલવાની ટેવ રાખવી. જે મનુષ્ય પ્રસગ આવે ત્યારેજ અને તેમાં પણ દેશ, કાળ, બળ, અબળ, લાભ, અલાભને વિચાર કરીને ઘણુંજ થોડું બોલે છે, તેને કોઇ વખત નુકશાન થતું નથી. વધારે બોલબોલ કરનારની અને વખત આવ્યા વિના વાત કરનારની સાચી વાત પણ કેટલીક વખત મારી જાય છે અને નુકશાન સહન કરવું પડે છે તે જુદું. માટે જરૂરીયાત જેટલું અને પૂર્વાપર વિચાર કરીને બોલવાની.ટેવ રાખવી. ૧૦

સત્ય પ્રતિજ્ઞા. વ્રત, નિયમાદિ જે ગ્રહણ કર્યાં હોય તે બરાબર પાળવાં. અંગીકાર કરેલા કાર્યનો બરોબ નિર્વાહ કરવો. કોઇને કાર્ય કરી આપવાનુ કે મદદ કરવાનુ વચન આપ્યું હોય તો તેનો ભંગ ન કરવો. પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થનાર મનુષ્યના જેવો બીજો કોઇ હલકો ગણાતો નથી છતાં તેમાં એટલો અપવાદ છે; કે, ક્રોધાદિના આવેશમ કોઇને નુકશાન કરવાની કે કોઇનો સંહાર કરવાની પ્રતિજ્ઞ કરી હોય યા તેવું કાંઇ બોલાયું હોય અને ક્રોધાદિ શાં થયા પછી જો પોતાની પ્રતિજ્ઞા ભૂલ ભરેલી લાગતી હો

અથવા બીજા ડાહ્યા મનુષ્યોનો સમુદાય તે કામ માટે નિષેધ કરતો હોય તો તે પોતાની ભૂલને વળગી રહેવામાં જરાપણ દુરાગ્રહ કે કદાગ્રહ ન કરવો.

૧૧

કુલાચાર. પોતાના કુલધર્મમાં જે જે સદાચારો ચાલ્યા આવતા હોય તેનું સારી રીતે પાલન કરવું, પણ ધર્મમાર્ગમાં વિઘ્ન રૂપ કુલાચાર હોય તો તેનો ત્યાગ કરવા માટે જરાપણ ઢીલ કે આનાકાની ન કરવી.

૧૨

સદ્વ્યય. દેવપૂજન આદિ યોગ્ય કાર્યમાં લાગણી-ઉત્સાહ પૂર્વક ધનનો ખરચ કરવો, ધર્માદિ પુરૂષાર્થમાં ઉપયોગી ન થઇ શકે તેવા અસદ્ વ્યયનો ત્યાગ કરવો, મતલબ કે વિશેષ ફળદાયી કાર્યમાં ધન ખરચવું.

૧૩

મદિરાદિ ત્યાગ. માંસ, મદિરા (દારૂ) પરસ્ત્રી, વેશ્યા, શિકાર, જુગાર, ચોરી એ સાત મોટાં વ્યસનો, પાપને આવવાના માર્ગો છે માટે તેનો ત્યાગ કરવો.

૧૪

વ્યવહાર. ઘણા મનુષ્યોમાં રૂઢીરૂપ થઇ પડેલો છતાં ધર્મના માર્ગમાં વિરોધ રૂપ ન હોય તેવો વ્યવહાર સાચવવો. પોતાના અને પરના પક્ષમાં સર્વ સ્થળે ઉચિત આચારનું પાલન કરવું.

૧૫

કુળમાં દૂષણ લાગે તેવા નિંદ્ય કાર્યમાં કંઠે પ્રાણ આવે પણ પ્રવૃત્તિ ન કરવી.

આ સર્વ સદાચાર છે. આ શિવાય પણ અનેક સદાચારો છે તેનું સારી રીતે પાલન કરવાથી વિશુદ્ધિ વધવા સાથે યોગ્યતામાં વધારો થાય છે.

ॐ

તપશ્ચર્યા કરવી. ૩.

तपोपि च यथाशक्ति, कर्त्तव्यं पापतापनम् ।
आदि धार्मिक योग्यं स्यादपि लौकिकमुत्तमम् । १ ।

પાપને તપાવનાર તપ પણ યથાશક્તિ કરવું. લૌકિક તપ પણ શરૂઆતના ધર્મમાં જોડાનાર માટે યોગ્ય છે, પણ તે તપમાં આલોક સંબંધી કે પરલોક સંબંધી કાંઈ આશંસા ઇચ્છા-ન હોય અને ક્રોધના ત્યાગપૂર્વક તથા બ્રહ્મચર્યના પાલન પૂર્વક કરાય, તો તે હિતકારી છે.

આ તપ વિવિધ પ્રકારનું છે. છતાં તે બધાનો ઉદ્દેશ કેવળ પાપનો નાશ કરવાનો હોવાથી પોતાની યોગ્યતાના પ્રમાણમાં કરવું. શક્તિ ઓળંગી દેહનો નાશ થાય, પરિણામનો ભંગ થાય, અને લાભને બદલે હાનિ થાય, તેવું તપ કરવાથી ફાયદો થતો નથી.

અજવાળીયાના (શુદિના) પડવાથી એક એક કોળીઓ

ભોજન વધારતાં જવું. પુનમને દિવસે પન્નર કોળીઆ જમ
અંધારા પખવાડીયામાં એક એક કોળીઓ ઓછો કરતાં છે
અમાસને દિવસે ઉપવાસ કરવો, તેને ચાંદ્રાયણ તપ કહે છે

એક મહીનાના ઉપવાસ કરવા તેને મૃત્યુઘ્ન તપ
કહે છે. તે સાથે પરમેષ્ઠી નમસ્કારવાળા મૃત્યુંજયમંત્રનો
જાપ કરતા રહેવું.

જે જે જાતનાં પાપ લાગ્યાં હોય તે તે પાપનો
નાશ કરવાના નિમિત્તે જાપ સાથે તપ કરવો તે પાપ-
સૂદન તપ કહેવાય છે.

કોઈ સાધુનો દ્રોહ, અથવા ઘાત કર્યો હોય અથવા જ્ઞાના-
વરણાદિ આઠ કર્મની અપેક્ષાએ તેનો-તે તે પાપનો-કર્મનો
નાશ કરવા, વિવિધ પ્રકારનાં તપો કરવામાં આવે છે. પહેલે
દિવસે ઉપવાસ કરવો, બીજે દિવસે એકાસણું કરવુ, ત્રીજે
દિવસે એક ટેકાણે બેસી એક દાણો રાંધેલો ખાવો-પાણી પણ
ત્યાંજ પીવારૂપ એકદાણાનું આંબેલ કરવું; ચોથે દિવસે પાણી
અને આહાર એકજ વાર એક સ્થળે વાપરવા રૂપ એકલઠાણું
કરવું, પાંચમે દિવસે પાત્રમાં જે વસ્તુ પહેલી પડે તે અને
તેટલીજ ખાવી, છઠે દિવસે લુખી નીવી કરવી, સાતમે દિવસે
આંબેલ કરવું; આઠમે દિવસે એકાસણું (આઠ કોળીયા

આવા રૂપ) કરવું. આ તપને કર્મસૂદન તપ કહે છે. (૧) બીજી રીતે પણ આ તપ થાય છે. પ્રથમ એક અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) કરવો. પછી એકાંતરે સાઠ ઉપવાસ કરવા, છેલ્લો અઠમ કરવો. આ તપમાં છાસઠ ઉપવાસ અને બાસઠ પારણાં આવે છે. આ તપને પણ કર્મસૂદન તપ કહે છે.　　૪

પ્રથમ દિવસે પુરિમઠ્ઠ (અર્ધો દિવસ જવા પછી ખાવું તે), બીજે દિવસે એકાસણું, ત્રીજે દિવસે નીવી, ચોથે દિવસે આંબેલ, પાંચમે દિવસે ઉપવાસ કરવો આમ પાંચ વાર કરવામાં આવે તે પચીશ દિવસનો ઇન્દ્રિજય તપ કહેવાય છે.

પહેલે દિવસે એકાસણું, બીજે દિવસે નીવી, ત્રીજે દિવસે આંબેલ, ચોથે દિવસે ઉપવાસ આમ ચાર વાર કરવાથી સોળ દિવસનો કષાયજયતપ કહેવાય છે.

પ્રથમ દિવસે નીવી, બીજે દિવસે આંબેલ, ત્રીજે દિવસે ઉપવાસ આ પ્રમાણે ત્રણ વાર કરવાથી નવ દિવસનો યોગ-શુદ્ધિ (મન, વચન, કાયાની શુદ્ધિ) રૂપતપ કહેવાય છે.

એક આંતરા ત્રણ ઉપવાસ કરવા. અથવા એકીસાથે ત્રણ ઉપવાસ કરવા તે જ્ઞાન તપ કહેવાય છે. આવીજ રીતે દર્શન તપ તથા ચારિત્ર તપ કરાય છે.

પહેલે દિવસે ઉપવાસ, બીજે દિવસે એકલઠાણું (ખાતાં એક હાથ સિવાય બીજાં અંગો ચાલવા ન દેવાં અને પાણી પણ એક સ્થાનેજ પીઇ લેવું તે) ત્રીજે દિવસે આંબેલ. ચોથે દિવસે એકાસણું, પાંચમે દિવસે નીવી, છઠે દિવસે પુરિમઢ (અરધો દિવસ જવા પછી ખાવું) સાતમે દિવસે આઠ કોળીયા ખાવા આ પ્રમાણે સાત દિવસે એક ઓળી થઇ. આવું પાંચ વાર તપ પાંત્રીસ દિવસે પુરૂં થાય તે પંચ પરમેષ્ઠિ તપ કહેવાય છે. ૯

પ્રથમ ઉપવાસ એક, પછી બીયાસણું એક, પછી આંબેલ એક, પછી એક બીયાસણું. (બેવાર ખાવાનું તે) પછી એક આંબીલ અને એક ઉપવાસ. આ પ્રમાણે *સીતા તપ કરવો તેને કલંક નિરવાણ તપ કહેવામાં આવે છે. ૧૦

પહેલે દિવસે એકાસણું, બીજે દિવસે એક કોળીયો ખાવું, ત્રીજે દિવસે એકાસણું, ચોથે દિવસે બે કોળીયા ખાવું, પાંચમે દિવસે એકાસણું, છઠે દિવસે ત્રણ કોળીયા ખાવું, આમ આઠ કોળીયા સુધી ચડવું, એટલે સોળમે દિવસે આઠ કોળીયા જમવું, આ પહેલી ઓળી થઇ.

પછી બીજી ઓળીમાં પહેલે દિવસે નીવી, બીજે દિવસે પારણે નવ કોળીયા ખાવા, ત્રીજે દિવસે નીવી, ચોથે દિવસે

* તપ સીતાજીએ કરેલ હોવાથી તેને સીતા તપ કહે છે.

દશ કોળીયા ખાવા, આમ ચડતાં સોળમે દિવસે સોળ કોળીયા ખાવા, એ બીજી ઓળી થઈ.

ત્રીજી ઓળીમાં પહેલે દિવસે આંબેલ કરવું, બીજે દિવસે સત્તર કોળીયા ખાવા, ત્રીજે દિવસે આંબેલ કરવું, ચોથે દિવસે અઢાર કોળીયા ખાવા, એમ સોળમે દિવસે ચોવીશ કોળીયા ખાવા. એ ત્રીજી ઓળી થઇ.

ચોથી ઓળીમાં પહેલે દિવસે ઉપવાસ કરવો, બીજે દિવસે પચીસ કોળીયા ખાવા, ત્રીજે દિવસે ઉપવાસ કરવો, ચોથે દિવસે છવીશ કોળીયા ખાવા, આમ સોળમે દિવસે બત્રીશ કોળીયા ખાવા, એ ચોથી ઓળી થઇ.

આ પ્રમાણે ચોસઠ દિવસે આ તપ પુરૂં થાય છે. આ તપને ચાર ગતિ નિવારણ તપ કહે છે આ બધા તપમાં પરમાત્માનું સ્મરણ કરવા રૂપ જાપ કરવો. ૐ હ્રીં અસિઆઉસાયનમઃ ૐ અર્હંનમઃ ઇત્યાદિ મંત્રનો જાપ તપશ્ચર્યાના દિવસોમાં સાથે સાથે કરવો. આ તપ અને જાપ પાપમળ શોધક છે, આપત્તિને દૂર કરનાર છે. તે તે જાતના અપરાધના સ્થાનોથી મહાન્ સંવેગ પૂર્વક પાછા હઠવું, તેનો પશ્ચાત્તાપ કરવો, અને તપ, જપ કરીને તે કર્મ બાળી નાખવું વિગેરે આ ત[illegible] ઉદ્દેશ છે.

મુક્તિનો દ્વેષ ન કરવો. ૪

આ મુક્તિમાં દ્વેષ ન કરવા રૂપ યોગની ભૂમિકા શુદ્ધિનું ચોથું સાધન છે.

मुक्तौ च मुक्त्युपायेच मुक्त्यर्थं मस्थिते पुनः ।
यस्य द्वेषो न तस्यैव, न्याय्यं गुर्वादिपूजनम् ।१।

પૂર્વે કહી આવ્યા જે પૂર્વસેવા, અર્થાત્ મોક્ષતા મેળવવાની શરૂઆત, તેની અંદર ગુર્વાદિકનું પૂજન કરવાદિ બતાવી આવ્યા તે ત્યારેજ સફળ થાય છે, જ્યારે આ જીવને મોક્ષના તરફ, મોક્ષના ઉપાય તરફ, અને મોક્ષાર્થે પ્રવૃત્તિ કરનાર કોઇપણ જીવ તરફ, દ્વેષ ન હોય, દ્વેષ ન હોય એટલુંજ નહિ, પણ તે ત્રણે ઉપર અતિ પ્રેમહોય તોજ આ શરૂઆતનાં સાધનો ઉપયોગી છે.

कृत्स्नकर्मक्षयान्मुक्ति र्भोगसंक्लेशवर्जिता ।
भवाभिनंदिनामस्यां, द्वेषोऽज्ञाननिबंधनः ।१।

મોક્ષ ઉપર દ્વેષ આવવાનું કારણ ભવાભિનંદી જીવોને એ હોય છે કે તેમણે ભવમાંજ આનંદ માનેલો છે. ભવ-સંસાર-તેનાં પોષક, વૃદ્ધિ કરનાર સાધનો પાંચ ઇંદ્રિયોના

વિષયો છે. તે ભોગનાં સાધનો, પાંચ ઇંદ્રિયોના વિષયો અને તેમાં આસક્તિ, તથા આ આસક્તિથી ઉત્પન્ન થતું સુખ તથા વર્ત્તમાનકાળે કે ભવિષ્યકાળમાં આ સુખની પાછળ લાગી રહેલ દુઃખ-ક્લેશ,-તે મોક્ષમાં હોતો નથી; કેમ ભોગના કારણ રૂપ સર્વ કર્મના ક્ષયથી મુક્તિ થાય છે, એટ મુક્તિમાં આ સાધનોનો ઉપભોગ ન હોવાથી ભવમાં આસક્તિ ધરાવનાર જીવો મુક્તિ તરફ દ્વેષ રાખે છે,-તેનો તિરસ્કાર કરે છે, પણ આ તેમનું પ્રબળ અજ્ઞાન છે, મોક્ષમાં પૂર્ણ આનંદ છે.

મુક્તિ ઉપર દ્વેષ ધરનાર જીવે તેનું ખરૂં સ્વરૂપ સમજેલું હોતું નથી. જે વસ્તુ સ્વભાવથીજ સુંદર અને સુખરૂપ છે તેના ઉપર બુદ્ધિમાન જીવોને દ્વેષ થાયજ નહિ, આ દ્વેષ દેખાતું મુખ્ય કારણ તે વસ્તુ સંબંધી તે જીવોનું અજ્ઞાન છે.

કોઇ શંકા કરે કે અખંડ સુખસ્વરૂપ મુક્તિ ઉપર દ્વેષ કોને હોય? અર્થાત્ નજ હોય, પણ એમ નહિ, તે કેટલી મનુષ્યોના પ્રલાપો તે તે શાસ્ત્રોમાં આ પ્રમાણે દેખાય છે.

वरं वृन्दावने रम्ये, क्रोष्टुत्वमभिवाञ्छितं।
नत्वेवा ऽविषयो मोक्षः, कदाचिदपि गौतम ॥

" યમુના [illegible] પાસે [illegible]

વૃંદાવનમાં શીયાળપણે ઉત્પન્ન થવાની અભિલાષા કરવી તે ઉત્તમ છે. પણ હે ગૌત્તમ! જેમાં કાંઇપણ ક્રિયા નથી,- વિષય નથી, એવા વિષય વિનાના મોક્ષની અભિલાષા કરવી તે ઠીક નથી.'

આ પ્રમાણે માલવ નામના ઋષિએ પોતાના ગૌત્તમ નામના શિષ્યને આમંત્રણ કરીને કહેલ છે.

મોહનીય કર્મના તીવ્ર ઉદયને લઇ આત્મભાન ભૂલેલા જીવોને આ અનંત સંસારની વૃદ્ધિના કારણ રૂપ આ પ્રમાણે મુક્તિ ઉપર દ્વેષ હોય છે. ભવ્ય સ્વભાવવાળા જીવોને મોક્ષ ઉપર દ્વેષ નથી હોતો, પણ જેઓને મોક્ષ તરફ પ્રેમ હોય છે, તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે! તેવા જીવોમાં સંસારનું પરિભ્રમણ કરવામાં મદદગાર પદાર્થો મળવાની યોગ્યતા નાશ પામેલી હોય છે. તેઓ છેલ્લા પુદ્ગલપરાવર્ત્ત જેવા મોક્ષ જવાના નજીકના વખતમાં આવેલા હોય છે, અને તીર્થંકર, ગણધરાદિ પદની પ્રાપ્તિ કરી મોક્ષે જવાની તૈયારીવાળા હોય છે.

જેઓ મોક્ષ તરફ પ્રેમની લાગણીવાળા હોય છે તેઓના મન, વચન, શરીરથી પ્રવૃત્તિ મોક્ષના આરાધનવાળી હોય છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ ચારિત્ર એ ત્રણે મોક્ષનો ઉપાય છે, તેનો વિનાશ થાય તેવી પ્રવૃત્તિ તેમની કદી હોતી નથી,

આ વાત સ્વભાવથીજ સિદ્ધ છે કે, વિધિપૂર્વક કોઇપણ

જાતની આરાધના કરવાથી તે જાતનું ઈષ્ટ ફળ મળે છે. પણ તેની વિરાધના કરવાથી અનર્થની પ્રાપ્તિ થાય છે. આ ન્યાયે મુક્તિના ઉપાયોનું આરાધન કરવાથી અતિ ઉત્તમ ફળ મળે છે, ત્યારે તેની વિરાધના કરવાથી નરકપાતાદિ અધોગતિમાં જવા રૂપ ફળ મળે છે.

જેમ ઉંચા પર્વત પર આરૂઢ થઈને તે ઉપરથી એકદમ નીચું પડતું મૂકવાથી અનર્થની પ્રાપ્તિ થાય છે, અથવા વિષ મિશ્રિત અન્નના ભક્ષણથી થતી તૃપ્તિ અનર્થ માટે થાય છે, તેમ મુક્તિના ઉપાયો ઉપર દ્વેષ કરવાથી અનર્થની પ્રાપ્તિ થાય છે.

જેમ શસ્ત્ર, અગ્નિ અને ક્રુર જાનવરો વ્યાઘ્ર, સર્પ, સિંહાદિ ને વિપરીતરીતે પકડવાથી તેનું પરિણામ સારૂ આવતું નથી, તેમ એક બાજુ મુક્તિના ઉપાય તરફ દ્વેષભાવ ધારણ કરવો, અને બીજી બાજુ વ્યવહારિક સુખ માટે ઉપરચોટીયું સાધુજીવન ગાળવાનો આગ્રહ કરવો, તેનું પરિણામ ભાવી કલ્યાણરૂપ કદી થતું નથી.

અહીં કોઇને શંકા થશે કે "સંસારિક સુખની ઈચ્છાથી સાધુજીવન ગુજારનારને દેવાદિ ભવની પ્રાપ્તિનો લાભ મળે છે, છતાં તમે તેનું પરિણામ અકલ્યાણરૂપ શા માટે કહો છો?"

તે શંકાનું સમાધાન આ પ્રમાણે થઈ શકે છે કે, "શુદ્ધ આચરણવાળા સાધુ પુરૂષોને, [illegible]આદિ રાજાઓ પૂજન

નમન, સ્તુત્યાદિ કરતા દેખીને, તે પૂજાદિ મેળવવાની ઈચ્છાથી, અથવા તેવાંજ બીજાં સંસારિક સુખની ઇચ્છાથી,'સમ્યગ્દર્શનથી' ભ્રષ્ટ થયેલા, અથવા પુદ્દગલાનંદી કે ભવાભિનંદી (પુદ્દગલમાં કે ભવમાં આનંદ માનનાર) જીવો સાધુજીવનવાળું બાહ્યથી-ઉપરથી ચારિત્ર પાળીને વધારામાં વધારે નવગ્રૈવેયક સુધીના દેવો પણે ઉત્પન્ન થાય છે, તે દેવીભૂમિને મેળવવા છતાં તેમનું તે જીવન પ્રશંસા પાત્ર તો નથીજ. કારણ કે તે સાધુજીવનનું ફળ સંસારના કારણ રૂપ મળનો ઘટાડો કે અંતરંગ પરિણામની વિશુદ્ધિમાં આવતું નથી. જેમ કોઇ મનુષ્યે ચોરી કરીને, કે જુગાર રમીને, અથવા સ્વામીદ્રોહ, વિશ્વાસઘાતાદિ કરીને અન્યાયથી ધન પેદા કરેલું હોય તો, તે ધન પ્રશંસાપાત્ર નથી કહેવાતું, કારણકે તેનું ભાવી પરિણામ વિરસ-દુઃખના રૂપમાં આવે છે. તેમજ તે દેવભૂમિમાં ગયેલા ભવાભિનંદી કે પુદ્દગલાનંદી જીવોના કર્ત્તવ્યમાં નિર્વાણ પદની પ્રાપ્તિના બીજનો અભાવ હોવાથી, મિથ્યાત્વ મોહને પોષણ મળે તેવાં કારણો વિશેષ ઉત્પન્ન કરે છે. તેને લઈ અકાર્યમાં નિઃશંકપણે પ્રવૃત્તિ કરે છે, અને છેવટે કર્મના અધિક બોજાને લઇને અધમ ગતિમાં જઇ પડે છે. એટલે વર્ત્તમાનકાળના સુખ તરફ દૃષ્ટિ આપવાની સાથે ભાવી-પરિણામ તરફ લક્ષ આપતાં આ દેવ ભૂમિમાં તેવા જીવોનું જવું તેપ્રશંસા પાત્ર નથી."

વળી આ નવગ્રૈવેયકાદિ દેવભૂમિની પ્રાપ્તિ જે ભવાભિ-

નંદી આદિ જીવોને થાય છે, તેમાં મુખ્ય કારણ એ છે કે તે જીવોને મુક્તિ ઉપર દ્વેષ હોતો નથી. એટલે આ દ્રવ્યસાધુ-જીવનમાં જે તત્ત્વ અથવા શક્તિ રહેલી છે તે આ મુક્તિ ઉપર દ્વેષ ન હોવાના કારણને લઈને, દ્રવ્યક્રિયાવાળા દેવભૂમિમાં ઉત્પન્ન થવા રૂપ સુખના ભોક્તા થાય છે.

આ કારણથી ઉપર જણાવવામાં આવ્યું છે કે, જેને મુક્તિ આદિમાં દ્વેષ નથી, તેનું ગુર્વાદિ પૂજન વિગેરે અનુષ્ઠાન યોગ્ય છે. તે સિવાય અનુષ્ઠાન ભાવી હિતકર નથી. તેમાં વિશેષ દોષો રહેલા છે. જેમાં વિશેષ દોષો રહેલા હોય તેનું થોડું સારૂં અનુષ્ઠાન તે સારૂં કહેવાયજ નહિ. દ્દષ્ટાંત ઉપરથી આ વાત વિશેષ સ્પષ્ટતાથી સમજાશે.

એક શિષ્યે, કોઈ પાસેથી ધર્મશાસ્ત્રનું એક વચન સાંભળ્યું કે, તપસ્વી સાધુઓને આપણા પગથી સ્પર્શ કરવો તે મહા અનર્થ રૂપ નીવડે છે. મતલબ કે સાધુ પુરૂષોના શરીરને આપણો પગ અડકાડવો તેથી પાપ થાય છે, કોઈ વખત તેને મયૂરપિચ્છની જરૂરીયાત પડી, તે માટે તેણે ઘણી તપાસ કરી પણ કોઈ સ્થળે તે તેને મળ્યું નહિ, કોઈને પૂછતાં તેને ખબર મળી કે ભૌત સંપ્રદાયના સાધુ પાસે એ મયૂરપિચ્છ છે, તેણે તેની પાસે જઈને તે માગ્યું, પણ તે સાધુને તેની જરૂરીયાત હોવાથી તેણે તેને તે

ન આપ્યું. ત્યારે આ ભીલે છેવટે તેને બાણુ મારીને મારી નાખ્યો, અને મયૂરપિચ્છ લઇ લીધું. આ મયૂરપિચ્છ લેતી વખતે તેના પગને પોતાના પગનો સ્પર્શ ન થાય તે માટે તેણે ઘણી સાવચેતી રાખી, કેમકે તેની એ માન્યતા હતી કે સાધુના પગને પોતાના પગથી સ્પર્શ કરવો તે મહાન્ અનર્થ માટે થાય છે.

આ સ્થળે આ ભિલ્લનો એ નિર્ણય હતો કે મહાત્માઓના શરીરને પગ ન અડકાડવો તે ગુણુ માટે છે, પણુ શસ્ત્રના ઘા વતી તેને મારી નાખ્યો. આ મહાન દોષને લઇ તેનો થોડો ગુણુ પણુ ગુણુ રૂપે ન થયો, પણુ અનર્થ રૂપ થયો, તેના શરીરને પગથી સ્પર્શ ન કરવો, એ જ્ઞાન, તે અજ્ઞાન રૂપજ હતું. તેમ મુક્તિ ઉપર દ્વેષ કરનારાનું દેવગુર્વાદિનું પૂજન કરવા રૂપ એક ગુણુ મુક્તિ ઉપરના મહાન્ દ્વેષને લઇને અનર્થ રૂપ થાય છે. માટેજ મહાન્ પુરૂષો કહે છે કે, "એકલા દેવગુર્વાદિના પૂજનને લઇ પૂર્વ સેવામાં તેવો ગુણુ થતો નથી, પણુ મુક્તિ ઉપર દ્વેષ ન કરવાથી વિશેષ ગુણુ થાય છે."

વિશેષ ગુણુ એટલા માટે કહેવામાં આવે છે કે-મુક્તિ ઉપરના પ્રેમને લઇને મહાન્ દુઃખના કારણુ રૂપ સંસાર પરિભ્રમણુની શાંતિ થાય છે. મુક્તિ ઉપર દ્વેષ ન રાખતાં છતાં દેવ ગુર્વાદિની પૂજા રૂપ પૂર્વસેવા કરવી તે તો સોનું અને સુગંધ સાથે હોવાની માફક અત્યંત હિતકારી છેજ.

અધ્યયન ૫ મું.

અનુષ્ઠાન.

एकमेवह्यनुष्ठानं, कर्तृभेदेन भिद्यते, ।
सरुजेतर भेदेन, भोजनादिगतं यथा. ॥१॥

નિરોગી અને રોગીના ભેદવડે ભોજન આદિ જેમ ગુણ અને અવગુણ કરવા રૂપે ભેદ પામે છે, તેમ એકજ અનુષ્ઠાન કર્તાના ભેદવડે ફાયદા અને ગેરફાયદા રૂપે પરિણામે છે. દેવ, ગુરૂ આદિ પૂજન વિગેરે ક્રિયા, તેના કર્તાના પરિણમ ઉપર ફળ આપવાનો આધાર રાખે છે. એક કર્તા, ચરમાવર્ત્તમાં (છેલ્લા પરિભ્રમણમાં-પુદ્ગલ પરાવર્ત્તનમાં) રહેલો હોય છે, બીજો કર્તા તેના પહેલાના અચરમાવર્ત્તમાં રહેલો હોય છે. આ બન્નેની વિશુદ્ધિઓવાળી લાગણીઓના પ્રમાણમાં તેના ફળનો ભેદ પડે છે. અર્થાત્ એકજ ક્રિયા બન્ને જણ કરતા હોય છે, તથાપિ તેનું ફળ બન્નેને જુદું જુદું મળે છે. જેમ એકજ જાતનું ભોજન જમવા માટે બે જણ બેઠા હોય તેમાં એક રોગી મનુષ્ય છે, બીજો નિરોગી છે, એક વૃદ્ધ છે, બીજો યુવાન છે. આ ભોજન બન્ને જણ કરશે, છતાં તેના પરિણમવા પછી

તેના ફળમાં ભેદ પડવાનોજ. એટલે રોગીને તે ભોજન રોગની વૃદ્ધિ કરવામાં મદદગાર થશે, ત્યારે નિરોગી બળવાન મનુષ્યને તે બળની વૃદ્ધિ કરવામાં મદદગાર થશે.

આ રીતે સામાન્ય પ્રકારે યોગ માર્ગમાં આગળ વધવા માટે કરાતું અનુષ્ઠાન, તેના જુદા જુદા સ્વભાવના–જુદી જુદી લાગણીઓવાળા કર્ત્તાની અપેક્ષાએ પાંચ પ્રકારમાં પરિણામ પામે છે, અર્થાત્ તે એકજ અનુષ્ઠાન પાંચ ભાગમાં વહેંચાઇ ઉત્તમ કે અધમ લાગણીના પ્રમાણમાં પોતાનું ફળ પ્રગટ કરે છે.

અનુક્રમે તેના નામો આ પ્રમાણે છે વિષ ૧. ગરલ ૨. અનનુષ્ઠાન ૩. તદ્હેતુ ૪. અમૃત ૫.

આ અનુષ્ઠાન તે પૂર્વે કહી આવ્યા તે, દેવ ગુર્વાદિ પૂજન આદિ જાણવું. આ અનુષ્ઠાન કરવામાં અનુક્રમે પ્રથમ વર્ગના કર્ત્તાની અપેક્ષા, આ લોકના ભોજન–સુખ આદિ ફળ મેળવવાની છે. ૧. બીજા કર્ત્તાની ઇચ્છા પરલોક સંબંધી સુખ મેળવવાની છે. ૨.

ત્રીજો કર્ત્તા કંઇપણ અપેક્ષા વિના, પોતાનું લક્ષ બાંધ્યા કે નિશ્ચિત કર્યા સિવાય પ્રવૃત્તિ કરે છે. ૩.

ચોથો કર્ત્તા જે અનુષ્ઠાન કરે છે તેમાં, અથવા અનુષ્ઠાન જે નિમિત્તે કરાય છે તેમાં લાગણીવાળો હોય છે. ૪.

પાંચમો કર્ત્તા તત્ત્વને બરાબર સમજીને પોતાનું લક્ષ ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિ કરે છે. ૫

આજ બાબતને જરા વિસ્તારથી કહેવામાં આવતાં વિશેષ સ્પષ્ટતાથી સમજાશે.

(૧) વિષઅનુષ્ઠાન.

જે અનુષ્ઠાન કરવાથી આ લોકોમાં અનેક પ્રકારની લબ્ધિઓ સિદ્ધિઓ પ્રગટ થાય, સર્વ સ્થળે યશોવાદ-કીર્તિ ફેલાય, લોકો સારો કહે, પ્રશંસા કરે, ખાવાપીવાદિની અનુકૂળતા મળી આવે, જ્યાં જાય ત્યાં લોકો સારો સત્કાર કરે, બહુમાન આપે, ઇત્યાદિ આ લોક સંબંધી વિવિધ ઇચ્છાઓ મનમાં રાખીને, તે નિમિત્તે જે દેવગુર્વાદિનું પૂજન, સદાચાર, તપ, યમ, નિયમાદિ કરવામાં આવે તે સર્વને વિષઅનુષ્ઠાન કહેવામાં આવે છે, આવી આ લોક સંબંધી ઇચ્છાથી કરાતું અનુષ્ઠાન અંતઃકરણના શુદ્ધ પરિણામનો નાશ કરે છે, કેમકે અનુષ્ઠાન મહાન્ છે, અને ફળની ઇચ્છા અલ્પ છે. લબ્ધિ, બહુમાન આદિ તુચ્છ પદાર્થની ઇચ્છા કરવાથી તે અનુષ્ઠાનને હલકી સ્થિતિમાં મૂકવામાં આવે છે. આને લઇને અંતઃકરણ પણ તેવુંજ કનિષ્ટ-હલકી-ભાવનાવાળું બને છે. આ અનુષ્ઠાનને વિષની ઉપમા [illegible] આપવામાં આવી છે કે, સ્થા-

વર કે જંગમ, બન્ને પ્રકારનાં વિષ (અફીણ, સોમલ, વચ્છનાગ અને બીજા તત્કાળ મારનાર સંયોગીક વિષ તે સ્થાવર વિષ કહેવાય છે. અને સર્પ આદિના વિષને જંગમ વિષ કહે છે.) તેજ વખતે ખાનારનો નાશ કરે છે, તેમજ તે તે પ્રકારના લબ્ધિ, સિદ્ધિ, બહુ માનાદિ ભોગોની પ્રાપ્તિ આ અનુષ્ઠાનથી થતાંજ તે અનુષ્ઠાનનું ફળ પૂર્ણ થાય છે. અથવા મન ઇચ્છિત વિષયોની પ્રાપ્તિ થતાં તે તે અનુષ્ઠાન કરવાની લાગણી પણ સમાપ્ત થાય છે. અને આગળ વધવાનો ઉત્સાહ અટકી પડે છે. માટે તેને વિષ અનુષ્ઠાન કહેલ છે.

(૨) ગરલ અનુષ્ઠાન.

આ લોક સંબંધી ભોગોને ત્યાગ કરી, આ લોકના ભોગોની અપેક્ષા રહિત થઇ, દિવ્ય ભોગોની અભિલાષા માટે સ્વર્ગનાં સુખ મેળવવા અર્થે જે જે દેવપૂજા, તપ આદિ અનુષ્ઠાનો કરવામાં આવે, તે અનુષ્ઠાનને ગરલ અનુષ્ઠાન કહેવામાં આવે છે. પહેલા વિષ અનુષ્ઠાનમાં અને બીજા ગરલ અનુષ્ઠાનમાં વર્ત્તન એકજ પ્રકારનું છે. પણ હૃદયની લાગણીઓમાં ફેર છે. આ અનુષ્ઠાનમાં તેનું ફળ ભવાંતરમાં ભોગવવાની ઇચ્છા હોય છે. ખરાબ દ્રવ્યોના મિશ્રણથી બનેલા વિષને ગરલ નામનું વિષ કહે છે. આ વિષ તત્કાળ મારતું નથી, પણ

કાળાંતરે-અમુક વખતના આંતરે મારે છે. હડકાયા કુતરાના વિષનો વિકાર જેમ અમુક વખત પછી પ્રગટ થાય છે, તેમ આ અનુષ્ઠાનમાં તેનું ફળ કાળાંતરે-દેહાંતરમાં-ભોગવવાની લાગણી હોય છે. આ અનુષ્ઠાન સારૂં છે, એટલે તેમાં પુન્યબંધ તો થવાનોજ, પણ તે પુન્યપ્રકૃતિ ભોગવી લીધા બાદ તે સ્થિતિમાંથી પતિત થવાનુંજ. તે પુન્યસંચય કરવાનો ઉદ્દેશ દિવ્યભોગનો અભિલાષ હોવાથી, તેનો લાભ મળતાં તેના ઉપયોગમાં તે પુન્યની સમાપ્તિ થવાનીજ. અને આગળ માટે સાધન પાસે ન હોવાથી તેમજ તેવી લાગણીનાં બીજો તેમાં ન હોવાથી, ભવિષ્યમાં અનર્થની પ્રાપ્તિ થવાની. આ હેતુથી આવી લાગણીથી કરાતાં અનુષ્ઠાનને ગરલ અનુષ્ઠાન કહેવામાં આવ્યું છે. આ અનુષ્ઠાનમાં પુદ્ગલાનંદનાં બીજ હોય છે. પણ આત્મસ્વરૂપ પ્રગટ કરવાની લાગણીનાં બીજ હોતાં નથી.

૩ અનનુષ્ઠાન.

"હું આ દેવપૂજાદિ અનુષ્ઠાન આ લોકનાં સુખ માટે કરૂંછું, કે પરલોકના સુખ માટે કરૂં છું?" આ બન્ને લાગણીઓ જ્યાં ન હોય, પણ કેવલ સંમુર્છિમ (સંજ્ઞાવગરના) જંતુઓની માફક ઉદ્દેષ વિનાની ગતિ-પ્રવૃત્તિ-કરાય, તેને અનનુષ્ઠાન કહે છે. ગાડરીયા પ્રવાહની માફક એક ગાડર ચાલ્યું,

તેની પાછળ બીજા પણ ગાડર હેતુ વિના ચાલ્યા કરે, તેમ આ ક્રિયા શા માટે કરવી જોઇએ તેનું ભાન ન હોય, પણ આગળથી ચાલતું આવે છે, બાપ દાદા આમ કરતા હતા, માટે આપણે પણ એમ કરવુંજ જોઇએ, એમ પરમાર્થ સમજ્યા વગરનું કરવું એ આ અનુષ્ઠાનનો વિષય છે.

વળી આ અનુષ્ઠાનમાં-દેવાદિ પૂજન આદિમાં મનની એકાગ્રતા ન હોય, મન અનેક વિષયમાં અનેક સ્થળે ફરતું હોય, કેવળ શરીરદ્વારા હાથ પગના અવયવો ચાલ્યા કરતા હોય, અથવા મુખે અર્થના લક્ષ વિના પાઠ ગગડાવી જવાતા હોય, તે ક્રિયાનો સમાવેશ પણ આ અનુષ્ઠાનમાંજ થઇ શકે છે. તેમજ તથાપ્રકારના સમુદાયના આગ્રહથી લાગણી વિના અનુષ્ઠાન કરાય, તે સર્વને અનનુષ્ઠાન કહે છે.

જેમ કોઇને સન્નિપાત થયો હોય, તેને લઇને ઇરાદા સિવાય. હેતુ વિનાની વિવિધ પ્રકારની ચેષ્ટાઓ તે કરે છે, તેમ આ મોહાધિન, અજ્ઞાની મનુષ્ય ઉપયોગ વિનાની ચેષ્ટાઓ કરે છે, માટેજ ખરેખર અનુષ્ઠાન નહિ તે અનનુષ્ઠાન એ નામ તેને માટે અર્થસૂચક છે.

૪ તદ્હેતુ અનુષ્ઠાન.

સદ્ અનુષ્ઠાનમાં જેને રાગ હોય છે, તેને લઇને ભાવ

પૂર્વક બહુમાનથી તે અનુષ્ઠાન કરે છે. આ અનુષ્ઠાનને તદ્-હેતુ અનુષ્ઠાન કહે છે.

આ દેવપૂજા, સદાચાર, તપ આદિ અનુષ્ઠાન ઉત્તમ છે. આમાં શુભ ભાવને પોષણ આપનાર ઉત્તમ અંશો રહેલા છે. વળી આ અનુષ્ઠાન કરનારને મુક્તિ ઉપર દ્વેષ નથી, પણ ઉલટો મુક્તિ ઉપર થોડો પણ રાગ છે. આ શુભ ભાવના અંશો કર્મ ક્ષયમાં મદદગાર થાય છે, એટલે આ અનુષ્ઠાનને તદ્‌હેતુ અનુષ્ઠાન કહેવામાં આવ્યું છે.

૫ અમૃત અનુષ્ઠાન.

વીતરાગ દેવના નિરૂપણ કરેલ તત્ત્વમાં જેને પૂર્ણ શ્રદ્ધા છે, જડ અને ચૈતન્ય પદાર્થોને તેના લક્ષણોએ કરી ભિન્ન ભિન્ન જે સમજેલ છે, જન્મ, મરણો દુઃખરૂપ છે, આ સંસાર દુઃખથી ભરપૂર છે, એમ સમજી તેમાંથી છુટવા માટે જે પ્રયત્ન કરી રહ્યો હોય છે; નિર્વાણમાંજ સત્ય સુખ છે, આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે તોજ નિર્વાણ પ્રાપ્ત કરી શકાય છે, આવી લાગણીથી તેના રોમરોમમાં નિર્વાણની ઇચ્છાએ પ્રવેશ કરેલ હોય છે, અને તે મેળવવાના ઇરાદાથીજ તે દેવપૂજાદિ શરૂઆતના અનુષ્ઠાનથી લઇ આગળ આગળની ભૂમિકામાં ઉપયોગી અનુષ્ઠાન કરતો જાય છે. આ

અનુષ્ઠાનને અમૃત અનુષ્ઠાન કહે છે, કારણકે આ અનુષ્ઠાનનો હેતુ અમરતા પ્રાપ્ત કરવી તેજ છે આ અમૃત ક્રિયાના પાનથી આત્માની અમરતા તે છેવટે મેળવી શકે છે.

આ પાંચ અનુષ્ઠાનમાં પહેલાના બે અનુષ્ઠાનમાં સંસારી પુદ્ગલિક-સુખની અભિલાષા વ્યાપી રહેલી હોય છે. ત્રીજું અનુષ્ઠાન અનાઉપયોગ-કર્તવ્યના ભાન વિનાનું-હોવાથી સમૂચ્છિંમ સરખી પ્રવૃત્તિવાળું છે, એટલે આદિના ત્રણ અનુષ્ઠાનો આત્મશાંતિ માટે નિષ્ફળ છે. છેલ્લાં બે અનુષ્ઠાન ફળવાળાં છે. તેમાં સંસારમાં આસક્તિ અને અનાઉપયોગે પ્રવૃત્તિ નથી.

આ પાંચ અનુષ્ઠાન કર્ત્તાના ભેદથી ભેદવાળાં છે, ખરી રીતે અનુષ્ઠાન તો એકજ છે, પણ કર્ત્તાના હેતુને લઇ જુદાં ફળ આપે છે.

છેલ્લા પુદ્ગલપરાવર્ત્તન કાળ જેટલો સંસાર જેને બાકી હોય છે, અથવા છેલ્લા પુગલ પરાવર્ત્તન સંસારવાળાના અધ્યવસાયો જેવા અધ્યવસાયો જેના શુદ્ધ થયા હોય છે. તેમને આ અનુષ્ઠાન યોગ્ય ફળ આપનાર થાય છે, તેથી પહેલાનાં પુદ્ગલ પરાવર્ત્તોની અંદરના જીવોનાં અનુષ્ઠાન, પછી તે અનુષ્ઠાન યોગ્ય હોય કે અયોગ્ય હોય પણ,

ફળમાં સરખાંજ હતાં, કારણ કે તેથી આત્મ વિશુદ્ધિ થતી નહતી, કેમકે તેમાં ભવાભિનંદીપણાનો સ્વભાવ હતો. પણ છેલ્લા પુદ્‌ગલ પરાવર્ત્તનની અંદર આવેલા જીવોના પરિણામો ઉલ્લાસ પામેલાં હોય છે. તેમની લાગણીઓ યોગને યોગ્ય હોય છે. પહેલાં પુદ્‌ગલ પરાવર્તનની અંદર અને છેલ્લા પરાવર્ત્તની અંદર કરાતું અનુષ્ઠાન કાંઈક વિલક્ષણ હોય છે. પહેલાંના પરાવર્ત્તનો એ ધર્મ માટે બાલક જેવાં હતાં, છેલ્લાની અંદર દાખલ થયેલા જીવો ધર્મને માટે યુવાવસ્થા જેટલા લાયક છે. છેલ્લા પરાવર્ત્તનની અંદર સહજ મળ (કર્મ ગ્રહણ કરવાની યોગ્યતા) થોડો હોવાથી આત્મભાન વિશેષ હોય છે, તેને લઇને આ સ્થિતિમાં કરાતું ધર્મ અનુષ્ઠાન પણ વિશેષ વિશુદ્ધિનું કારણ બને છે.

અધ્યયન ૬ ઠું.

યોગના ભેદો.

अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः ।
योगः पञ्चविधः प्रोक्तो, योगमार्गविशारदैः ।१।

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એમ યોગમાર્ગમાં નિપુણ મહાન્ પુરૂષોએ યોગ પાંચ પ્રકારે કહેલ છે. તેમાં પ્રથમ અધ્યાત્મ યોગ કહીશું.

અધ્યાત્મ યોગ.

औचित्याद्व्रतयुक्तस्य; वचनात्तत्त्वचिंतनम् ।
मैत्र्यादिभाव संयुक्त- मध्यात्मंतद्विदोविदुः । १ ।

ઉચિત પ્રવૃત્તિવાળાં અણુવ્રત (ગૃહસ્થ ધર્મનાં વ્રતો) તથા મહાવ્રત (ત્યાગ માર્ગ યોગ્ય વ્રતો) સહિત, જિનેશ્વર દેવના વચનાનુસાર જીવાદિ પદાર્થની વિચારણા, અને મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ ભાવ યુક્ત વર્તનને જ્ઞાનીઓ અધ્યાત્મયોગ કહે છે.

જાપ.

અધ્યાત્મયોગની શરૂઆત પ્રથમ જાપથી કરવાનું ઠીક

પડે છે. જાપથી મનની શુદ્ધિ થાય છે. આ જાપ બાળથી લઇ વૃદ્ધ ઉમર પર્યંત સ્ત્રી, પુરૂષો સહેલાઇથી કરી શકે છે. ધનવાન કે ગરીબ, રોગી કે નિરોગી, ઉંચ કુળનો કે નીચ કુળનો, ગમે તે મનુષ્ય, પોતાની લાગણીના પ્રમાણમાં આ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે છે.

આ યોગની શરૂઆત જાપથી કરવામાં બીજું પણ એક કારણ એ છે કે, જાપ એ દેવના અનુગ્રહનું એક કારણ છે. જાપ કરવાથી તે તે દેવો આપણા ઉપર પ્રસન્ન રહે છે, અને આગળનો માર્ગ સુગમ કરી આપે છે. અર્થાત્ વિઘ્ન દૂર કરવા રૂપ મદદ આપી આગળ વધવામાં સહાય કરે છે.

બીજી રીતે વિચાર કરીએ તો જાપ કરવાથી મલીન વાસના નાશ પામવા સાથે સાત્વિક ભાવની વૃદ્ધિ થાય છે. મન નિર્મળ થાય છે, પુન્યકર્મમાં વધારો થાય છે. તેને લઇને જરૂરીઆતનાં સાધનો મળી આવે છે, કે જે સિવાય તે મેળવવા માટે આ જીવને પ્રવૃત્તિ કરવાની જરૂર પડે છે, તે જરૂરીયાત આમ રૂપાંતરે સિદ્ધ થતી હોવાથી આ પ્રવૃત્તિ તે માર્ગમાં મદદ રૂપ થાય છે.

ખરી રીતે તો જીવની પોતાની શુભ પ્રવૃત્તિવાળી મહેનતજ આમાં ઉપયોગી થાય છે, પણ તેમાં તે દેવો કે તે તે દેવોના ભક્તો-યા-અધિષ્ટાયકો નિમિત્ત રૂપ થઇ મદદ કરે

છે તે સાથે હૃદય નિર્મળ થાય છે, યોગ્યતામાં વધારો થાય છે, મળ ઓછો થાય છે, અને આથી આગળના યોગોમાં તે સહેલાઇથી પ્રવેશ કરી શકે છે. આ માટેજ જાપને અધ્યાત્મ યોગનું અંગ ગણવામાં આવેલ છે.

જપ એટલે જપવું—એકને એક શબ્દનું વારંવાર પુનરાવર્તન–રટન–કરવું. દેવની સ્તુતિ, પોતાના ઇષ્ટદેવનું નામ ઋષભાદિથી લઇ મહાવીરદેવ પર્યંતના કોઇપણ દેવનું સ્મરણ, અથવા સામાન્ય રીતે વીતરાગ પરમાત્માનું–શુદ્ધ આત્માનું–સૂચક કોઇપણ પદ જેમકે ॐ अर्हन्नमः ॐ ऋषभाय नमः તેનું વારંવાર પરાવર્તન કરવું ગણવું. આ મંત્રની આદિમાં ॐ કાર અને અંતમાં નમઃકાર શબ્દ આવવો જોઇએ.

જેમ મંત્રના જાપથી સ્થાવર, જંગમ સર્પાદિનાં વિષ નાશ પામે છે. તેમ આ મંત્રના જાપથી, પવિત્ર દેવોની સ્તુતિથી પાપ નાશ પામે છે.

આ જાપ કયે સ્થળે કરવો ?

આ જાપ પવિત્ર અને શાંત દેવોની પાસે કરવો, એકાંતવાળા પવિત્ર અને નિર્જન જેવા પ્રદેશમાં, યા તેવાં તીર્થ સ્થળોમાં કરવો. અથવા નિર્મળ પાણીવાળા જળાશયો નદી,

તળાવ, સરોવર વિગેરે પાણીથી ભરેલાં હોય તે સ્થળના કિનારા ઉપર બેસીને કરવો. અથવા સુગંધમય પત્રો, પુષ્પો અને સુંદર ફળોથી શોભતા વૃક્ષોના ઘાટાવનમાં કદળી આદિના ગહન વનોની અંદર બેસીને કરવો. આવાં સ્થાનો સ્વાભાવિકજ આનંદ ઉત્પન્ન કરનારાં હોય છે, તેથી તેવા સ્થળે બેસી એકાગ્રચિત્તે શાંત મને જાપ કરતાં ચિત્તની એકાગ્રતા વિશેષ પ્રકારે થવા સંભવ છે. તેના અભાવે જ્યાં ચિત્ત ઠરે ત્યાં રહીને પણ જાપ કરવો.

જાપ કેવી રીતે કરવો ?

હાથની આંગળીઓના વેઢાને પ્રદક્ષિણા દેતા હોઇએ, તેમ, જેને નંદાવર્ત્ત વિધિ કહે છે, તેવી રીતે કરવો. અથવા રૂદ્રાક્ષાદિ વનસ્પતિની માળા વડે, અથવા સુતર આદિની માળા વડે જાપ કરવો. તેમાં અમુકથીજ કરવો તેવો આગ્રહ કરવાનો નથી. જાપ કરતી વખતે બાહ્ય દ્રષ્ટિ નાસિકાના અગ્ર ભાગ ઉપર રાખવી, અને અંતર દ્રષ્ટિ હૃદયમાં રાખવી. ભ્રુમાં કે ભ્રુની અંદરના પોલાણમાં પણ રખાય છે. તે અંતરસ્થાનમાં મનથી જાપ કરવો.

આ જાપ કરતી વખતે મનની વૃત્તિ જાપમાંજ રાખવી. તે સ્થળે મંત્રના શબ્દોનો પ્રતિધ્વની (પડછંદો) ખટકારાના રૂપમાં પડે તેવી રીતે જાપ કરવો. તે મંત્રના અક્ષરોમાં ધારણા રાખવી.

તે મંત્રના અર્થને સૂચક દેવની મૂર્ત્તિમાં પણ ધારણા રાખવી. આથી મનને બીજા વિકલ્પો કરવાનો વખત મળતો નથી.

આ જાપ કરતાં કદાચ મન ન ઠરે, અશુભ વિકલ્પો વિશેષ પ્રકારે આવ્યા કરે તો, તે પ્રસંગે જાપ કરવો બંધ રાખવો અને થોડીવાર કોઈ આત્મજ્ઞાનસૂચક, યા, વૈરાગ્યમાં વધારો કરનાર પદ લઈ મધુર શબ્દે અને લાંબા સાદે ગાવાનું શરૂ કરવું, તેમ. કરતાં વિકલ્પો હેરાન કરે તો ખુલ્લી હવામાં જરા ઉતાવળે પગે ચાલવું, અને ચાલતાં મનમાં તે મંત્રનો જાપ વિશ્રાંતિ લીધા વગર શરૂ રાખવો. અથવા કોઈ ઉત્તમ પુરૂષની પાસે જઈને બેસવું. તેમના પવિત્ર વિચાર અને વાતાવરણથી અશુભ વાસના વિરામ પામે છે.

આ જાપ કરવા બેસતાં પહેલાં દૃઢ સંકલ્પ કરવો કે મારા અશુભકર્મોની નિવૃત્તિને અર્થે હું બે, ચાર પાંચ કે દશ હજાર જાપ કર્યા પછી ઉઠીશ, અથવા કાળમાન જેમકે બે ઘડી યા ચાર ઘડી સુધી જાપ કરીશું. અથવા આખા દિવસ માટે પ્રભાતે સંકલ્પ કરવો કે આજે હું ઓછામાં ઓછા દશ હજાર મંત્રનો જાપ કરીશ.

આપ્રતિજ્ઞા કરવાનો હેતુ એ છે કે જ્યારે આપણે જાપ ન કરતા હોઈએ ત્યારે પણ આપણા મનની વૃત્તિનો પ્રવાહ

તે જાપ પુર્ણ કરવાની ભાવનાવાળો બન્યો રહે છે. વ્યવહારિક કાર્ય કરતી વેળાએ પણ મનમાં એ ભાવના ચાલુ રહે છે કે, આ કાર્ય ક્યારે કરી લઉં કે પછી મારે કરવાનો જાપ પાછો હું શરૂ કરૂં. એટલે જાપ ન કરવાના વખતમાં પણ જાપની ભાવના, એ શુભ વાસનાનું પોષણ કરે છે. આ વાતને મહાન્ પુરૂષો પણ પુષ્ટિ આપે છે. ચાલુ ક્રિયા ન કરવાના વખતે પણ પહેલાં કરેલ અભિગ્રહ યા પ્રતિજ્ઞા શુભ ભાવનાવાળી વૃત્તિઓને ઉત્પન્ન કર્યા કરે છે, અને તેના વડે ભાવની શુદ્ધિ થાય છે. માટે શરૂઆતવાળાને તે વિશેષ ઉપયોગી છે.

મતાંતરે કોઇ મહાત્માઓ અધ્યાત્મ યોગ
આ પ્રમાણે કહે છે.

स्वौचित्यालोचनं सम्य त्ततोधर्म-प्रवर्तनम् ।
आत्म संप्रेक्षणं चैव, तदेत दपरेजगुः ।१।

કોઇ મહાત્માઓ જુદી રીતે અધ્યાત્મ યોગ કહે છે. તે પણ ઉપયોગી છે. તેઓ કહે છે કે પ્રથમ મનુષ્યોએ પોતાની યોગ્યતાનો વિચાર કરવો કે, મારામાં કોઇ જાતની યોગ્યતા છે? હું કયા અનુષ્ઠાનને લાયક છું? એ વિચારદ્વારા નિશ્ચય કર્યા પછી ધર્મઅનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવી, અને છેવટે આત્મવિચારણા કરવી. આજ વાત જરા સ્પષ્ટતાથી કહે છે.

યોગ્યતાનો વિચાર.

યોગદ્વારા, જનવાદદ્વારા, અને લિંગદ્વારા પોતાની ઉચિતતાનો વિચાર કરવો.

(૧) યોગ.

યોગ એટલે મન, વચન, કાયાનો વ્યાપાર-ક્રિયા. આ શરીરવડે ઉત્તમ પ્રકારના પ્રશસ્ત કાર્યવાળી પ્રવૃત્તિ કરવી, તે કાયવ્યાપાર કહેવાય છે, વચનવડે નિર્દોષ, સત્ય, પ્રિય, પથ્ય ભાષા બોલવી તે વચન વ્યાપાર કહેવાય છે. અને મનવડે નિર્દોષ, શુભચિંતન કરવું તે મનોવ્યાપાર કહેવાય છે. આ ત્રણે યોગની અશુભ પ્રવૃત્તિ સહેલાઇથી અટકાવી શકાય તેટલી તૈયારી કરવી. તેટલી સ્થિતિએ પહોંચતાં અધ્યાત્મયોગ પૂર્ણ થાય છે.

(૨) જનવાદ.

જનવાદ એટલે લોકોનું બોલવું. આપણા સંબંધમાં લોકો શું કહે છે તે સાંભળવું. અને તે ઉપરથી વિચાર કરીને પોતાની ભૂલો સુધારવી. ઘણી વખત કેટલાક સૂક્ષ્મ દોષો પોતામાં હોય તેની ખબર પોતાને પડતી નથી. સામો આરીસો રાખવાથી તેમાં પડતા પ્રતિબિંબમાં મુખ ઉપરના ડાઘ દેખાય છે અને પછી તે સુધારાય છે, તેવીજ રીતે જનવાદ-મનુષ્યોનું બોલવું-તે આરિસા જેવું છે, તેમાં આપણા ગુણ દોષોનું બિંબ પડે છે. મતલબ કે લોકો આપણા

સંબંધમાં જે કાંઈ શુભાશુભ બોલતા હોય તે ઉપર પણ દેશ કાળાનુસાર લક્ષ આપવું. આ ઉપરથી એમ જણાવ્યું કે પોતે પોતાના ગુણ દોષોનો વિચાર તો કરવોજ તે સાથે લોકો તરફની પણ જે કાંઈ સૂચના આગળ પાછળ પોતા માટે થતી હોય તે ઉપર પણ ધ્યાન આપવું. તે ઉપરથી આપણા અધિકારની આપણને ખાત્રી થાય છે.

૩ લિંગ-ઉપશ્રુતિ શુકન.

આપણે કોઇ ઉત્તમ કાર્યમાં પ્રવૃત્તિ કરવાના હોઇએ, એ પ્રસંગે સારાં શુકન થાય, અથવા કોઇ પોતાના કાર્ય પ્રસંગે બોલતો હોય કે "જરૂર કાર્ય સિદ્ધ થશે" "લાભ થશે" કે "નુકશાન થશે" વિગેરે આ પ્રસંગે જો અપણે આપણા કાર્ય માટે તૈયારી કરતા હોઇએ તો જરૂર સમજવું કે તે શબ્દ પ્રમાણે આપણને તેમાં લાભ કે હાની થશે.

ઈત્યાદિ પ્રકારે પોતાની ઉચિત લાયકાત સંબંધી વિચાર કરવો એ આ ચાલુ યોગની અંદર ઈચ્છિત ફળદાયક છે. ઉચિતતાનો વિચાર કર્યા પછી કહેલ ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરવી તે ભાવ વૃદ્ધિનું પોષક કારણ છે. તેથી ધર્મની આંતર લાગણીઓ મજબુત થાય છે. જો ધર્મમાં દઢ લાગણી ન હોય તો

કોઇ પ્રસંગે ઉદય આવેલ કર્મની પ્રબળતાને લઇને તેમાંથી પતિત થવાનો પ્રસંગ આવી જાય છે.

ચાલુ યોગમાર્ગમાં અતિચાર-દૂષણ-ન લાગે યા તેનો ભંગ ન થાય તેવી જાગૃતિ રાખવી. કેમકે નિર્દોષપણે યોગનું આરાધન થાય તોજ યોગથી સિદ્ધ થતો આત્મધર્મ પ્રગટ થાય છે.

કાર્યના પરિણામ પર્યંત વિચાર કરનાર બુદ્ધિમાન ધર્માધિકારીએ પોતાના કાર્યની તપાસણી અમુક દિવસ કે રાત્રીના વખતના આંતરે આંતરે કરતા રહેવી. જેમકે મેં આજ સુધીમાં શું કર્યું? હવે કરવા માટે મારે શું શું બાકી રહ્યું છે? અમુક કાર્ય સિદ્ધ કેમ થતું નથી? તેમાં કયાં વિઘ્નો નડે છે? પ્રતિકુળ સાધનો કયાં કયાં છે? તે કેમ દૂર કરવાં? આમ પોતે અણુવ્રત, મહાવ્રત, ઇંદ્રિયજય, મનોજય, કષાયજય, વૃત્તિનિરોધ, કે વૃત્તિક્ષય વિગેરે જે જે કાર્યનો પ્રારંભ કર્યો હોય તેની તપાસ કરવી. આમ અવલોકન કરવાનું કારણ એ છે કે, પાપકર્મના ઉદયથી આ ચાલુ કરેલ કાર્યમાં ભંગ થવાનો ભય છે, પ્રમાદાદિ કારણે આગળ વધતા અટકી જવાનો પણ સંભવ છે. આ પાપાદિની નિવૃત્તિ અર્થે અને ભયની શાંતિને અર્થે આદર કરેલ કાર્યની વારંવાર તપાસ રાખવી.

કદાચ મન, વિરૂદ્ધ માર્ગમાં પ્રવૃત્તિ કરે, અથવા રોજ કે

વિષ વિકારાદિનો ભય ચાલુ પ્રવૃત્તિમાં ઉત્પન્ન થાય તો, જેમ રાજા શત્રુના ભયથી બચવા માટે કિલ્લાદિનો આશ્રય લે છે, અથવા રોગ શાંતિ નિમિત્તે વૈદ્યનો આશ્રય કરાય છે, અથવા ઝેરના પ્રસંગે મંત્રાદિનો આશ્રય લેવાય છે, તેમ મન, વિરૂદ્ધ માર્ગમાં પ્રવૃત્તિ કરે તો ગુર્વાદિનો આશ્રય લેવો. મનનો નિગ્રહ કરવા માટે ગુરૂ, દેવ અને ચાલુ એક માર્ગમાં પ્રવૃત્તિ કરનાર સ્વધર્મી બંધુઓનો આશ્રય લેવો. ચાલુ માર્ગમાં પથિક અને પારગામી ગુર્વાદિનો આશ્રય કરવાથી વિરૂદ્ધ માર્ગમાં પ્રવૃત્તિ કરાવનાર કર્મનો નાશ થાય છે. કેમકે ગુર્વાદિનો આશ્રય અચિંત્ય શક્તિથી ભરપુર છે. પોતે તે રસ્તે આગળ વધેલ હોવાથી તે માર્ગના ભોમિયા છે, તેથી સાધક જે જે સ્થળે અટકતો હોય ત્યાંથી આગળ માર્ગ બતાવે છે. અમુક કર્મનો નિવિડ ઉદય હોય તો તેને નિર્જરવાનો રસ્તો સ્વાનુભવ સિદ્ધ બતાવે છે.

આ સર્વ અધ્યાત્મ યોગ છે. લાયકાતનો વિચાર કરીને આ માર્ગમાં અણુવ્રતો કે મહાવ્રતોનો આદર કરાય છે. સાધક, જીવાદિ તત્ત્વોનો વિચાર કરે છે. અને મૈત્રી આદિ ભાવનાનો આશ્રય લે છે. આથી ધીમે ધીમે તેની લાયકાત વધતી જાય છે, અને છેવટે ઉત્તરોત્તર ચઢતા યોગમાર્ગના અધિકારી થાય છે.

કોઈ મહાત્માઓ અધ્યાત્મ યોગને આથી પણ જુદી રીતે વર્ણવે છે. તેઓ આ પ્રમાણે કહે છે.

देवादिवन्दनं सम्यक्, प्रतिक्रमणमेव च ।
मैत्र्यादिचिन्तनं चैतत् सत्त्वादिष्वपरे विदुः ॥ १ ॥

દેવાદિને વંદન કરવું, સારી રીતે પ્રતિક્રમણ કરવું, અને બીજા જીવો ઉપર મૈત્રી આદિ ભાવોનું ચિંતન કરવું, આ અધ્યાત્મ માર્ગ છે એમ અપર આચાર્યો કહે છે. ૧

આજ વાત જરા સ્પષ્ટતાથી કહેવામાં આવે છે.

દેવવંદન.

વીતરાગ, દેવાધિદેવ શુદ્ધ આત્માના આદર્શ રૂપ છે. અને સાધકના પ્રાપ્તવ્યનું પરમ ધ્યેય છે. તે આદર્શ તરફ લક્ષ રાખીને, તે દેવની મૂર્તિ સન્મુખ તેમને વંદન કરવું, આનું નામ દેવવંદન છે. આ દેવવંદના અથવા ચૈત્યવંદના કરવી વખતે સ્થાન, કાળ, ક્રમ, અને શબ્દાર્થનું ભાન બરોબર રાખવું જોઈએ.

આ પ્રમાણે ચૈત્યવંદના કરવી, પ્રભુભક્તિ અર્થે બોલતાં સ્તવનાદિ ગુણોની સ્તોત્રરૂપ, હોવાં જોઈએ તે એવા શાંત

અને મધુર સ્વરે બોલવાં જોઇએ કે, જે બોલતાં બોલનારે અને સાંભળનારનાં રોમ રોમ વિકાશ પામે, અને મોહભાવ ઓછો થાય, તથા પ્રભુ તરફ પ્રેમભક્તિ જાગૃત થાય. આ સ્તવનો હૃદયની લાગણી, શ્રદ્ધા અને સંવેગ સાથે ગાવાં જોઇએ, કે જે આર્દ્ર હૃદયથી પ્રગટેલ નિર્મળ ઉર્મીઓની ઉંડી અસર પોતાના અને સાંભળનારના મનને આનંદ ઉત્પન્ન કરે. આ આનંદ કે રોમાંચનો વિકાસ બનાવટી નહિ, પણ સ્વભાવિક અને વર્ધમાન પરિણામવાળો થાય તે અમૃત ક્રિયાનું લક્ષણ છે.

આ પ્રમાણે ક્રિયાપૂર્વક વંદન કરવું તે પોતાની યોગ્યતા વધારનાર પવિત્ર અને ઉપયોગી સાધન છે.

કાળ. એટલે સવાર, બપોર, સાંજ આ ત્રણ સંધ્યા, ત્રણ કાળ ચૈત્યવંદના કરવી.

ક્રમ. એટલે પ્રથમ ચૈત્યવંદન, શક્રસ્તવ (નમુત્થુણંનો પાઠ), સ્તવન અને જયવિયરાય આદિ પ્રણિપાત દંડકાદિનો અનુક્રમે ઉચ્ચાર કરવો.

શબ્દ-અર્થ. એટલે દેવવંદન કરવાનાં સૂત્રો અને તેમાં કહેવાનો જે ભાવાર્થ હોય તે અર્થ. આ સૂત્રઅર્થમાંથી પોતાના ઉપયોગને બહાર નીકળવા ન દેવો, પણ તેમાંજ ઉપયોગ ટકાવી રાખવો તે.

સ્થાન. એટલે ચૈત્યવંદના કરતી વખતની મુદ્રા-શરીરની આકૃતિ-જેમકે જમણો ઢીંચણ જમીન ઉપર સ્થાપન કરવો. ડાબો ઢીંચણ ઉભો રાખવો વિગેરે. તે પ્રમાણે શરીરનું સંસ્થાન રાખવું.

પ્રતિક્રમણ.

स्वस्थानाद्यत्परं स्थानं, प्रमादस्य वशाद्गतः
भूयोऽप्यागमनं तत्र, प्रतिक्रमणमुच्यते ॥१॥

પોતાની ભૂમિકા (ગૃહસ્થ હોય તો ગૃહસ્થની અને ત્યાગી હોય તો ત્યાગીની) થી પરસ્થાનમાં (નીચલી ભૂમિકામાં) પ્રમાદના વશથી જે જવાયું હોય ત્યાંથી પાછા પોતાની ભૂમિકામાં પાછું આવવું તેને પ્રતિક્રમણ કહે છે. પ્રતિક્રમણ એ ચોથું આવશ્યક છે, છતાં છ આવશ્યક રૂપ ક્રિયાને પ્રતિક્રમણ ચાલુ ભાષામાં કહેવામાં આવે છે.

પ્રતિક્રમણનો સામાન્ય અર્થ ઉપર જણાવવામાં આવ્યો તે થાય છે કે, પોતે ગૃહસ્થ હો કે ત્યાગી હો તેને લાયક જે ક્રિયાકાંડ, વ્રત, તપ, જપાદિ કરવા યોગ્ય નિયમિત કરેલ હોય તેનાથી પર જે અન્ય નીચલા સ્થાનમાં માનસિક પરિણામ દ્વારા, વચન દ્વારા કે શરીર દ્વારા, પ્રમાદ-અજ્ઞાનતાને લીધે

જવાયું હોય તે પરિણામાદિથી પાછા ફરી, ઉંચા ચડી પાછા પોતાની ભૂમિકામાં આવવું તે પ્રતિક્રમણ છે.

તેની વિશેષ વિધિ આ પ્રમાણે છે-પ્રથમ સમભાવમાં બેસવાની, સર્વ પાપવાળી મન, વચન, કાયાની પ્રવૃત્તિને ત્યાગ કરવાના સંકલ્પ રૂપ, ઓછામાં ઓછી બે ઘડી સુધીની પ્રતિજ્ઞા કરવી. અથવા ચાલુ ક્રિયા પૂર્ણ થઈ રહે ત્યાં સુધીને નિયમ લેવો. તે સામાયિક આવશ્યક. ૧

બીજા આવશ્યકમાં પોતાના ઇષ્ટદેવ, પરમ ઉપગારી વીત-રાગ પ્રભુના ગુણની સ્તુતિ કરવી. ચોવીશ તીર્થંકર દેવના નામ સ્મરણ સૂચક-લોગસ્સ કે સિદ્ધાણં બુદ્ધાણં આ સૂત્રોમાં તે હકીકત આવે છે, ૨

ત્રીજું આવશ્યક વંદન નામનું છે. આ વંદન પોતાના ઇષ્ટગુરૂને કરવામાં આવે છે. આ વંદન કરવા સાથે પોતે અજાણતાં ગુરૂની આશાતના કે અવજ્ઞા કરી હોય તે ગુરૂના ચરણમાં મસ્તક મૂકીને માફી યાચવાની પણ છે. આ ક્રિયા ગુરૂ પ્રત્યે બહુમાન, હૃદયના પ્રેમ અને ભક્તિ દર્શાવવા રૂપ છે. તત્ત્વને જાણનાર અનુભવી ગુરૂઓ પોતાના શબ્દ દ્વારા શિષ્યોનું અજ્ઞાન દૂર કરે છે.

ચોથા આવશ્યકનુ નામ પ્રતિક્રમણ છે. ઉપર જણાવ્યું

આચાર તેમ પ્રમાદાદિ દ્વારા પોતાની ભૂમિકાથી નીચી ભૂમિકામાં જવાયું હોય તેવા મતાદિમાં લાગતા દોષોને યાદ કરી તે ભૂલની માફી માગવી એ ભાવાર્થ છે. ૪

પાંચમું આવશ્યક કાયોત્સર્ગ છે. કાયા જે શરીર તેનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ. શરીરનો ત્યાગ કરવો એટલે અમુક એક, બે, ચાર, બાર, વીશ, ચાલીસ લોગસ્સ (તીર્થંકર દેવની સ્તુતિ) નો પાઠ મનમાં કરવા સુધી, અથવા પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું સ્મરણ ચિંતન કરવા સુધી દેહ ભાવનો ત્યાગ કરવો. દેહનું હલન ચલન થવા ન દેતાં સ્થિર રહેવું. દેહ ઉપર થતા ટાઢ, તાપ, ઘામ, મચ્છર, ડાંસાદિના ઉપદ્રવની ઉપેક્ષા કરવી. દેહભાવમાંથી મનોવૃત્તિ-ઉપયોગ-ખેંચી લઈ પરમાત્માના નામસ્મરણમાં જોડી રાખવી. તેનું નામ કાયોત્સર્ગ-દેહનો ત્યાગ-એમ કહેવું આંહી ઈષ્ટ છે.

છઠ્ઠું આવશ્યક પચ્ચખ્ખાણ નામનું છે. પ્રત્યાખ્યાન-પ્રતિજ્ઞા ત્યાગ-એ અર્થમાં પચ્ચખ્ખાણ શબ્દ વપરાય છે.

કેનો ત્યાગ? આહારાદિનો. શા માટે? કાયોત્સર્ગ કરવાથી પણ દિવસમાં કરેલા અપરાધની શુદ્ધિ ન થઈ હોય તે દોષની શુદ્ધિ માટે તપ કરવો. શરીર, ઇન્દ્રિયો તપે,

મન ક્લેશ સહન કરીને પણ ઇચ્છાનો નિરોધ કરે, ફરી તેવી પ્રવૃત્તિ ન કરે તે માટેની શિક્ષા.

આ શિક્ષા–દંડ અનેક પ્રકારે છે. જેવો અપરાધ તેવો દંડ. અપરાધ કરનારના શરીરાદિની જેવી શક્તિ તેવો દંડ. જેવો અપરાધ કરવાનો આશય તેવો દંડ, આટલોજ દંડ કે સર્વને સરખો દંડ એમ એકાંત માર્ગ નથી.

મનુષ્યોના કાર્ય કરતી વખતના સંયોગો અને પરિણામ ઉપર વધતા ઓછા કર્મબંધનો આધાર રહેલો છે. તેમાં પણ વધારો કે ઓછાશ થવાનો આધાર કાર્ય કર્યા પછીના હર્ષ કે પશ્ચાતાપવાળા અધ્યવસાય ઉપર રહેલો છે. ૬

આ આવશ્યક ક્રિયા ત્રીજા ઔષધની માફક ગુણદાયક છે. એક ઔષધ, થયેલ વ્યાધિનો નાશ કરે છે, પણ વ્યાધિ ન હોય તો નવો ઉત્પન્ન કરે છે. બીજું ઔષધ, વિદ્યમાન વ્યાધિ દૂર કરે છે પણ વ્યાધિ ન હોય તો ગુણ કે દોષ કાંઇપણ કરતું નથી. ત્રીજું ઔષધ, છતા રોગનો નાશ કરે છે અને રોગના અભાવે રસાયણની માફક પરિણામ પામી શરીરને પુષ્ટ કરી બળ આપે છે આ દૃષ્ટાંતે, આ પ્રતિક્રમણ છતા દોષનો નાશ કરે છે, દોષના અભાવમાં કર્મ નિર્જરાદિ કાર્યના પોષણમાં મદદગાર બને છે, માટે સવારે અને સાંજે એમ બન્ને વખત આ પ્રતિક્રમણ અવશ્ય કરવું.

અતિક્રમણની સંભાવના કયાં છે ?

पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं।
असद्दहणे अ तहा, विवरीयपरुवणाएअ ॥१॥

જે જે કાર્ય જે ભૂમિકામાં પ્રતિષેધ કર્યાં હોય તે કાર્ય કર્યું હોય, જે જે કાર્ય જે ભૂમિકામાં કરવાનાં કહેલાં હોય તે ન કર્યાં હોય, જે સદ્દહવા યોગ્ય તેની શ્રદ્ધા ન કરી હોય, તેમજ વિપરીત પ્રરૂપણા કરી હોય તે માટે પ્રતિક્રમણ છે. આમાંથી પ્રતિક્રમણની ઉત્પત્તિ છે.

આ પ્રતિક્રમણ અંતઃકરણની નિર્મળતાનું પરમ કારણ છે.

મૈત્રી ભાવના. (૧)

સર્વ જીવો સુખી થાય તેવી લાગણીઓ મનમાં ઉત્પન્ન કરવી તે મૈત્રી ભાવના છે. આ ભાવનાના બળથી વેર, વિરોધની લાગણીઓ નાશ પામે છે, મન પવિત્ર થાય છે, શુભ ભાવના વૃદ્ધિ પામે છે.

આ ભાવના ચાર ભાગમાં વહેંચાય છે. ૧ ઉપકારી, ૨ સ્વજન, ૩ આશ્રિત, અને ૪ સર્વ જીવો,

જેમ જેમ હૃદયની લાગણીઓ વિશાળ થતી જાય છે તેમ તેમ આ ભાવનાનો પ્રદેશ પણ મોટો થતો જાય છે.

અને છેવટે અખીલ વિશ્વ તરફ બંધુભાવ થઇ ભાવનાનો પૂર્ણ વિકાશ થાય છે.

શરૂઆત ઉપકારી તરફ ઉપકાર કરવામાંથી થાય છે, જેમકે, કેટલાએક મનુષ્યો પોતાને ઉપકાર કરનાર ઉપકારી જીવ તરફેજ મિત્ર ભાવના રાખે છે. તેનું ભલું ચિંતન કરે છે. તે સુખી થાય તેથી તે રાજી થાય છે. પણ ઉપકારી સિવાયના જીવો તરફ તે આ ઉદારતા વાપરી શકતો નથી. ૧

તેનાથી વધારે વિકાશ પામેલી શુભ લાગણીવાળો મનુષ્ય, પોતાને ભલે ઉપકાર ન કરતા હોય તેવા પણ પોતાના ગણાતા સ્વજન, સંબંધી, કુટુંબનું ભલું ઇચ્છે છે. તેઓ સુખી થાય તેમાં તે રાજી થાય છે. પહેલા ઉપકારીનેજ ઉપકાર કરનાર સ્વાર્થી કરતાં આ કુટુંબના ભલાની લાગણી વધારે વિકાશ પામેલી ગણાય. ૨

આથી આગળ વધેલા મનુષ્યોં પોતાને અથવા પોતાના પૂર્વજો-પૂર્વે થયેલા પુરૂષોને-આશ્રિત થઇને રહેલા હોય, તથા પોતાની નાત, જાતના કે પોતાના ગામના અથવા દેશના મનુષ્યો હોય તેમના તરફ મિત્રભાવ રાખે છે. તેમનું સારૂં ઇચ્છે છે, તેમને સુખી જોઇ સંતોષ પામે છે. ૩

તેનાથી પણ આગળ વધેલા નિર્મળ હૃદયના મનુષ્યો

નિષેધ કરેલ વસ્તુ તેને ખાવા આપે. આ એક દૃષ્ટાંત છે. આ ન્યાયે બીજા પણ આવાં દૃષ્ટાંતો યોજી લેવાં

આવી કરૂણા તે ખરી કરૂણા નથી, કેમકે તેનું ભાવી પરિણામ કરૂણા જેનાપર કરવામાં આવી છે તેના અહિતમાં આવે છે.

કોઈ પણ દીન, દુઃખી, આંધળો, અપંગ, વૃદ્ધ આદિને દુઃખી દેખીને, લોકવ્યવહારમાં પ્રસિદ્ધ કરૂણાની લાગણી થઈ આવે અને તેને લઈને અન્ન, વસ્ત્રાદિ જરૂરીયાતનાં સાધનો આપવાં તે બીજી કરૂણા છે.

આ ભાવના પ્રથમ કરતાં ઉંચા પ્રકારની છે. આમાં વ્યવહારિક વિવેક સાથે હોય છે.

જન્મ, મરણ રોગ, શોક, આધિ, વ્યાધિ અને ઉપાધિથી રીબાતાં–દુઃખી થતાં–પોતાના સંબંધીઓ, પરિચયવાળાઓ, મિત્રો વિગેરેને દેખી, તેમને સંસાર બંધનથી મુક્ત થવા અર્થે, કરૂણા વડે, ભાવી કલ્યાણરૂપ મોક્ષ પ્રાપ્તિ માટે ધર્મોપદેશ આપી સન્માર્ગમાં યોજવાં. આ જીવો વ્યવહારમાં ભલે સુખી હોય છતાં ધર્મ વિના ભાવી દુઃખી થશે એમ ભાવી કાળનાં સુખ માટે કરૂણા વડે સન્માર્ગે ચડાવવાં તે ત્રીજી કરૂણા છે. સામાન્ય રીતે ધર્મી મનુષ્યોમાં આવી કરૂણાની લાગણીઓ હોય છે.

ઉપરની કરૂણાથી વિશેષ પ્રકારે વિકાશ પામેલા જીવનવાળા મહાન્ પુરૂષોમાં આ ચોથી કરૂણા હોય છે. તેઓ કોઈ પ્રકારના સંબંધી, નાત, જાત, કે દેશના મનુષ્યોના સંબંધની અપેક્ષા રાખ્યા સિવાય દુઃખી જીવોને મદદગાર થાય છે. દુનિયાના સર્વ જીવો પરમ શાંતિરૂપ નિર્વાણ પામે, જન્મ-મરણાદિ દુઃખથી રહિત થઇ પોતાના ખરા સત્ય સ્વરૂપનો અનુભવ કરે. આ લાગણીવાળી કરૂણાવડે, સ્વભાવથીજ સર્વ જીવોને આત્મબોધ, હિતકારી ઉપદેશ આપવાની પ્રવૃત્તિ કરે છે. સર્વ જીવોનું કલ્યાણ થાય તે માટે અહોનિશ તેવો પ્રયત્ન કરે છે.

આ પ્રમાણે પોતાની જેટલી અને જે જાતની શક્તિ વિકાશ પામી હોય તેના પ્રમાણમાં જીવોના બાહ્ય આંતર દુઃખો દૂર કરવા માટે કરૂણાનો-પોતાની શક્તિનો ઉપયોગ કરવો. તેથી અધ્યાત્મ બળ પોષણ પામે છે, કે જે ભાવી પોતાના હિતનું પરમ કારણ છે.

પ્રમોદ યા મુદિતા ભાવના. (૩)

બીજાને સુખી દેખી રાજી થવું. જ્ઞાની, ગુણી અને સુખી જીવોને દેખી તેમના તરફ ઈર્ષા કે દ્વેષ ન કરતાં સંતોષ માનવો, અથવા પરની ઉન્નતિ જોઇ આનંદિત થવું તેને પ્રમોદ અથવા મુદિતા ભાવના કહે છે.

આ પ્રમોદ ભાવના ચાર પ્રકારની છે. ૧ આપાતરમ્ય પ્રમોદ, ૨ સહ્હેતુ પ્રમોદ, ૩ ભાવી પરિણામ રમ્ય પ્રમોદ, અને ૪ પારમાર્થિક પ્રમોદ.

પ્રથમ આપાતરમ્ય પ્રમોદ આ પ્રમાણે છે. (આપાત એટલે દેખવા માત્ર (રમ્ય) એટલે મનોહર. દેખવા માત્રથી ઉત્તમ જણાય, છતાં પરિણામે દુઃખ રૂપ હોય, જેમકે કોઇ રોગી મનુષ્ય ઇચ્છાનુસાર અપથ્ય વસ્તુનું ભોજન કરી પોતાને આનંદ માને તે આ આનંદ દેખવા માત્રનોજ છે, કેમકે અપથ્ય ભોજનનું પરિણામ રોગની વૃદ્ધિ, દુઃખનો વધારો, અને છેવટે દેહનો નાશ-મરણ થવા સુધીમાં આવે છે.

આ દષ્ટાંતે વર્તમાન કાળમાં રમણિક પણ ભાવી કાળમાં દુઃખરૂપ વિપાકવાળાં અનુકુળ વિષય સુખને મેળવીને તેમાં સંતોષ માને, તેથી પોતાને કૃતાર્થ માને અને તેવાં સુખ જેને મળ્યાં હોય તેની અનુમોદના કરે, તેને કૃતાર્થ માને તે આપાતરમ્ય પ્રમોદતા છે.

આ પાંચ ઇંદ્રિયોને અનુકૂળ વિષયો કાયમ ટકી રહેવાના નથી, તેમજ તેની અંદર નિર્વેદ ઉત્પન્ન કરનારાં દુઃખનાં બીજ રહેલાં હોવાથી છેવટે તેનાથી નિરાશાજ ઉત્પન્ન થાય છે, અને સત્ય સુખ માટે તેને પાછી નવી શોધ કરવી બાકીજ રહે છે. સત્ય સુખની શોધ નથી કરતો

અને આ માયિક સુખમાં આશક્ત રહે છે તો તેનાં ભાવી વિપાકો અસહ્ય દુઃખ રૂપે અનુભવવા પડે છે.

જેની વિવેક દ્દષ્ટિ હજી વિકાશ નથી પામી, જે સ્વાભાવિક સત્યાસત્યને સમજવાને હજી બાળદશા ભોગવે છે, અને જે આ ક્ષણિક આનંદ આપનાર વિષયોનેજ છેવટના સુખ રૂપ સમજે છે તે પોતાને અને પરને મળેલા વિષય સુખમાં આનંદ માને છે.

બીજી સદ્દહેતુ મુદિતા છે. આમાં વિશેષ પ્રકારે વ્યવહાર કુશળપણું રહેલું છે. હદ ઉપરાંત ખાનપાન અને વિષયાદિ દુઃખરૂપ થાય છે, તેનાં અનેક દ્દષ્ટાંતો વર્ત્તમાનકાળમાં તેની નજરે ખડાં દેખાય છે. તેથી દેહના રક્ષણ નિમિત્તે નિરોગી પણા માટે, આ લોક સંબંધી સુખને જરૂરીયાતના પ્રમાણમાં ભોગવે છે. દેહાદિને હિતકારી વિષયો હોય તેટલાજ અને તે પણ થોડા પ્રમાણમાંજ ભોગવે છે, તેથી રોગાદિ ઉપદ્રવો થતા નથી. આ પ્રમાણે વર્ત્તમાનકાળમાં ઉપયોગી, હિતકારી વિષયોમાં પોતે પ્રવૃત્તિ કરે છે અને બીજા કોઇ તેવી પ્રવૃત્તિ કરી શરીરાદિથી નિરોગીતાદિ અનુભવતા જોઇને સંતોષ માને છે. તેની અનુમોદના કરે છે. તે સદ્દહેતુ મુદિતા છે. મતલબ કે વર્ત્તમાન કાળમાં નીતિવાળી પ્રવૃત્તિ કરનાર અને તેને લઇ દેહાદિની નિરોગીતા અને

વ્યવહાર કુશળતાને લઇ સુખમય જીંદગી ગુજારનારને દેખી ખુશી થવુ, અને પોતે પણ તેવી પ્રવૃત્તિ કરી સુખી થવું તે બીજી મુદિતા છે.

૨

હિતકારી પરિણામ, એટલે જે પ્રવૃત્તિનું પરિણામ ભાવી કાળ માટે પણ સુખ રૂપમાં આવે છે, તે ત્રીજી મુદિતા છે. તેની પ્રવૃત્તિ એવી હોય છે કે, આ લોકમાં અને પરલોકમાં તેના ઉત્તમ સુખ રૂપ ફળની પરંપરા ચાલુજ રહે છે. આ લોકમાં વ્રત, તપ, જપ, નિયમ અને પરોપકારાદિનાં કાર્યો કરવાની તે પ્રવૃત્તિ કરે છે. તેમાં પોતે આનંદ માને છે. તેવાં કાર્યો કોઇ કરતા હોય તો તે દેખીને તેને વિશેષ સંતોષ થાય છે. આવાં કાર્યના ફળ રૂપે આ લોકમાં તેની કીર્તિ વધે છે. માન સન્માન વિશેષ પામે છે. લોકો તેની વાહવાહ બોલે છે, અને પરલોકમાં દેવ, મનુષ્યાદિના ભવમાં કલ્યાણની પરંપરા આપનારાં અનેક સુખનો તે અનુભવ કરે છે.

આવી પ્રવૃત્તિ પોતે કરવી અને જે કરતા હોય તેની અનુમોદના કરવી, તેનું બહુ માન કરવું. તેના ગુણો બોલવા, તે હિતકારી પરિણામ રૂપ મુદિતા છે.

૩

ચોથી પારમાર્થિક મુદિતા છે. તે ઉત્તમ એટલા માટે કે તેની પોતાની પ્રવૃત્તિ મોહ, અજ્ઞાનાદિનો ક્ષય થવાથી ઉત્પન્ન થતા અવ્યાબાધ, અખંડ સુખ તરફ હોય છે જેમ તેની પો-

તાની પ્રવૃત્તિ સર્વ કર્મક્ષયથી ઉત્પન્ન થતા શાશ્વત આનંદ તરફ હોય છે; તેવીજ રીતે દુનિયાના કોઈ પણ જીવો આ માર્ગ ઉપર હોય છે તેને દેખીને તે વિશેષ પ્રકારે મુદિત થાય છે. મતલબ કે દુનિયાના સર્વ જીવો કાયમ સુખી થાય, પરમાનંદમાં મગ્ન થાય અને શાશ્વત શાંતિ પામે એવા પુરુષાર્થ તરફ પ્રવૃત્તિ કરનાર જીવોને દેખી તે આનંદ પામે છે, તેની અનુમોદના કરે છે, તે ઉત્તમ પરમાર્થિક મુદિતા છે. ૪

ઉપેક્ષાભાવના. (૪)

ઉપેક્ષા, એટલે મધ્યસ્થપણું, કોઇના કાર્યમાં આડે ન આવવું. તેનાં કર્મ તે જાણે. સૌ સૌનાં કરેલાં કર્મ ભોગવશે, એવી ભાવના-લાગણી, આ ભાવનાનો મુખ્ય વિષય છે.

આ ઉપેક્ષા પણ જ્ઞાન અને વિવેકના પ્રમાણમાં ઉપયોગ કરનારી અને ફળ આપનારી થાય છે.

આ ઉપેક્ષા ચાર પ્રકારે કરાય છે. ૧ અહિત ઉપેક્ષા, ૨ ભાવી ઉપેક્ષા, ૩ વૈરાગ્ય ઉપેક્ષા અને ૪ તત્ત્વ ઉપેક્ષા.

કોઈ મનુષ્ય અહિત કાર્યમાં પ્રવૃત્તિ કરતો હોય, તેનું ભાવી પરિણામ તેને દુઃખરૂપ આવવાનું છે, એમ જાણવા છતાં, તેનો વિચાર ન કરતાં, અથવા તે વિચારને હાલ તરત ગૌણ કરીને, વર્તમાનકાળમાં તે સુખી થાય તે વાતને મુખ્ય કરીને

તેના સુખી થવાની કરૂણા વડે તેનો નિષેધ ન કરતાં ઉપેક્ષા કરી પ્રવૃત્તિ કરવા દેવી તે અહિત ઉપેક્ષા છે. જેમકે રોગી માણસ, પોતાની સ્વતંત્ર ઇચ્છાનુસાર અપથ્ય સેવન કરતો હોય તેને કરૂણાવડે નિષેધ ન કરતાં ઉપેક્ષા કરવી. આજ ન્યાયે બીજાં પણ દષ્ટાંતો પાંચ ઇંદ્રિયોના વિષયો સંબંધી સમજી લેવાં.　　　　　　　　　　　　　　　　　૧

બીજી ભાવી ઉપેક્ષા. પરિણામનો વિચાર કરીને ઉપેક્ષા કરવી. જેમકે કોઇ મનુષ્ય, આળસથી ધન ઉપાર્જન કરવામાં પ્રવૃત્તિ કરતો નથી. તેને પ્રવૃત્તિ નહિ કરતો દેખીને, તેનો કોઈ સંબંધી કોઈ વખત તેની ઉપેક્ષા કરે કે, અત્યારે તેને કહેવાનો અવસર નથી, તેવો કાળ નથી; તેને અનુકૂળ સાધનો નથી અથવા તેનો ઉત્સાહ કે લાગણીઓ જોઈએ તે પ્રમાણમાં તે કાર્ય માટે વિકાશ પામી નથી, અમુક વખત સુધી હજી તેને પ્રેરણા કરવાની જરૂર નથી, એમ ધારી તેની ઉપેક્ષા કરે, અને વખતની વાહ જુવે, અને વખત આવતાં કાર્યમાં પ્રવૃત્તિ કરાવે.

કોઇ વખત ભાવી પરિણામ સારૂં ન દેખાતું હોય તો મધ્યસ્થપણું ધારણ કરી તેની ઉપેક્ષા કરે. આજ દષ્ટાંતે ધર્મના માર્ગમાં પણ તેની ઉમર, કર્મનો ઉદય, ચાલુ લાગણીઓ અને આજુબાજુના સંયોગો વિગેરે ધ્યાનમાં લઇ, કોઇ

વખતે હિતાર્થી માણસ તેને ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે અને કોઇ વખતે ઉપેક્ષા કરી તે કાર્યમાટે વખતની રાહ જુવે. ૨

નિર્વેદ ઉપેક્ષા. અનેક દુઃખથી વીંટાયેલા અને તેને લઇને દુઃખથી જુદા ન પાડી શકાય તેવા સંસારના સુખમાં તે સુખ કેવળ દુઃખરૂપજ છે. એમ વિચાર કરીને સર્વ ઇંદ્રિયોને આનંદ આપનાર સુખને દુઃખરૂપે સમજી તેની ઉપેક્ષા કરવી, તેનો ત્યાગ કરવો તે નિર્વેદ ઉપેક્ષા છે. ૩

તત્ત્વચિંતન ઉપેક્ષા. દુનિયામાં રહેલાં સારા કે નઠારા જે જે વિષયો છે. તેસર્વે પરમાર્થ રીતે વિચાર કરતાં રાગ દ્વેષ ઉત્પન્ન કરનારા નથી. તેમાં કાંઇપણ મુખ્ય કારણ હોય તો તે હું પોતેજ છું. મારામાં જે મોહાદિ વિકાર રહેલા છે તેથીજ મને રાગ દ્વેષ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે વિચાર કરીને સર્વ સ્થળે, સર્વ કાળે પોતાને ઉત્પન્ન થતા સુખ દુઃખમાં, ઉપાદાન કારણરૂપે તે કોઇ પણ જીવને માનતો નથી. એમ પોતાને સુખ ઉત્પન્ન થવામાં સર્વ જીવોની ઉપેક્ષા કરી પરમાર્થ વૃત્તિએ પોતાનેજ સુધારવા પ્રયત્ન કરાય તે તત્ત્વચિંતન ઉપેક્ષા છે. ૪

આ પ્રમાણે સર્વ જીવો ઉપર પ્રેમ, સર્વ જીવો સુખી થાય તેવી લાગણીવાળી મિત્રતા, દુઃખી જીવો ઉપર કરૂણા, તેમનાં દુઃખ દૂર કરવાની લાગણી ગુણવાન ઉપ... દ્વેષ કે ઇર્ષ

નહિ પણ તેમને સુખી જોઇને થતા આનંદવાળો પ્રમોદ અને અધર્મી જીવો ઉપર તિરસ્કાર નહિ પણ ઉપેક્ષા. આવી પ્રવૃત્તિ કરનારા જીવો પોતાના પરિણામને શુદ્ધ કરી છેવટે અધ્યાત્મ યોગને સિદ્ધ કરે છે.

જેનો યોગ સિદ્ધ થયેલો છે તેમને આ ભાવનાઓ સ્વભાવસિદ્ધ હોય છે. યોગના આરંભ કરવાવાળાને આ ભાવના પ્રમાણે દરેક અસંગમાં વર્તન કરવાથીજ ભાવી કલ્યાણવાળું મન પવિત્ર થાય છે. યોગની પુષ્ટિ માટે આ ભાવનાને મહારમાઓ રસાયણ સમાન ગણે છે

પરમાર્થનો વિચાર કરનાર વિવેકી મનુષ્યોને આ મૈત્રી આદિના ચિંતન અને વર્તનરૂપ અધ્યાત્મ યોગ હોય છે. તેવા મનુષ્યોની મનોવૃત્તિઓ પ્રાયે આ ચાર પ્રકારના પરિણામથી બહાર હોતી નથી. અર્થાત્ મનની વૃત્તિઓને મૈત્રી, કરૂણા, પ્રમોદ કે માધ્યસ્થ ભાવમાં જ્યાં જેની જરૂરીયાત હોય ત્યાં તેને તે તે ઠેકાણે જોડી દઇને વ્યવહારનો તથા પરમાર્થનો નિર્વાહ તેનાથી કરી લે છે.

અધ્યાત્મ યોગનું ફળ.

अतः पापक्षयः सत्वं, शीलं ज्ञानं च शाश्वतम् ।
तथानुभवसंसिद्ध ममृतं ह्यद एव तु ॥ १ ॥

આ અધ્યાત્મ યોગથી જ્ઞાનાવરણાદિ ક્લિષ્ટ કર્મનો ક્ષય થાય છે. તેનું-સત્વ-વીર્ય વિકાસ પામે છે. તેના ચિત્તની સમાધિ વધે છે. વસ્તુના અવબોધ રૂપ શાશ્વત, કોઇ સ્થળે સ્ખલના ન પામે તેવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમજ આ અધ્યાત્મ યોગ, અતિ દારૂણ મોહરૂપ વિષના વિકારનો નાશ કરનાર હોવાથી એનું વૃત્તાંત અનુભવ સિદ્ધ છે કે તે અમૃત સમાન છે. પરંપરાએ તે વૃત્તિસંક્ષય યોગની પ્રાપ્તિ કરાવે છે.

આ પ્રમાણે નામ પ્રમાણે ગુણવાળા, આત્માને વિષે આત્માને જોડનાર અધ્યાત્મ યોગનું વર્ણન સમજવું.

ઇતિ શ્રી અધ્યાત્મયોગ.

અધ્યયન ૭ મું.

ભાવના યોગ.

अभ्यासोऽस्यैव विज्ञेयः, मत्यहं वृद्धिसंगतः ।
मनःसमाधिसंयुक्तः, पौनःपुन्येन भावना ॥ १ ॥

આજ અધ્યાત્મયોગનો નિરંતર અભ્યાસ કરવો, તે અભ્યાસ વિશેષ ઉચ્ચ કોટિમાં આવે અને મન નિરોધ અવસ્થામ પ્રવેશ કરે તેવો વારંવાર અભ્યાસ કરવો, તે ભાવના યોગ કહેવાય છે.

મનને વિવિધપ્રકારના ઉચ્ચ વિચારોની ભાવના આપવી તેને પણ ભાવના યોગ કહેવામાં આવે છે. આ ભાવના યોગમાં પૂર્વના અધ્યાત્મ યોગની ક્રિયા સાથે ઉચ્ચ વિચારોથી વાસિત કરવાનું કાર્ય છે. ઉચ્ચ વિચારોથી સંસ્કાર પામેલું મન નીચા વિચાર કરવાનું છોડી દે છે. વિચારબળ વિચારબળને તોડવાનું કામ કરે છે. એક મજબુત વિચાર ત્રેંકડો નબળા વિચારોને તોડી પાડે છે. એટલે આ ભાવનામાં વિચારબળ મુખ્ય છે. તે વિચારબળ આ યોગમાં-યોગની ભૂમિકામાં- જેટલું જરૂરનું છે

તેને પાંચ ભાગમાં-પાંચ જાતના વિચારોમાં-વહેંચી નાખવામાં-આવ્યું છે. શ્રુત ભાવના ૧, તપભાવના ૨, સત્ત્વભાવના ૪, એકતા ભાવના ૪, અને તત્ત્વ ભાવના ૫.

(૧) શ્રુત ભાવના.

શ્રુત જ્ઞાનનો અભ્યાસ વધારવો. આત્મજાગૃતિને આપનાર, વિવેક દૃષ્ટિ ખીલવનાર, જડ ચેતનનો ભેદ સમજાવનાર, જ્ઞાન ભણવું જોઇએ. તે શિવાયનું જ્ઞાન ને ખરૂં જ્ઞાન નથી. એક મહાત્માએ કહ્યું છે કે, તે જ્ઞાનજ નથી કે જે ભણવાથી રાગ દ્વેષ વૃદ્ધિ પામે. સૂર્યના કિરણો આગળ અંધકારની શક્તિ નથી કે તે ટકી શકે! તેમ જ્ઞાન જ્યાં હોય ત્યાં રાગદ્વેષ ઓછા થવાજ જોઇએ મતલબ કે રાગદ્વેષનો નાશ કરે તેજ જ્ઞાન કહેવાય.

શરૂઆતમાં, સુક્ષ્માર્થવાળા અને દૃષ્ટિથી અગોચર પદાર્થોનું જ્ઞાન-શ્રુતજ્ઞાન-ભગવાનના કથન કરેલા સિદ્ધાંતોથી થાય છે, એટલે તે શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો.

જ્ઞાન ભણતાં અર્થ ઉપર અધિક લક્ષ આપવું. વગર સમજણે પાઠો મોઢે કરી જવા તે મગજમાં એક જાતનો વગર પ્રયોજને બોજો ઉચકવા જેવું છે. કારણ કે તેની હૈયાતી હો કે ન હો પણ તેથી પોતાનું કર્ત્તવ્ય સમજાતું નથી.

શ્રુતજ્ઞાનથી નિત્ય, અનિત્ય, એક, અનેક, સદ્, અસદ્ ઉત્સર્ગ, અપવાદ વિગેરે વિસ્તારથી સમજવા. ઉત્સર્ગ અપવાદને સમજવાથી પૂર્વાપર વિરોધ ટળી જાય છે, આગ્રહ ઓછો થાય છે. જ્યાં, જેની, જે કાળે, જેવી જરૂરીઆત હોય તેવી તે તે ઠેકાણે પ્રવૃત્તિ કરીને તે આગળ વધે છે. વળી દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક દ્રષ્ટિએ વસ્તુ તત્વનો નિર્ણય સારી રીતે થઇ શકે છે, તે દ્રષ્ટિએ વિચારતાં દર્શનોનો વિરોધ નાશ પામે છે. વસ્તુ માત્ર સામાન્ય; વિશેષ ઉભય રૂપે છે. તે સાપેક્ષપણે વસ્તુ તત્વનો વિચાર કરતાં વિરોધ રહેતો નથી.

શ્રુત અભ્યાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ પોતાના લક્ષ બાહાર ન જાય એ વારંવાર સ્મરણ રાખવું. સત્ય સમજવું. અસત્યથી પાછા હઠવું. જાણવા યોગ્ય ત્યાગવા યોગ્ય અને આદરવા યોગ્યનો વિવેક કરવો અને સત્ય સ્વરૂપ ઉપર ઉપયોગ સ્થિર કરવો, એ શ્રુતજ્ઞાન ભણવા ભણાવવાનો પરમ હેતુ છે. આ લક્ષથી શ્રુતજ્ઞાનનો વિચાર કરવો.

(૨) તપ ભાવના.

કનકાવળી, રત્નાવળી, મુક્તાવળી, ગુણરત્ન, વજ્રમધ્ય, જવમધ્ય, ઇત્યાદિ અનેક પ્રકારના તપ કરવા. આ તપોબળ-દર્પને નિરસ કરવામાં કામ વાસના મંદ કરવામાં, દેહની શુદ્ધિ

કરવામાં વિશેષ ઉપયોગી છે. તપથી ક્લિષ્ટ કર્મનો નાશ થાય છે. ઇંદ્રિયોનો વિજય કરવા માટે, વૈરાગ્ય બળ વધારી, મજબુત પ્રતિજ્ઞા કરી ઘોર તપશ્ચર્યા કરવી.

મુખ્યતાએ કર્મનો નાશ કરવા સિવાય તપ કરવાનો બીજો ઉદ્દેશ હોવો ન જોઇએ. ઈચ્છાનો નિરોધ કરવો તે તપનું આંતર જીવન છે. ચોખા ઉપરનાં ફોતરાં ચોખાનું રક્ષણ કરવામાં ઉપયોગી છે, છતાં ખરી રીતે ઉપયોગીતા ચોખાની છે. ફોતરાંનો ઉપયોગ બાળવાદિમાં થાય છે અથવા [illegible] ખાવામાં થાય છે, ત્યારે ચોખાનો ઉપયોગ મનુષ્યોના [illegible] થાય છે.

આ દ્રષ્ટાંતે આંતર તપ એ ચોખા જેવું છે. [illegible] તપ ફોતરાં જેવું છે. આંતર તપ વિના બાહ્ય [illegible] નજીવી છે, છતાં બન્ને તપ સાથે રાખવાની જરૂર છે.

મહાત્મા ઢંઢણ મુનિ, ખંધક મુનિ, [illegible] સાધુઓએ તપ રૂપ અગ્નિમાં આત્મારૂપ [illegible] મળને બાળીને ઉજ્વળ-શુદ્ધ-બનાવેલ છે. [illegible] અને અભ્યંતર તપોધારી મહાત્માઓને, [illegible] દૂર કરી, મમતાને બાળી નાખી, [illegible] ગુપ્ત રહી, નિર્જન પ્રદેશમાં [illegible]

બળ વડે કર્મ ક્ષય કરી આત્મસ્વરૂપમાં સદાને માટે વિશ્રાંતિ
મેળવી છે.

૨

(૩) સત્ય ભાવના.

એ અનંત શક્તિવાન્ આત્મા! ધીરજ ધારણ કરી દીન
તાને દૂર કર. આ જીવનમાં સુખ દુઃખ સંપત્તિ, વિપત્તિ વિગેરે
જે જે અનુભવો કરવા પડે છે તે સર્વ આપણા કર્ત્તવ્યનો બદ-
લો છે, એટલે પૂર્વ કર્મને આધીન છે, પૂર્વે અજ્ઞાનઅવસ્થામાં
મોહાદિને આધિન થઇને જેજે કર્મો કર્યાં છે, તેનો અનુભવ
આપ્યા વિના તે કદી પણ રહેવાનાં નથી, તો પછી દીનતા કર-
વાથી તને શું લાભ થવાનો છે? માટે સાહસનો આદર કર.
ધીરતા ધારણ કર.

તેં ક્રોધને આધિન થઇ રણસંગ્રામમાં અનેક દુઃખો સહન
કર્યાં છે; તેટલાંજ જો સમભાવે સહન કર તો ખરેખર વિવેક-
નોજ ઉદય ગણાય અને તેથી તારાં ક્લિષ્ટ કર્મો નાશ પામવા
સાથે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય.

હે આત્મન્! વિચાર કર. તને કયા પદાર્થ ઉપર રાગ થાય
છે? દેખાતા સર્વ પદાર્થો અનિત્ય યાને અશાશ્વત છે. તન,
ધન, સ્વજન, સંબંધી આદિ ઉપરનો સ્નેહ અંતે દુઃખરૂપ
નીવડે છે. નાનાં બાળકો ધુળ કે લીલી ભીની વેળુનાં ઘરો

બનાવી ઇચ્છાનુસાર ક્રિડાઓ કરે છે. તે ઘરો તેમની હૈયાતિમાં પાછાં ધુળરૂપ થઇ પડે છે, તેમ આ દેખાતા સર્વ સંબંધો પણ આપણી હૈયાતિમાં છે, પરંતુ પાછળ અવશ્ય વિનાશ પામનારા છે.

અનેક વટેમાર્ગુઓ રાત્રે ધર્મશાળામાં એકઠા થાય છે અથવા અનેક ઉતારુઓ નદી કિનારે જુદા જુદા સ્થળેથી નાવમાં બેસવા માટે એકઠા થાય છે, તેઓ પાછા થોડા વખતમાં જુદી દિશાઓમાં ઇચ્છાનુસાર વિખરાઇ જાય છે, જુદા પડી જાય છે, તેવીજ રીતે આ સંબંધીઓનું પરિણામ પણ તેવુંજ આવે છે. તેઓની સાથે પ્રીતિ શા કામની ? કેટલા વખત માટે? સ્વાર્થ સિદ્ધ થાય ત્યાં સુધી સગાં, અને સ્વાર્થ ન સરે ત્યારે દુશ્મનની ગરજ સારનાર તેવા ક્ષણિક સ્નેહવાળા સંબંધીઓ ઉપર વિશ્વાસ શું ઉપયોગી છે?

હે આત્મન્! આ બધાં સંબંધીઓનો મેળાપ તને અનેક વાર થયો છે, પરંતુ તેનું પરિણામ કોઇ વખત સુખરૂપ નીવડ્યું જ નથી. માટે તેની ઉપરથી મમત્વ ભાવ દૂર કર. અને આજ સુધી જેનો મેળાપ નથી થયો તેવા અંતરંગ આ પુરૂ ગુણરૂપ સંબંધીઓનો મેળાપ કરવા માટે પ્રયત્ન કર.

દેવો, બળદેવો અને ઈંદ્રાદિ દેવો પણ કાળે કરી નાશ પામ્યા; તો પછી તારામાં તેવું કયું સામર્થ્ય છે કે તું તેના બળે કાળની સામે ટકી શકીશ?

હે આત્મન્! પરની ચિંતામાં આત્મભાન ભૂલીને આમ તેમ દોડ ધામ કરી રહ્યો છું; પણ યાદ રાખજે તેનાં કડવાં વિપાકોના અનુભવ કરવાના પ્રસંગે તેમાંથી કોઇ પણ તારી સંભાળ લેનાર નથી. અથવા તે ઉપયોગી થનાર નથી. રોગાદિકનો અનુભવ જેમ ઇહાં તારે એકલાનેજ કરવો પડે છે, આજ દૃષ્ટાંત પરભવના સંબંધમાં પણ કર્મવિપાક ભોગવવા માટે તારે ધ્યાનમાં રાખવા જેવું છે.

ક્ષણભંગુર શરીરપર પ્રીતિ ન કરતાં અવિનાશી આત્મા ઉપર પ્રીતિ રાખ આ દેહસાથે પૂર્વકર્માનુસાર જ્યાં સુધી સંબંધ નિર્મિત થયો છે. ત્યાંસુધી કોઇ તેનો નાશ કરવા માટે કોટી ઉપાયો કરે તો પણ નાશ થવાનો નથી, તો પછી દેહ પડી જવાના ભયને લીધે ઘોર તપશ્ચર્યા અને ઉગ્ર આત્મધ્યાન કરવામાં શા માટે શંકા રાખીને પાછો હઠે છે? શાશ્વત શાંતિ મેળવવાના કાર્યમાં આ દેહ મદદગાર સાધન છે પણ જો તું તે માર્ગમાં પ્રવૃત્તિ કરવામાં આ દેહનો ઉપયોગ નહિ કરે તો પછી આ દેહ વિવિધ દુખથી ભરપૂર ગતિવાળા સ્થાનોમાં તને લઈ જવામાં મદદગાર થશે.

શાશ્વત શાંતિને છેડે પણ આ દેહનો વિયોગ તો થવાનો છેજ. તે દેહનો ઉપયોગ જો તેમાં થતો હોય તો પછી તારે દુ:ખ માનવાનું કાંઇપણ કારણ નથી, જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થયા પછી આ દેહનો નાશ થાય તો તેથી તને જરાપણ હાનિ નથી. દેહનું રક્ષણ કરવાની જરૂર પણ તેને માટેજ છે.

હે આત્મન્! તું અજર, અમર, નિશ્ચળ અને ગુણની ખાણ તુ:ય છે. અને આ દેહ, જડ, ક્ષણભંગુર અને વિનાશશીળ છે. આવા દેહની સાથે સંબંધ પણ તારે શા માટે જોઇએ? વળી તાડન, તર્જન, છેદન ભેદન, વધ, બંધન, દાહ ઇત્યાદિ પુદ્ગલ પુદ્ગલને કરે છે. તુંતો અમર અને અગ્રાહ્ય છે. આવા દેહનો અનંતવાર વિયોગ થયો, નાશ થયો પણ તું તો તેનો તેજ છે, અજર અને અમર છે, એટલે દેહના નાશથી તારો નાશ થવાનો નથી, કર્મના ઉદયથી દુઃખ આવતાં વેદનાનો અનુભવ થાય તો પણ તે પ્રસંગે તારે તારા ખરા સ્વરૂપનુંજ ધ્યાન ચિંતન કરવું જોઇએ. જ્ઞાન, ધ્યાન. આત્માદિની વાતો કરવાનો પ્રસંગ તો ઘણી વાર આ જીવને મળે છે, પણ આપત્તિના પ્રસંગમાં કે દેહ વિયોગ થવાના અવસરે કોઇવીર પુરૂષોજ પોતાના સ્વરૂપમાં લીન થઇ શકે છે. તે વખતે જે જીવો આર્ત્ત-ધ્યાનમાં પડીને દુઃખનો અનુભવ કરે છે તે જીવો જ્ઞાની કે જ્ઞાનપણાવાળા કેમ કહેવાય? ખરા અવસરે તેનો ઉપયોગ

કરવામાં નિષ્ફળ નિવડાય તો તે જ્ઞાન, ધ્યાન કે જાણવાપણાનો ઉપયોગ પછી શા કામનો છે ?

હે ચેતન! શુદ્ધ, નિરંજન, અને નિર્મળ તારો સ્વભાવ છે દેહ તેથી વિપરીત સ્વભાવવાળો છે, તેના વિયોગથી તને દુઃખ શા માટે થવું જોઇએ? હે આત્મન્! તું તો સ્વભાવ સિદ્ધ છે. દેહ આવી મળેલ છે, ભાડાનું ઘર છે, પડેલેથીજ તે તારૂં નથી, તારૂં તો ઘર આત્મજ્ઞાન છે. તેથી તું તેમાંજ સમાઇ રહે.

હે આત્મન્! મહાત્મા મેતારજમુનિ, મહાત્મા ગજસુકુમાળ મુનિ, બાળયોગી સુકોશળ મુનિ અને રાજર્ષિ શ્રીમાન્ સનત્ કુમારાદિની માફક દેહની મમતાનો નાશ કર. તે મહાત્માઓને માથે ઘોર કષ્ટો આવી પડયાં હતાં છતાં આત્માની અનંત શક્તિ સંભારી, સત્વગુણનું અવલંબન લઇ, સમતારસમાં નિમગ્ન થઇ આત્માને તેમણે નિર્મળ કર્યો હતો, તેમ તું પણ સમરસ રહી, પોતાના ઉપર વિશ્વાસ રાખી, આત્માની અનંત શકિતઓને પ્રગટ કર.

(૪) એકત્વ ભાવના,

પ્રિય આત્મન્! જો તું જ્ઞાન, ધ્યાન, અને ચારિત્રની દઢતા કરવા ઇચ્છતો હો તો એકાકી વિહાર કરતા જિનકલ્પી મુનિઓના ગુણોનું સ્મરણ કર. તેઓનું અનુકરણ

૪૨. મોક્ષ માર્ગ સાધવામાં તે ઉત્તમ નિમિત્ત છે. સાધુઓએ ગૃહસ્થાવાસ મમતાનો ત્યાગ કર્યો હોય છે તો પણ ગચ્છની નિશ્રાએ રહેતા હોવાથી, ગચ્છવાસીપણાને લીધે પોતાના ગચ્છ ઉપર તેને મમતા રહેલી હોય છે, ગચ્છવાસી એવા પોતાના સહવાસી મુનિઓ અને ગુર્વાદિ ઉપર સ્નેહ હોય છે. તું આ બંધનોને પણ તોડી વનમાં વિચરતા સિંહની માફક એકલો પ્રતિબંધ રહિત થઈને વિચર.

હે આત્મન્! અનાદિ કાળથી તું એકલોજ જન્મ મરણ કરે છે, વિવિધ જાતિઓમાં જન્મ લે છે, તો પછી આ જન્મના પ્રતિબંધો પણ શા માટે જોઇએ? કેમકે હવે તને પાંખો આવી છે, આત્મભાનમાં જાગૃત થયેલો હોવાથી તું હવે નિરાલંબન ગગનવિહારી થઇ શકે તેમ છે, તો પછી આત્મસાધનમાં પ્રતિબંધરૂપ ગચ્છવાસીપણાનો મમત્વ પણ મૂકવો જોઇએ. અનંતકાળથી થતા સંસારચક્રના પરિભ્રમણના પ્રસંગમાં અનેક જીવો સાથે અનેકવાર શત્રુ, મિત્રતાનો અનુભવ તું કરી ચુકયો છે, તો પછી અહીં કોને શત્રુ અને કોને મિત્ર માનવો? કાળે કરીને સર્વ સંબંધો અને આકૃતિઓનો અંત થાય છે. કર્મ જીવ એકલો કરે છે અને તેનો અનુભવ પણ જીવ એકલો કરે છે, તો કોઈના ઉપર રાગ કે દ્વેષ શા માટે કરવો જાઇએ?

હે આત્મન્! જો તું આ સર્વ પરભાવનો ત્યાગ કરી પોતાના સ્વરૂપનું ગ્રહણ કરે તો શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન થવું એ તારે માટે અત્યારે મુશ્કેલ નથી.

જેઓ વનની અંદર સિંહ અને હાથી સાથે વીચરવાની હામ ભીડે છે, સૂર્ય અસ્ત થાય તેજ સ્થળે અને તેજ આસને આખી રાત્રી પસાર કરે છે. ઘોર તપશ્ચરણ કરે છે, તપને પારણે લેપ ન લાગે તેવો હાથમાં આહાર લે છે, દિવસમાં એકજ વાર પાણી પીવે છે અને વનચારીની માફક અદીનપણે વનમાં રહે છે. આ સર્વ ઉગ્ર આચરણ આત્માથી પર જે અનાત્મ દશા-વિભાવ દશાની સોબત થવાથીજ કરવું પડે છે, પરસંગથી ગુણનો નાશ થાય છે. પરધન હરનાર ચોરની માફક આ સર્વ કર્મના દંડો પરભાવમાં આસક્તિ કરવાથી થયેલા છે. **सव्वे संगा महासवा.** સર્વ સંગો એ મહાન આશ્રવોના માર્ગો છે. પરસંગથી બંધન થાય છે, અને પરના વિયોગથી મોક્ષ થાય છે. માટે હે જીવ! પરભાવનો ત્યાગ કરી એકત્વ ભાવનું (સ્વભાવનું) પોષણ થાય તેમ પ્રવૃત્તિ કર. તારી સાથે કોઇ જનમ્યો નથી અને તારી સાથે તારા માટે કોઇ મરનાર પણ નથી. દુઃખ કોઇ વહેંચી લેનાર નથી. આ બધું ક્ષણભંગુર અને વિયોગ-શીળ છે. પોતાના માનેલા પરિવારમાંના કોઇને મરતો

જોઇ અજ્ઞાની મનુષ્ય રડે છે, શોક કરે છે, પરંતુ તારે પોતાને પણ થોડા વખતમાં તેજ સ્થિતિમાં થઇને પસાર થવું પડશે તેનો વિચાર કરતો નથી, દુનિયાના સર્વ જીવો જન્મ, મરણના દ્વારમાં થઇને આગળ પસાર થાય છે. આ નિયમમાંથી દેવેન્દ્ર, ચક્રવર્ત્તિ, વાસુદેવ, પ્રતિવાસુદેવ અને બળદેવ જેવા સમર્થ પુરૂષો પણ છુટી શક્યા નથી તેઓને પણ આ વિભાવ દશારૂપ તન, ધન, સ્વજન આદિને [illegible] કરીને પરભવમાં એકલાજ જવું પડયું છે, તેમને મદદ [illegible] માટે કોઇ પણ સહાયી થયા નથી. અને તેઓ પણ કોઇનું રક્ષણ કરી શકયા નથી. માટે હે આત્મન્! તારે આ [illegible] ઉપર આવવું જોઇએ કે જ્ઞાન. દર્શનાદિ અનંત ગુણોથી [illegible] મારો આત્મા એકલો છે. બાકીના સંબંધો મને અનેકવાર [illegible] થયા પણ છેવટે તેનાથી મને નિરાશાજ મળી છે.

આ ભાવના વડે અંતઃકરણને વિશુદ્ધ [illegible] કરકંડુ, નમીરાજ, દુર્મુખ, મૃગાપુત્ર, હરીકેશ[illegible] ચોલાતી પુત્ર અને અનાથીમુનિ ઇત્યાદિની વારંવાર [illegible] અને તેમના પવિત્ર જીવનને યાદ કરીને તારા [illegible] માર્ગમાં ચાલવા માટે પ્રયત્નશીળ બનાવ.

૭

(૫) તત્ત્વ ભાવના.

કર્મ ઉપાધિ રૂપ છે. આત્માના સત્ય સ્વરૂપને તે દબાવે છે. શુદ્ધ નિરંજન સિદ્ધાત્માઓ સત્ય સ્વરૂપના આરિસા સમાન છે. તે આલંબન મનની સામે રાખીને તેનું ધ્યાન- તે તે સ્વરૂપે મનને પરિણમાવવારૂપ ધ્યાન કરવાની જરૂર છે.

મનુષ્ય જન્મ, ઉત્તમ કુળ અને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ તમને થઇ છે. માટે પ્રમાદને દૂર કરી તેનો સારો ઉપયોગ બને તેટલો કરો.

શુદ્ધ સ્વરૂપમાં સમયાંતરે દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ રહેલા છે જ્ઞાનશકિતને આવરણ કરનાર કર્મ દૂર થતાં અનંત જ્ઞાન-જ્ઞાતાપણાની દૃષ્ટિ ખુલ્લી થાય છે. દર્શનાવરણ કર્મ દૂર થતાં અનંત દર્શન-દૃષ્ટાપણાની દૃષ્ટિ વિકાસ પામે છે. આત્મભાવમાં સ્થિરતા રૂપ અક્ષય, અનંત ચારિત્ર ગુણ, મોહનીય કર્મના દૂર થવાથી પ્રગટ થાય છે. અંતરાય કર્મનું આવરણ દૂર થતાં અનંત લાભ, દાન, વીર્ય, ભોગ અને ઉપભોગ રૂપ આંતરિક શકિતઓ વિકાશ પામે છે. સૂક્ષ્મ પણ શરીરાદિનું બંધન રહેલું ન હોવાથી અગુરૂલઘુતાની સ્વાધિન અવગાહના સિદ્ધ થાય છે. પુદ્ગલિક ભાવનાનું નામ

કર્મ ક્ષય થવાથી શુદ્ધ અમૂર્ત સ્વરૂપ પ્રાપ્ત થાય છે. આયુષ્યના બંધનો નિવૃત્ત થવાથી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે કે જેથી ફરી તે સ્વરૂપમાંથી પાછું પડવાપણું રહેતું નથી. આત્માની જ્ઞાનશક્તિ પ્રગટ થતાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ રૂપ સર્વ પદાર્થના પર્યાયો જાણી શકાય છે. ઇંદ્રિયજન્ય સુખથી નિસ્પૃહ થતાં અવ્યાબાધ સ્વરૂપનો અનુભવ થાય છે, તેને લઇ પોતાના આત્મામાં રમણ કરનાર તે રામ કહેવાય છે. તે આ ઇંદ્રિયોથી કળી શકાય તેવો નથી માટે અકળ કહેવાય છે. લક્ષમાં આવે તેવો ન હોવાથી તે અલક્ષ કહેવાય છે. તે પરમ જ્યોતિરૂપ છે. કર્મના લેપ વિનાનો હોવાથી નિર્લેપ છે. સર્વધ્યેયનું પણ તે ધ્યેય છે. ધ્યાતા ધ્યાન અને ધ્યેયનું અભેદતત્વ છે. આવા અનંત ગુણના નિવાસતુલ્ય સિદ્ધપરમાત્માના સ્વરૂપમાં જેઓ અભેદતા અનુભવી શકે છે તેઓના હાથમાંજ મોક્ષ સુખ રહેલું છે.

આ આત્મા, બંધ રૂપે, અબંધ રૂપે, કર્ત્તાપણે, અકર્ત્તાપણે, ભોક્તાપણે, અભોક્તાપણે, એકપણે, અનેકપણે નિત્યપણે, અનિત્યપણે, આદિપણે, અનાદિપણે ઇત્યાદિ સાપેક્ષ દૃષ્ટિએ-સ્યાદ્વાદ દૃષ્ટિએ-વિચારવા યોગ્ય છે.

બાહ્ય તપ, જપ, અને ક્રિયાકાંડ, કરવાથી અષ્ટકર્મનો નાશ થઇ શકતો નથી, તે સર્વ શરૂઆતમાં મન શુદ્ધિ માટે

ઉપયોગી છે, પણ કર્મોનો ક્ષય તો આત્મધ્યાન કરવાથીજ ઘણા થોડા વખતમાં થઇ શકે છે. શુદ્ધ આત્માના અનુભવ વિના જેટલી શુભ પ્રવૃત્તિ છે તે સર્વ શુભ બંધના કારણ રૂપ થાય છે, પણ આત્મામાં જેટલો વખત મન પરિણમી રહે છે તેટલા વખત સુધી આશ્રવ રોકાય છે. આત્મામાં મનનું પરિણમવું તે આશ્રવ રોકવાની (આવતાં કર્મ રોકવાની) પાળ સમાન છે, એમ નિશ્ચય કરીને આત્માવલંબન કરવા માટે પ્રયત્ન કરવો.

શ્રીમાન્ ભરત રાજા, ઇલાચી પુત્ર, તેતલીપુત્રાદિક અનેક મહાન્ પુરૂષો આત્મઅવલંબનથી પાર પામ્યા છે. તેમને નમસ્કાર થાઓ.

આ ભાવના મોક્ષની નીસરણી છે. પ્રેમ પૂર્વક તેને વિચારવી જોઇએ, તેથી નિર્મળતા વધે છે, નિર્મળતા વધવાથી કષાય ઓછા થાય છે, મુનિઓ માટે આત્મ શક્તિની ખાણ સમાન છે, કર્મને કાપનારી છે, ધ્યાનમાં વૃદ્ધિ કરનાર છે, અને દુઃખને હરનારી છે. પરંપરાએ મોક્ષ આપનારી છે.

ભાવના યોગનું વર્તમાન ફળ.

निर्वृत्तिरशुभाभ्यासाच्छुभाभ्यासानुकूलता ।
तथा शुचित्तवृद्धिश्च भावनाया फलं मतम् ॥१॥

કામ ક્રોધાદિ અશુભ અભ્યાસથી પાછું હઠાય છે, જ્ઞાનાદિ વિષયવાળા શુભ અભ્યાસને અનુકુળ ભાવ-પરિણામ થાય છે, તેમજ શુદ્ધ ચિત્તનો ઉત્કર્ષ-વૃદ્ધિ-થાય છે આ ભાવના યોગનું ફળ છે.

ઇતિ શ્રી ભાવનાયોગ.

અધ્યયન ૮ મું.

शुभैकालम्बनं चित्तं ध्यानमाहुर्मनीषिणः।
स्थिरप्रदीपसदृशं सूक्ष्माभोगसमन्वितम्. ॥१॥

ધ્યાન યોગ.

સુક્ષ્મ ઉપયોગ યુક્ત, અને વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીપક સરખા સ્થિર અને પ્રશસ્ત એક અર્થના આલંબનવાળા ચિત્તને વિદ્વાનો ધ્યાન કહે છે. ૧

વાયુ વિનાના ગૃહમાં દીપક સ્થીર રહે છે, તેની શિખાની ધારાનો પ્રવાહ સતત્-અખંડ-રીતે પ્રજ્વલીત હોય છે. તેવીજ રીતે શુભ આલંબનવાળા એક પદાર્થમાં

મનના પ્રવાહની ધારા સતત ચાલ્યા કરતી હોય, ચાલુ આલંબનને મૂકીને વિષયાંતરમાં લક્ષ આપવારૂપ ચાલુ પ્રવાહને તોડી નાખનાર વિષયાંતરનું જેમાં આંતરૂ ન પડતું હોય, તેવી શુભ ઉપયોગની પ્રવૃત્તિને ધ્યાન કહે છે.

જેમકે એક પ્રભુનું સ્મરણ કરવાનું શરૂ કર્યું. આમાં પ્રભુ ભગવાન મહાવીર-આ મહાવીર એવા શબ્દો તે શબ્દનો વાચક અર્થ ભગવાન મહાવીર, શુદ્ધ સ્વરૂપ અને તે શબ્દનું લક્ષ્ય ભગવાન મહાવીરનું દેહધારી સ્વરૂપ-આ શબ્દ, અર્થ અને લક્ષ્યમાંથી મન ખસવું ન જોઈએ. બીજા વિચારાંતરો ઉત્પન્ન થઈને આ આલંબન તુટી ન જાય, પણ સતત તે લક્ષ્યમાં મનનો સજાતિય પ્રવાહ ચાલુ રહે, તેમાંજ સૂક્ષ્મ ઉપયોગ ટકાવી રખાય તેવા, અંતર મુહૂર્ત પ્રમાણના અભ્યાસને ધ્યાન કહેવામાં આવે છે.

અગ્નિ એવો શબ્દ અગ્નિ શબ્દનો ઉચ્ચાર કર્યો કે સાંભળ્યા બાદ થતો અગ્નિ શબ્દના વાચ્યાર્થનો બોધ અને અગ્નિનો સાક્ષાત્ અનુભવ થવો. આ ત્રણેનું જ્ઞાન ભિન્ન છે, છતાં અગ્નિનો અનુભવ થતાં અગ્નિ શબ્દના ઉચ્ચારની કે બોધની જરૂર રહેતી નથી, એટલે છેવટના અનુભવથી કૃતાર્થ થવાય છે.

બીજું લીંબુનું દૃષ્ટાંત છે. લીંબુ એવા અક્ષરો, લીંબુ શબ્દ સાંભળ્યા પછી તેથી થતો લીંબુનો બોધ-યા લીંબુનું થતું જ્ઞાન, અને લીંબુ ખાવાથી થતો અનુભવ-અથવા લીંબુનો બોધ થવા પછી તે જ્ઞાનમાં વૃત્તિની એકાકરતા થતાં મોઢામાં ખટાશ આવવી-પાણી છુટવું, આ પણ લીંબુનો અનુભવ છે.

આજ રીતે ધ્યાનમાં પણ સાલંબન અને નિરાલંબન મૂળ દ્રવ્ય કે કોઈ પણ ગુણનું ધ્યાન કરતાં અનુભવ થાય ત્યારે ધ્યાન પૂર્ણ થયું એમ કહી શકાય છે.

જેમકે ભગવાનની મૂર્તિનું આલંબન જે વખત લઈને ધ્યાન કરવાનું હોય ત્યારે મૂર્ત્તિ એ શબ્દ, મૂર્તિ શબ્દનો લક્ષ્યાર્થ વાળો બોધ અને સાક્ષાત્ મૂર્ત્તિનો ધ્યાનમાં થતો દેખાવ. એ મૂર્ત્તિનો સાક્ષાત્ દેખાવ થાય ત્યારે મૂર્ત્તિ વિષયક પ્રભુનું ધ્યાન પૂર્ણ થયું કહેવાય.

ગુણ કે મૂળ દ્રવ્યનું ધ્યાન પણ આ પ્રમાણેજ કરવાનું છે. ગુણ તરિકે જેમકે શાંતિનું ધ્યાન કરવાનું છે. શાંતિ એ શબ્દ, શાંતિ શબ્દનો વાચ્યાર્થ બોધ-જ્ઞાન-અને તે શાંતિ વાચ્યાર્થને લક્ષમાં રાખી ધ્યાન કરતાં કરતાં છેવટે તે શાંતિ મનમાં પ્રગટ થાય ત્યારે તે ગુણનું ધ્યાન ફળિતાર્થ થયું કહેવાય.

મૂળ દ્રવ્યનું ધ્યાન-જેમકે સિદ્ધ પરમાત્મા, આ સિદ્ધ

એવા શબ્દો, તે શબ્દનો લક્ષ્યાર્થ બોધ અને તે બોધ ઉપર લક્ષ રાખીને ધ્યાન કરતાં કરતાં સાક્ષાત્ સિદ્ધનું દર્શન થાય. આ ત્રણ પ્રકારે પરિણતી કરી સિદ્ધ અને ધ્યાતા બન્નેમાં ભેદ ન રહેતાં એકાકારતા અનુભવાય તે શુદ્ધ રૂપનું ધ્યાન કહેવાય.

અથવા સોઽહં શબ્દના શબ્દનો લક્ષ્યાર્થ—સઃ—તે શુદ્ધ આત્મા, અને અહં—તેનું—જે શુદ્ધ પરમાત્મા છે તે હું છું. આ શબ્દનો વાચ્યાર્થ. આ શબ્દના વાચ્યાર્થનું ધ્યાન કરતાં કરતાં તે શુદ્ધ પરમાત્માનો સ્થિરતા ગુણ-મૂળ સ્વભાવ-આત્મપ્રદેશોની કંપન ચલનતા વિનાની સ્વરૂપ સ્થિરતા પ્રગટ થાય ત્યારે તે ધ્યાન પૂર્ણ થયુ કહેવાય.

આમાં મૂળ વસ્તુ વાચક શબ્દ, અને શબ્દથી થતા લક્ષ્યાર્થના બોધ એ બેનું જ્ઞાન તો તરત થાય છે, પણ અનુભવ કરવામાંજ મુશ્કેલી છે. વખત લાગે છે. આ અનુભવ કરવાની ક્રિયાનેજ ધ્યાનની પૂર્ણતા કહેવામાં આવે છે. આ ધ્યાન કરતાં મનમાં જે જે વિક્ષેપો ઉઠે, વૃત્તિઓ મૂળ લક્ષને મૂકી વચમાં વચમાં ધ્યેય ઉત્પન્ન કરે તેને તીવ્ર ઉપયોગ અને બારીક સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસતા રહેવું તે તે વિચારના ચાલુ પ્રવાહને તેથી નાખનારી વૃત્તિઓને દૂર કરતા રહેવું, સાથે મૂળ આત્મસ્વાર્થ જે સાધ્યનું લક્ષ છે તેનું સ્મરણ કે લક્ષ કરતા રહેવું. આમ

કરતાં કરતાં બધા અન્ય લક્ષોથી મન પાછું હઠી સ્વરૂપમાં-લક્ષમાં-એકાકારતા પામે તેજ ધ્યાનનું કર્ત્તવ્ય છે.

જેનું ધ્યાન કરવાનું છે તે વસ્તુ તત્ત્વનો બોધ બન્યો રહે, તે તરફ વૃત્તિ સતત્ એક પ્રવાહે અખંડ રૂપે વહ્યા કરે, વચમાં વિચારાંતરો આવે તો તીવ્ર ઉપયોગ રાખી. સૂક્ષ્મ દૃષ્ટિએ તેની તપાસ રાખ્યા કરે, આવતાં પહેલાંજ અટકાવે, અથવા આવવાજ ન આપે એ ધ્યાનનું ઉત્તમોત્તમ રહસ્ય છે.

ધ્યાનનો વિષય એટલો બધો ગહન છે કે અનુભવ કયા વિના તેનું રહસ્ય સમજી શકાતું નથી. અન્ય દર્શનકારોએ સ્વરૂપનું ભાસન થાય, જેનું ધ્યાન કરાતું હોય તેનો સાક્ષાત્કાર થાય તેને સમાધિમાં ગણેલ છે. પણ જૈનદર્શનકારોએ સમાધિ અંગ જુદું આપ્યું નથી. પણ તેનો-તે તે લક્ષણોનો ધ્યાનમાંજ સમાવેશ કરેલો છે, અને જો સમાધિ અંગ જુદું કહેવું હોય તો તેનેજ જૈનો સમાધિ કહે છે કે જે સ્થિતિમાંથી ફરીને વ્યુત્થાન-પતિત થવાપણું-ન રહે. સદાને માટે તે સ્થિતિમાં સ્થિર થવાય. તે સ્થિતિ પૂર્ણ સમાધિની છે. તે સિવાય જ્યાં સુધી સૂક્ષ્મ પણ મન, વચન, શરીર, પવનાદિનું હલન ચલન રહે છે, ત્યાં સુધી આત્મામાં બહારથી સૂક્ષ્મ પણ કર્મબંધ કરવાની યોગ્યતા રહે છે. આ યોગ્યતાને લઇનેજ સમાધિ દશામાંથી પાછું જગતમાં-

વ્યવહારમાં–આવવું પડે છે, મૂળ સ્વરૂપમાંથી નીચી ભૂમિમાં ઉતરવું પડે છે, તો ત્યાં સુધી તેને પૂર્ણ સમાધિ કેમ કહેવાય? માટેજ તે સર્વ ભેદોનો ધ્યાનમાંજ અંતરભાવ (સમાવેશ) કરવામાં આવેલો છે.

આ ધ્યાન કરનાર મનુષ્યોએ મનની ચંચળતાના કારણરૂપ ચિત્તના આઠ દોષો જાણવા, અને તેનો ત્યાગ કરવો: તેથી આ ધ્યાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.

એ આઠ દોષો આ પ્રમાણે છે. ખેદ. ૧. ઉદ્વેગ. ૨. ભ્રમ. ૩. ઉત્થાન ૪. ક્ષેપ. ૫. આસંગ. ૬. અન્યમુદ્. ૭. અને રોગ. ૮. આગ્રહપૂર્વક બુદ્ધિમાનોએ આ આઠ દોષો ત્યાગવા.

૧. ખેદ. કોઇ પણ જાતની પ્રવૃત્તિથી મનમાં ગ્લાની ઉત્પન્ન થાય. આવા હદ ઉપરાંતના પ્રયાસને ખેદ કહે છે. આવા ખેદને લઇને ચિત્તની એકાગ્રતા થાય તેવી દ્રઢતા તે મનુષ્યમાં રહેતી નથી. જેમ ખેતીવડે સાધ્ય થતી અનાજની નિષ્પત્તિમાં પાણી અસાધારણ (મુખ્ય) કારણ છે તેમ આ એકાગ્રતા યોગના માર્ગમાં મુખ્ય સાધન છે. આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એ નીકળે છે કે, ધ્યાન કરનાર યોગીએ મનને અવ્યવસ્થિત સ્થિતિમાં લાવી મૂકે તેવી શારિરીક પ્રવૃત્તિ–મહેનત–કરવી ન જોઇએ.

૨. ઉદ્વેગ. કોઇ માણસને લાંબા વખતથી બેસી રહેવાની ટેવ પડી હોય તેને જેમ કોઇ પણ કાર્યમાં પ્રવૃત્તિ કરતાં મનમાં ઉદ્વેગ થાય છે, તે કોઈ ભયાદિ કારણને લઇ પ્રવૃત્તિ કદાચ કરે છે, તો પણ તે કાર્ય તરફ અંતરંગ પ્રેમ ન હોવાથી રાજાની વેઠ કરનાર મનુષ્યોની માફક તે જેમ તેમ તે કાર્ય પૂરૂં કરે છે; તેમ ધ્યાનમાર્ગમાં કોઇ પણ તેને પરવશતાદિ કારણને લઇ અંતરંગ પ્રીતિ વિના પ્રવૃત્તિ કરવી તેને ઉદ્વેગ કહે છે.

ઉદ્વેગપૂર્વક ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી, તે તેનો અનાદર સૂચવે છે. આ યોગક્રિયાના અનાદર વડે યોગીઓના કુળમાં જન્મ થવાની બાધકતાવાળું તે કર્મ બાંધે છે. તેને લઇને શ્રીમાન્ યોગીઓના કુળમાં જન્મ થતો અટકે છે. આત્મશ્રદ્ધાવાળાં, જન્મનાં સંસ્કારી શ્રાવકોનાં કુળોને યોગીઓનાં કુળો માનેલાં છે. જેની વંશપરંપરામાં આ યોગમાર્ગ અસ્ખલિતપણે ચાલ્યો આવ્યો હોય છે, જેને લઇને બાલ્યાવસ્થામાંથીજ તે પોતાનો માર્ગ શરૂ કરે છે. આજુબાજુનાં સંયોગો યોગમાર્ગના પોષકજ હોય છે આવાં ગૃહસ્થોનાં કુળો તે યોગીઓનાં કુળો કહેવાય છે. "જેની જ્યાં પ્રીતિ તેની ત્યાં ઉત્પત્તિ" આ ન્યાયે યોગ ઉપરના પ્રેમના અભાવે યોગમાર્ગમાં અનુકૂળ યોગીઓના કુળમાં તે જન્મ પામી શક્તો નથી.

૩ ભ્રમ. એટલે ચિત્તની વિપરીત સ્થિતિ. જેમાં જે નથી તેમાં તેનો આગ્રહ. જેમ છીપમાં રૂપાની ભ્રાંતિ આ ભ્રમ દોષને લઈને આ કાર્ય મેં કર્યું અથવા નથી કર્યું એ બાબતનો સંસ્કાર રહેતો નથી, વળી આ વિભ્રમ દોષ વડે સત્ય સંસ્કારનો નાશ થાય છે અથવા વિપરીત સંસ્કાર મન ઉપર પડે છે કર્ત્તવ્યાકર્ત્તવ્યની વાસના વિના યોગ સિદ્ધ થતો નથી. સંસ્કાર રહિત યોગમાં પ્રથમ સંસ્કારવાળો યોગજ કારણભૂત છે.

૩

ઉત્થાન, મનાદિ યોગની ઉદ્ધતતા, અથવા વિહ્વલતાને લઇ મહોન્મત્ત મનુષ્યની માફક મનઆદિ યોગની પ્રવૃત્તિને ઉત્થાન કહે છે. આ દશામાં પ્રશમવાળી વૃત્તિના શાંત પ્રવાહનો અભાવ હોય છે. આ પ્રશાંતવાહિતાના અભાવે યોગનું કરવુ તે ન કરવા બરોબર છે. શરૂઆતની પ્રવૃત્તિ રૂપે કાંઇક ઉપાદેયરૂપ હોવાથી ન કરવા કરતાં કરવું તે યોગ્ય છે વિશેષ એ છે કે, આમાં એકાગ્રતાનો ભંગ કરનાર મનઆદિ યોગની ઉત્કટતાવાળો ખેદ હોવાથી ભાવી કાળમાં યોગ કરવાથી જે ઉદય થવો જોઇએ તે થતો નથી. એટલે ધ્યાન યોગમાં ઉત્થાન દોષ ત્યાગ કરવો જોઇએ.

૪

૫ ક્ષેપ. યોગ કરવાના ચાલુ વખતમાં આંતરે આંતરે

યોગની ચાલુ ક્રિયા સિવાયના અન્ય કર્મોની અંદર ચિત્તને ફરવા દેવું-બીજા વિચારો કરવા દેવા-તેને ક્ષેપ કહે છે.

જેમ ડાંગરને વારંવાર ઉખેડીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે વાવવામાં-રોપવામાં-આવે તો તે ફળતી નથી. તેમજ મનોવૃત્તિને ચાલુ ધ્યાનમાંથી ખસેડીને-ઉખેડીને અન્ય અન્ય કાર્યમાં જોડવામાં-રોપવામાં આવે તો તેમાં ધ્યાનનું ફળ બેસતું નથી, શાળીને વારંવાર ઉખેડવાથી તેમાંથી જેમ ફળ ઉત્પન્ન કરવાની શકિત નાશ પામે છે તેમ ચાલુ ધ્યાનમાંથી મનોવૃત્તિને વારંવાર ઉખેડવાથી તેમાં રહેલી ફળ ઉત્પન્ન કરવાની શકિત નાશ પામે છે. રહસ્યાર્થ એ છે કે ચાલુ ધ્યાનમાંથી મનોવૃત્તિને કોઇ પણ સ્થળે ન જવા દેવાથીજ ધ્યાનનું ફળ પ્રગટ થાય છે.

૬ આસંગ. આસંગ એટલે આશકિત. આજ અનુષ્ઠાન સુંદર છે તેવો નિયમિત આગ્રહ. અથવા કદાગ્રહ. આ દોષને લઇને આવતાં કર્મને અટકાવનાર અને પૂર્વના કર્મને નિર્જરનાર જે અસંગ-નિર્લેપ-ક્રિયા છે ત્યાં સુધી તે પહોંચી શકતો નથી. પોતે વર્તમાન કાળમાં જે ક્રિયા કરે છે તે ક્રિયા સદાને માટેજ સુંદર માનવાના કદાગ્રહને લઇને હવે પછીની તેની આગળની ભૂમિકા તરફ તે પ્રવૃત્તિ કરી શકતો નથી. તેને લઇને ચાલુ ગુણસ્થાન્ સ્થિતિમાંજ તે અટકી રહે છે.

મોહનો સર્વથા નાશ કરી આત્માનું શુદ્ધ સ્વરૂપ જે કેવળ જ્ઞાન સુધીની અને છેવટે સિદ્ધ દશા સુધીની ભૂમિકા છે તેને તે મેળવી શકતો નથી. માટેજ તેનું આસંગ દોષવાળું અનુ- ષ્ઠાન તત્વ દૃષ્ટિએ નિષ્ફળ છે.

કહેવાનો આશય એવો છે કે ચાલુ ભૂમિકાને લાયકનું અનુષ્ઠાન તે ભૂમિકાને માટે તો યોગ્ય છે, પણ તેની ઉપરની ભૂમિકાને માટે તો તે ભૂમિકાને યોગ્ય અનુષ્ઠાન હોય તેજ ઉપયોગી છે, પહેલા પગથીઆને છોડયા શિવાય બીજા પગથીઆ ઉપર ચઢાતું નથી. તેમ પહેલી ભૂમિકાને મૂકયા શિવાય બીજી ભૂમિકામાં પહોચી શકાતું નથી. જેમ જેમ લાયકાત વધતી જાય તેમ તેમ નીચલી ભૂમિકા મૂકી ઉપરની ભૂમિકા અંગિકાર કરતાં જવી, આ ક્રમે છેવટનું જે સામર્થ્ય છે તે પ્રાપ્ત કરવું.

નિરંતર પોતાની માનસિક સ્થિતિ તપાસતાં રહેવું. તેમાં થતા ફેરફારો અને ભૂમિકાના ગુણોની સરખામણી કરવી. ગુણો વધારતા રહેવું. એટલે દોષો ઘટતાજ જશે.

૭ અન્યત્ર મુદ્. ચાલુ અનુષ્ઠાન–ધ્યાનાદિ–સિવાયનાં જે ભવિષ્યમાં બીજાં કર્તવ્યો કરવા લાયક હો, અથવા ન કરવા લાયક હો, તેના તરફ ચાલુ ધ્યાનના અભ્યાસ પ્રસંગે પ્રીતિ રાખવી તે અન્યત્ર મુદ્ કહેવાય છે.

પોતે જે ભૂમિકાને લાયક છે, વર્તમાનકાળમાં તેને જે જે જ્ઞાન ધ્યાનાદિ કરવા યોગ્ય છે તેના તરફ આદર રાખતો નથી. બહુમાન ધરાવતો નથી, અને પોતે જે ભૂમિકાને લાયક નથી, ચાલુ ક્રિયાના પ્રસંગે પોતે જે ક્રિયા કરવાને અસમર્થ છે, જે ક્રિયા કરવાનો હાલ અવસર નથી, તે ચાલુ ક્રિયાની વિરોધી ક્રિયામાં રાગ રાખવો તે અન્યત્ર પ્રેમરૂપ હોય છે.

આ અન્યત્ર પ્રેમવાળી ક્રિયા, પોતાના ઇચ્છિત લાભમાં અંગારાની વૃષ્ટિ સમાન છે. અંગારાની વૃષ્ટિ વસ્તુને બાળીને ભસ્મરૂપ કરે છે, તેમ વર્તમાન ચાલુ ક્રિયામાં પ્રેમના અભાવે તે ક્રિયાને પોષણ મળતું નથી અને જેને તે પોષણ આપવા ઇચ્છે છે તેને લાયક પોતે ન હોવાથી, અથવા તે પોષણ તેને યોગ્ય ન હોવાથી, ચાલુ વિચારાંતરનો પ્રવાહ બેમાંથી એકને પણ મદદગાર ન થતાં નિરર્થક જાય છે.

દૃષ્ટાંત તરિકે ચૈત્યવંદનના અથવા સ્વાધ્યાય કરવાના નિયમિત કાળમાં શ્રુતજ્ઞાન તરફના પ્રેમને લઇ મન તે તરફ લાગ્યું રહે, આથી ચાલુ ક્રિયામાં અનાદર થાય, તેમાં મન અને પ્રેમ ન હોવાથી તેનું ફળ બેસે નહિ, આ બાજુ જેમ તેને પ્રેમ છે, અથવા મન જેમાં લાગી રહ્યું હોય છે તે, શ્રુતજ્ઞાનને લાયક બુદ્ધિ ન હોય અગર તેનો વખત ન હોવાથી તેનું પણ ફળ ન મળે, આમ [illegible] થાય. માટે વર્તમાનકાળે જે

૬. નાદિ ક્રિયા ચાલુ હોય તેમાં સર્વ પ્રયત્ને બધું બળ વાપરવું અને તેજ ક્રિયાને પૂરતું પોષણ આપવું. ૭.

૮ રોગ. શરીર સંબંધી રોગ. અથવા હાડ પ્રમુખ ભાંગવાથી થતી પીડા. આ રોગ યા પીડાને કારણે ચાલુ ધ્યાનાદિ ઉત્તમ અનુષ્ઠાનમાં વિઘ્ન આવે છે, અનુષ્ઠાન બંધ કરવું પડે છે. ધ્યાનમાં ચિત્ત લાગતું નથી, બલાત્કારથી પ્રવૃત્તિ કરવામાં આવે તો ચિત્ત સ્વસ્થતાના અભાવે ચાલુ ક્રિયાનું પ્રયોજન સિદ્ધ થતું નથી. આ કારણથી શરીરમાં રોગાદિ ઉપદ્રવો ન થાય તે માટે ખાવાપીવાની, હરવા, ફરવાની, પ્રવૃત્તિમાં ઘણીજ સાવચેતી રાખવી હિતકારી છે, થોડો અને યોગ્ય સાત્વિક ખોરાક લેવો, અને શરીરને પીડા થાય તેવી, વિના પ્રયોજનની પ્રવૃત્તિ અટકાવવી. ૮

આ આઠ દોષો યોગમાર્ગમાં વિઘ્નરૂપ છે એમ સમજીને તેનો ત્યાગ કરવો. તથા ક્રોધાદિ વિકાર રહિત શાંત અને ઉદાર આશયવાળા થવું. આવી લાગણીવાળા યોગીનું ધ્યાન ભાવી હિતકારી કલ્યાણરૂપ ફળવાળું થાય છે.

ધ્યાનયોગનું ફળ.

वशिता चैव सर्वत्र, भावस्तैमित्यमेवच ।
अनुबंधच्यवच्छेद इति ध्यानफलं विदुः ॥१॥

સર્વત્ર સ્વાધિનપણું, પરિણામની સ્થિરતા, નવીન કર્મનો અટકાવ-આ ધ્યાનયોગનું ફળ છે, એમ જ્ઞાનીઓ કહે છે. ૧

મન જ્યારે સજાતિય પ્રવાહની અખંડ ધારાવાળું થાય છે, ત્યારે તેમાંથી નવીન કર્મ ગ્રહણ કરવાની યોગ્યતાવાળો મળ ઘણો ઓછો થાય છે, તેને લઇને મન આત્માધિન બને છે. અત્યાર-સુધી અનિચ્છા છતાં મન સ્વેચ્છાએ ફર્યા કરતું હતું, તે હવે આત્મા જેમ કહે તેમ અને જ્યાં કહે ત્યાં સ્થિરતા ભાવે ધારણ કરે છે. તેના વિચારો સંચાટ અને નિશ્ચળ બને છે. તે સાથે પરિણામો ઉત્તમ અને સાત્વીક હોય છે આને લઇને ભવાંતરમાં નવીન ફળ આપનાર કર્મ-બંધનોનો આરંભજ થતો અટકી જાય છે. આવી રીતનું સ્વાધિન થયેલું મન, વિવિધ પ્રકારની લબ્ધિઓ-સિદ્ધિઓની શક્તિ ધરાવતું થાય છે, છતાં તેને જીરવી રાખવાનું બળ પણ તેનામાં સાથેજ પ્રગટ થાય છે. આ સર્વ ધ્યાનયોગનું ફળ છે.

અધ્યયન ૯ મું.

સમતા યોગ.

अविद्या कल्पितेषु-रिष्टानिष्टेषु वस्तुषु ।
संज्ञानात्तद्व्युदासेन, समता समतोच्यते ।१।

અવિદ્યાથી કલ્પાયેલી ઇષ્ટ અનિષ્ટ વસ્તુઓને વિષે સારી રીતે જ્ઞાન થવાથી, તે ઇષ્ટ અનિષ્ટતાનો ત્યાગ કરવા વડે જે સમસ્થિતિ, તેને સમતા કહે છે.

અનાદિકાળથી અજ્ઞાનતાવડે કલ્પેલી અસદ્ વાસના આ જીવને છે; તેને લઇને શરીર, ઇંદ્રિયો તથા મનને પ્રમોદ દેવાવાળા ઇષ્ટ અનિષ્ટ શબ્દાદિ પદાર્થોને વિષે વિવિધ કલ્પનાઓ વડે રાગ દ્વેષ થયા કરે છે. તેમાંથી જ્યારે વસ્તુ તત્ત્વનું ખરેખરૂં જ્ઞાન આ જીવને થાય છે, ત્યારે તેને સમજાય છે કે જે પદાર્થને જોઇને, તથા અનુભવીને, એક વખત હું સુખ માનતો હતો, તેજ પદાર્થને બીજા પ્રસંગે જોતાં કે અનુભવતાં દ્વેષ કે ખેદ થાય છે, એટલે તત્ત્વ દૃષ્ટિએ વિચાર કરતાં પદાર્થોમાં ઇષ્ટતા કે અનિષ્ટતા રહેતી નથી, પણ તે લાગણીઓ પોતાની જરૂરીયાત કે ન જરૂરીયાતમાંજ રહેલી

છે. વિવેક જ્ઞાનથી એમ સમજી જ્યારે આ જીવ પદાર્થ માત્રમાં ઇષ્ટતા કે અનિષ્ટતાનો ત્યાગ કરીને મનનું સમતોલપણું-રાગ દ્વેષ ન કરવાપણું-જાળવી રાખે છે તેને સમતા કહેવામાં આવે છે. રાગ દ્વેષ સિવાયની મનની સમતોલ સ્થિતિને સમતા યોગ કહે છે.

મમતાનો ત્યાગ કરવાથી સમતાનો વિસ્તાર સ્વભાવિક થયા કરે છે. સમતાના વિશાળપણાને અટકાવનાર મમતાનો કિલ્લોજ છે. સ્ફટિકની પાછળથી ઉપાધિ લઇ લેવામાં આવતાં સ્ફટિકના નિર્મળતાદિ ગુણો સ્વાભાવિક રીતેજ પ્રગટ થાય છે; તેમ પદાર્થ માત્ર ઉપરથી મમત્વ ભાવનો મળ દૂર કરતાં, આત્માની સ્વાભાવિક સત્તા પ્રગટ થાય છે. પ્રિય અને અપ્રિય, સારૂં અને ખોટું આ બન્ને કલ્પનાઓ વ્યવહાર માર્ગમાં છે. નિશ્ચય દ્રષ્ટિએ પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરતાં સર્વે કલ્પનાઓ નિવૃત્તિ થઈ જાય છે. આ સ્વરૂપ સ્થિરતાને સમતાયોગ કહેવામાં આવે છે.

વ્યવહારિક પ્રયોજનમાં મદદગાર પદાર્થોને દેખી મનુષ્યો આનંદ માને છે, પણ જ્યારે તે પદાર્થો પોતાના પ્રયોજનમાં ઉપયોગી થતા નથી ત્યારે તેજ પદાર્થ ઉપર મનુષ્યો દ્વેષ કરે છે, માટે પદાર્થમાં ઇષ્ટાનિષ્ટપણું સ્વાભાવિક નથી. પણ પોતાની કલ્પનામાંજ ઇષ્ટાનિષ્ટપણું રહેલું છે, માટે તે વિકલ્પોનો ત્યાગ કરવાથીજ [illegible]યોગ સિદ્ધ થાય છે.

પોતાના અભિપ્રાયથી એક મનુષ્યને એક વિષય ઇષ્ટ લાગે છે, તેજ વિષય બીજા મનુષ્યને તેના અભિપ્રાયે અનિષ્ટ લાગે છે. આમ એક કાળે એકજ વસ્તુમાં ઇષ્ટાનિષ્ટપણાનું ભાન જે થાય છે તે વસ્તુત. તે વસ્તુમાં નથી પણ વાસનાથી ભરપૂર અંતઃકરણમાંજ આ સ્થિતિ છે. તે વિકલ્પનીજ કલ્પના છે. તાત્વિક વસ્તુસ્થિતિ નથી. મનની વિકલ્પાત્મક અવસ્થા, ઉપરમ પામતાં તેનો નાશ થાય છે.

જે કાળે આ જીવને એવો નિશ્ચય થશે કે મારૂં પોતાનું પ્રયોજન–આત્મ સ્વરૂપ પ્રગટ કરવું–તે મારેજ આધિન છે. સ્ત્રી, ધન, ભોગાદિની અપેક્ષાની તેમાં જરૂર નથી. બધા આશ્રયાંતરોનો ત્યાગ કરીને સ્વઆશ્રય ઉપરજ આધાર રાખવાથી મારૂં સત્ય, સ્વરૂપ પ્રગટ થશે, એવો નિશ્ચય થતાંજ બાહ્ય પદાર્થો નિમિત્તે ઉત્પન્ન થતાં વિકલ્પોનું ઉત્થાન થતું અટકી પડશે.

વિષયોમાં સુખની ભ્રાંતિનો ભ્રમ નાશ પામતાં કંઠમાં રહેલ સુવર્ણના ન્યાયે સમતા પ્રગટ થાય છે. પોતાના ગળામાં સોનાનું ભૂષણ રહેલું હોય તેને શોધવા નિમિત્તે મનુષ્યો બીજે સ્થળે જતા નથી, તેમ રાગ દ્વેષ ના અભાવવાળી સ્થિતિ પ્રાપ્ત થતાં કોઇપણ અટકાવી ન શકે તેવી અમોઘ સમતા પ્રગટ થાય છે.

શુદ્ધ દ્રવ્યાર્થિક નયે-આત્મશક્તિની અપેક્ષાએ-સર્વ જીવોમાં સિદ્ધ સમાન શુદ્ધ સત્તા નિરંતર રહેલી છે. આ દષ્ટિએ જગતના સર્વ જીવોને સિદ્ધ સમાન શુદ્ધ જોવામાં આવે, અને જ્ઞાનાવરણાદિ કર્મથી ઉત્પન્ન થયેલું ઇષ્ટાનિષ્ટપણું કે વિવિધપણું તેની ઉપેક્ષા કરવામાં આવે-તે જોવામાં ન આવે-તો આ જીવને કોઇ પણ પ્રકારે નાશ ન પામે તેવું ઉત્તમ સમપણું પ્રાપ્ત થાય.

જ્ઞાનદર્શન આદિ ગુણો, અને આત્મા ગુણી, આવા ગુણ ગુણીના ભેદનો ત્યાગ કરીને, અભેદ ભાવે એટલે એકપણાના અધ્યવસાયે ભેદ દ્રષ્ટિનો ત્યાગ કરીને, જો આ જીવ ઉત્પાદ વ્યયથી નિરપેક્ષ બની એક પરિણામે પરિણમે, અર્થાત્ નિશ્ચળ અવસ્થાથી ધ્રુવ ઉપયોગે પરિણમે તો તેનું મન કેવળ આત્મભાવે રમણ કરી રહે છે; આવા મહાન્ પુરૂષોમાં સર્વથી ઉત્કૃષ્ટ સામ્ય પ્રગટ થાય છે.

જ્યારે આ સમતાની પરિપાક અવસ્થા થાય છે, સમતાનો વિકાસ જગતના સર્વ જીવો પર્યંત પહોંચી વળે છે, તેની પૂર્ણ દ્રઢતા જામી રહે છે ત્યારે તે સમતાવાનઆત્મામાંથી, વિષયોની વાસના નાશ પામે છે, ઇચ્છાઓનો અભાવ થાય છે, મન, વચન, શરીરની પ્રવૃત્તિ નિર્દોષ બને છે, તેના જ્ઞાન, ધ્યાનાદિ વ્યાપારો આત્માર્થેજ થાય છે; આ પ્રસંગે કોઇ

તેના શરીરને કુહાડાથી છેદે કે કોઈ ચંદનથી વિલેપન કરે તે બન્ને તરફ, દ્વેષરાગની કે હર્ષ શોકની લાગણીઓ તેનામાં થી પ્રગટ થતી નથી.

અહો અચિંત્ય પ્રભાવશાળી આ સમતાયોગની હું કેટલી અને કેવી રીતે સ્તુતિ કરૂં ? તે મહાત્માઓ આ સમતાનો સંગ્રહ–આશ્રય પોતાના સ્વાર્થ ખાતર કરે છે, છતાં તે સ્વભાવવાળા મહાત્માના આજુબાજુના વાતાવરણમાં દાખલ થયેલાં, જાતિ સ્વભાવને લઈને થયેલાં જન્મનાં વિરોધી સ્વભાવવાળાં પ્રાણીઓનાં વૈર વિરોધ પણ નાશ પામે છે. હંસ અને બીલાડા, મોર, અને સાપ, મૃગ અને સિંહ, ગાય અને વાઘ ઇત્યાદિ પ્રાણિઓ તે મહાન્ પુરૂષની નજીકમાં સગા બંધુઓની માફક આપસઆપસમાં ભેટે છે, રમેછે, અને ગેલ કરે છે.

આ સમતા વિનાના કેવળ ધનના ત્યાગરૂપ અન્ન, પાન. વસ્ત્રાદિના દાન વડે શું ફાયદો થવાનો છે? આ સમતારસ વિના બાર પ્રકારનો તપ પણ વિરસ છે, મહાવ્રત અને અણુવ્રતાદિ વ્રતો લુખાં છે, સ્વાધ્યાય સંતોષાદિ નિયમો પણ શુષ્ક છે, દાન, તપ, સંયમાદિ કરો યા ન કરો, તે સમતા વિના કર્મનિર્જરારૂપ ફળ આપી શકતાં નથી. જો સંસારસમુદ્રનો પાર પામવાની પ્રબળ ઇચ્છા તમને થઇ હોય

તો વહાણ તુલ્ય આ સમતાનોજ આશ્રય કરો, તેનીજ સેવા કરો.

પાંચ ઇંદ્રિયોના વિષયોથી ઉત્પન્ન થતું દેવોનું વાસના સુખ તે આપણાં નેત્રોથી દૂર છે. મતલબ કે શાસ્ત્રોમાં દેવોના સુખનો જે ચિતાર આપ્યો છે તેનો આપણને અત્યારે અનુભવ થઇ શકતો નથી. તેમજ શાસ્ત્રોમાં કહેલ આપણા પ્રાપ્તવ્યના લક્ષરૂપ મોક્ષનું સુખ તે તો તેનાથી પણ વિશેષ દૂર છે. સ્પષ્ટ રીતે આપણે તેને જોઇ શકતા નથી, તેમ અત્યારે અનુભવી શકીએ તેમ નથી, પણ સર્વત્ર સમાનતા વાળી પરિણતિથી ઉત્પન્ન થતું સ્વાધિન આત્મસુખ તે તો અહીં પ્રત્યક્ષ મનની નજીકજ છે, તે સુખનો અમે અહીં અને હમણાંજ અનુભવ કરી શકીએ છીએ. આ સુખ અનુભવવાની જેમની ઇચ્છા હોય તેમણે સમતાનો આશ્રય કરીને તેનો અનુભવ લેવો. આમાં આવતા જન્મનો વાયદો કરવા જેવું નથી. ભાવાર્થ કહેવાનો એ છે કે "સ્વર્ગ અને મોક્ષનાં સુખ પરોક્ષ છે એટલે તેનો અનુભવ અહીં થતો નથી, પણ સમતાનું સુખ તો અહીં સ્વાનુભવ સિદ્ધ હૃદયમાં અનુભવી શકાય તેવું છે."

અમૃતમાં સ્નાન કરવાથી વિષ ઉતરી જાય છે, તાપ નાશ પામે છે, અને મેલ દૂર થાય છે, તેમ સમતારૂપ અમૃતમાં સ્નાન કરવાથી નેત્રોમાંથી કામવિકારનું ઝેર ઉતરી જાય છે; નેત્રો નિર્વિકારી અને તેજસ્વી બને છે, સ્વપરને સંતાપ કરનાર ક્રોધરૂપ તાપ નડતો નથી અને ઉદ્ધતતા અવિનિતપણું યા

मननी चंचळतारूप पापमळ दूर थाय छे. आ सर्व दोषोनुं विरोधी तत्त्व समतामां छे. समता ज्यां होय त्यां कामविकार, क्रोधादिकषाय, अने मननी चपळता नाश पामे छे. जन्म, जरा, मरणरूप दावानळथी प्रज्वलित संसाररूप वनमां अमृतना मेघनी वृष्टि समान एक समताज छे. अमृतना मेघनी वृष्टि प्राणीओने सुखरूप थाय छे, तेम आ समता प्राणीओने शाश्वत आनंद माटे थाय छे. आ उग्र समतानो आश्रय करीने भरत महाराजादि अनेक पवित्रात्माओ निर्वाण पदने पाम्या छे. तेओने निर्वाण पद पामवामा मददगार व्रत, तप, जप, संयमादि कोइपण कष्टकारी अनुष्ठान करवुं पडयुं न हतुं, पण एक अमोघविजयी शक्तिनी माफक अमहित समतानोज आश्रय तेमणे लीधो हतो. आथी ए निश्चय थाय छे के निर्वाणनी प्राप्तिमां विजयी शस्त्र एक समताज छे.

आ समता, नरकना द्वारो बंध करीने लोखंडी मजबुत अर्गलानी माफक ते द्वारोनी पाछळ उभी थई रहे छे, कहेवानो आशय ए छे के समतावान् जीवोने माटे लोखंडी दरवाजा अने भोगळवाळां नरकना द्वारो सदाने माटे बंध थाय छे. वळी मोक्षना मार्गमां चालवाने आ जीवने जरा पण अगवड न आवे ते माटे दीपकनी माफक अंधकार दूर करवानुं काम आ समता करे छे. अर्थात् समताना प्रकाश वडेज निर्वाणनो मार्ग सदा प्रकाशतो रहे छे. तेमज गुणरूपी रत्नोना संग्रह अर्थे आ

સમતા રોહણાચળની ભૂમિ સમાન છે. જેમ રોહણાચળની ભૂમિમાં રત્નો રહેલાં છે, તેમ સમતાની અંદર અનેક આત્મિય ગુણોનો ગુપ્ત ભંડાર રહેલો છે. આ ભંડારનો ભોકતા-માલીક-સમતાધારી આત્માજ છે. મોહથી આચ્છાદિત-અંધ-થએલા-નેત્રવાળા અને તેથીજ આત્મસ્વરૂપને ન જોઇ શકનારા જીવોને માટે આ સમતા દિવ્ય અંજનશલાકાનું કામ કરે છે. જેમ દિવ્ય અંજનથી ભરેલી સળી આંખોમાં આંજવાથી નેત્રના રોગો દૂર થાય છે, તેમ સમતારૂપ દિવ્ય અંજનથી ભરેલી શલાકા-સળી-આત્મદર્શન થવામાં આડે આવનાર વિઘ્નરૂપ મોહ, અજ્ઞાનાદિ દોષોનો નાશ કરીને દિવ્ય નેત્રો પ્રગટ કરે છે. આત્માનું સત્ય સ્વરૂપ બહાર ખુલ્લું કરે છે.

સમતાની વાતો કરવાથી સમતાના સુખનો અનુભવ થતો નથી, એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. સમતાનો અનુભવ કરવા માટે પ્રવૃત્તિમાત્રથી-બધા વિષયો તરફથી મનને ખેંચી લેવું જોઇએ, પછી ઓછામાં ઓછું બે ઘડી પર્યંત તેને નિર્વિચાર રાખવું જોઇએ. આટલા ટુંકા વખતમાંજ તે સમતાના સુખનો આનંદ અનુભવાય છે. આ જે કાંઇ અપૂર્વ આનંદ પ્રગટ થાય છે તે કેવો હોય છે? એ વાત જો તમે આનંદ અનુભવનાર પાસેથી કહેવડાવવા માંગતા હો તો તેનો અનુભવ કરનાર તે આ આનંદ તેના મુખથી કહી શકવાનોજ નહિ. કેમકે આ કાંઇ વાતોનો-વચનનો વિષય નથી પણ અનુ-

ભવનો વિષય છે, જેમ કુમારી કન્યા પતિસાથેના ભોગથી
ઉત્પન્ન થતા સુખને જાણી શક્તિ નથી, તેમ આ વાતો કર-
નારા જીવો કુમારી કન્યાના જેવા છે. આ આત્મારૂપ પતિનો
અથવા સમભાવરૂપ પતિનો સંયોગ તેઓએ તેમની આખી
ઉમરમાં પણ કર્યો નથી, એટલે તેના સુખની તેમને શું ખબર
પડે ? આ રસજ એવો છે કે, તેનો અનુભવ કરનારજ તે
જાણી શકે. કુમારી કન્યા ઢીંગલે અને પોતીયે રમીને તે કૃ-
ત્રિમ પતિને પોતાના પતિ તરિકે સ્વીકારે છે, તેનાથી ખરા
પતિનો આનંદ તેને નથી મળતો; તેમ સમતારૂપ સાચા પતિ
સિવાયના અન્ય માર્ગનો આશ્રય કરવારૂપ ઢીંગલા, પોતિયાઃ
માંથી સાચા પતિરૂપ આત્માનો આનંદ તેમને ન મળે તે
સ્વભાવિકજ સમજાય તેવું છે. આવા લોકો કાંઇ પણ ધર્મ
અનુષ્ઠાન કરે છે તો તે સાથે તેમના હૃદયમાં મનાવા પૂજાવા-
દિની વિવિધ પ્રકારની વાસનાઓ પણ તેઓ ભરી રાખે છે.
આ મલીન અને અતિ ભારવાળા બોજાને લઇને તેઓ સમ-
તાના નિર્ભય અને અભેદ કિલ્લા સુધી પણ પહોંચી શકતા
નથી, પણ માર્ગમાંજ તેમને વિવિધ વાસનાઓરૂપી દુશ્મનો
ઘેરી લે છે, અને રાગ, દ્વેષ, કામ ક્રોધાદિવિવિધ શ કેતવાળા
બાણો વડે તેમનાં મર્મસ્થ.ના વિંધાઇ જાય છે. આ ધર્મના
મર્મરૂપ નિસ્પૃહતાનું ઉત્તમ સ્થાન (મસ્તક) છેદાતાં ધર્મ
અનુષ્ઠાનનું સાચું જીવન મરણ પામે છે. તે સત્ય જીવન વિના
પૂદ્ગલોની વિવિધ આકૃતિઓમાં વિવિધ રૂપો ધારણ કરીને
દુઃખી થાય છે.

હવે બીજી બાજુ તપાસીએ. આ વાત તો સમતાના અભેદ્ય કિલ્લાનો આશ્રય લીધા વિનાના જીવો માટેની થઇ, પણ જેઓએ સમતાનું અભેદ્ય બખતર પહેર્યું છે. લોખંડી જંગમ કિલ્લાનો આશ્રય લીધો છે. તેમને આ નમસ્કાર, સ્તુતિ પૂજનઆદિ કરાવવાની ઇચ્છારૂપ, મોહરાજાના સુભટોનાં બાણોની જરાપણ અસર થતી નથી, પણ ઉલટાં તે બાણો સમતારૂપ વજ્રમય કવચ સાથે અથડાઇ, પછડાઇને બુઠાં થઈ જાય છે. તેમની તીવ્ર અણીઓ નિષ્ફળ નિવડીને–નિરૂપાય થઇને–હેઠી પડે છે.

કર્મનિર્જરામાં મુખ્ય કારણરૂપે સમતાજ છે. અજ્ઞાન દશામાં આ જીવ અનેક કર્મોનો સંચય કરે છે. આ કર્મોનો સંચય એકાદ દિવસ, વર્ષ કે ભવનોજ નહિ, પણ કદાચ કોડાકોડી જન્મનો હોય તો પણ સર્વત્ર સમદષ્ટિ થવા રૂપ સમતાનો આશ્રય કરવાથી સૂર્યનાં કિરણો જેમ અંધકારનો નાશ કરે છે તેમ ઘણા થોડા વખતમાંજ તેનો નાશ થાય છે. આ કાંઈ સમતાનો જેવો તેવો પ્રભાવ ન કહેવાય!

અન્ય દર્શનકારોને પણ સમતા, ભાવજૈનપણું અર્પણ કરે છે. રાગ દ્વેષ ને જીતનાર તે જિન. તે જિનના સેવકો તે જૈનો. મતલબ કે આ સમતાનો આશ્રય કરનાર જ ખરો જૈન છે. પછી ભલે તે જૈનના દેવ, ગુરૂ કે તત્ત્વોનો વ્યવહાર રીતે આશ્રય કરતો ન હોય પ [illegible] જીવવાનો જિનેશ્વરદેવે

ઉદ્દેશ છે તે સમભાવવાળું જીવન આ જીવોમાં હોય છે. અન્ય લિંગમાં સિદ્ધ થવાનો શાસ્ત્રમાં જે ઉલ્લેખ છે તે આ સમભાવવાળાને માટેજ છે. કેમકે સમભાવમાંજ જ્ઞાન, દર્શન, ચારિત્રનો સમાવેશ થઈ જાય છે. શુદ્ધ ઉપયોગ એજ જિન-પ્રણિત છેવટનો બોધ છે. આ શુદ્ધ ઉપયોગની અખંડ ધારા તેજ આત્માનું સત્ય સ્વરૂપ છે. સિદ્ધાત્માઓના ભાવપ્રાણ પણ તેજ છે, તેને લઇનેજ સર્વ કર્મોનો ક્ષય થાય છે. જ્ઞાનનું ફળ આ સમતા છે. સમતા વિના નયોનું જ્ઞાન એકાંત આગ્રહ-પણે ગ્રહણ કરવામાં આવે તો તે નિરૂપયોગી થઇ પડે છે; ચોથો પુરૂષાર્થ મોક્ષ સિદ્ધ કરી શકતું નથી. સમતાવાન મનુષ્ય નયોના જ્ઞાનને સ્વસ્વરૂપમાં મદદગાર તરીકે ઉતારી શકે છે, જો આ સમતા ન હોય તો તેનામાં ચારિત્ર પણ ન હોય. સમતા એ ચારિત્ર રૂપ પુરૂષના અંતરંગ પ્રાણ છે. સર્વ ફળોની ઉત્પત્તિનું ખરૂં જીવન સમતાજ છે. આ સમતા રૂપ પ્રાણ જેમાંથી ચાલ્યા ગયા હોય તે જીવ ત્યાર પછી જે જે ક્રિયા કરે તે ખરેખર ધાર્મિક ક્રિયા નથી, પણ ચારિત્ર રૂપ પુરૂષના મરણની તે ઉત્તરક્રિયા છે. તેમાં મદદગાર મનુષ્યો તે આ મહાન્ તત્વની મરણ ક્રિયામાં ભાગ લેનારા ડાઘુઓ છે. આ ઉપરથી એ રહસ્ય સમજાય છે કે "સમતા વિનાની જે જે મહાન્ કષ્ટસાધ્ય ક્રિયાઓ છે, તે સર્વ ઉખર જમીનમાં વાવેલા બીજ સમાન ઈષ્ટ પ્રાપ્તિરૂપ ફળ આપવાવાળી થતી નથી."

મુક્તિનો ખરો ઉપાય વિકલ્પ વિનાની સમભાવ

વાળી સ્થિતિ છે. તે સિવાય જે જે કર્મક્રિયાદિ કરવામાં આવે છે તે, તે તે મનુષ્યોની અપેક્ષાએ સામાન્ય રીતે ઠીક છે, છતાં એ ક્રિયા કરી તે પણ છેવટે તેના ફળ દષ્ટિએ સમતાનેજ ઉત્પન્ન કરનાર છે. સારાંશ એ છે કે કર્મયોગ એ સમતાયોગ પ્રગટ કરવામાં અસ્ત્રરૂપ છે.

શાસ્ત્ર વાંચીને સંતોષ માનનારા અને અનેક પ્રકારના કામ ક્રોધાદિને ઓછા ન કર્યા છતાં જ્ઞાનીપણાનો દાવો કરનારા જીવોને ઉદ્દેશીને કહેવામાં આવે છે કે, શાસ્ત્રોની શક્તિતો નિર્વાણના માર્ગની દિશા બતાવવા પુરતીજ છે. તેથી આગળ એક ડગલું પણ તેનાથી વધી શકતું નથી! રસ્તો બતાવનારની માફક આંગળીથી ફક્ત દિશાજ તે બતાવી દે છે. પણ સમતાના સામર્થ્યવાળો અનુભવ તો કેવળ જ્ઞાન અને કેવળ દર્શનરૂપ આત્માની શુદ્ધ સત્તાનો અનુભવ કરાવે છે સંસારનો પાર પમાડે છે. માટેજ સમતા સર્વથી શ્રેષ્ટ છે. મતલબ કે મોક્ષની પ્રાપ્તિ કરાવવી તે શાસ્ત્રનો વિષય નથી, પણ સમતાની છેલ્લી ભૂમિકાથીજ તે પ્રાપ્ત થઇ શકે છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ યોગનું તત્વ સમતા છે. આત્માનું છુપામાં છુપું તત્વ તે સમતા છે.

આ સમતાના રથમાં બેસીને મોક્ષના માર્ગ પ્રત્યે પ્રયાણ કરનારને રાગદ્વેષરૂપ કાંટાઓ હેરાન કરતા નથી. એ રથને જ્ઞાન તથા ક્રિયા રૂપ બે ઘોડાઓ જોડવા જોઇએ. સમતાના રથને ખરીદવાની કિંમત મોટી પડે છે.

કિંમત એ છે કે, તે મનુષ્યે આત્મપ્રવૃત્તિ કરવામાં અતિશય જાગૃતિ રાખવી. જેમ આત્મા વિશુદ્ધ થાય તેવી પ્રવૃત્તિ કરવી. દેહાદિ માટે ઉપયોગી વસ્તુ મેળવવાના પ્રસંગે પણ આત્મલક્ષ જાગૃત રાખીને પ્રવૃત્તિ કરવી. આત્મા સિવાયની પ્રવૃત્તિમાં બહેરા, આંધળા અને મુંગા થવું જોઇએ, કોઇ મનુષ્ય કોઇના અવર્ણવાદ બોલતો હોય તે પ્રસંગે પોતે ન સાંભળતો હોય તેમ કાનને બહેરા કરી દેવા. કોઇના અપવાદ બોલવાના પ્રસંગે મુંગા થઇ રહેવું. ઇંદ્રિયોને ઉન્માદ કરાવનાર મોહક રૂપાદિ જોવામાં આંધળાની માફક વર્તન કરવું. દરેક પ્રસંગમાં આત્મભાન ન ભૂલાય તે માટે વારંવાર શુદ્ધ ઉપયોગે પરિણમવવું. મનને આત્માકારે પરિણમાવવું. આવા મનુષ્યોજ સામ્યપણું મેળવી શકે છે.

જેમ પૃથ્વી, સમુદ્ર અને પર્વતોના ભારથી પોતાની સ્થિરતા મૂકી દેતી નથી, તેમ સમતાવાન વિવિધ પરિષહ અને ઉપસર્ગના યોગથી ચલાયમાન થતો નથી. કેમકે તેને એવું જ્ઞાન હોય છે કે, જે થાય છે તે પૂર્વ કર્મના યોગે થાય છે. કર્મના બદલો સર્વને મળે છેજ. બદલો ભોગવવાથી આત્મા વિશુદ્ધ થાય છે. કેમકે જેટલું કર્મ ભોગવાય છે તેટલું કર્મ ઓછું થાય છે. ફરીને તેવું કર્મ ન કરવું તેવી શિખામણ તેમાંથી મળે છે. કર્મનો બદલો ન મળતો હોય તો દુનિયામાં અવ્યવસ્થા થઇ રહે, પણ તેવું છેજ નહિ. બધું વ્યવસ્થાસર ચાલતું જણાય છે. તેજ કર્મના કાયદાને

મજબુત રીતે સિદ્ધ કરે છે. દુનિયામાં કર્યા વિના કાંઇ થતું નથી. આ કાયદાને તે સમજતો હોવાથી ઉપસર્ગ કે પરિષહો જે આવી પડે તે સહન કરવાને તે તૈયારજ હોય છે તે સહન કરવામાં તેને સમતાની મદદ ઉપયોગી થઇ પડે છે. તેમજ તેમાંથી સમતાને વિશેષ પોષણ પણ મળે છે.

આ પરિષહાદિ આવી પડતાં અરતી, મનની વીહ્વળતા અને ઉપયોગમાંથી પતિત થવાથી આત્મકલ્યાણ થતું નથી. માટે મનરૂપ પારાને સમતારસમાં મર્દિત કરીને મૂછિત કરવો જોઇએ. અર્થાત્ સમભાવમાં રહેતાં મન મૂર્છિત થાય છે. અને મન મૂર્છિત થતાં કલ્યાણ-આત્મ-સિદ્ધિ થવી તે જરા પણ દુર્લભ નથી, આવા યોગીઓને પછી બાહ્ય સુખમાં જરા પણ શાંતિ મળતી નથી. કેમકે તે સમતા અમૃતમાં મગ્ન થએલો હોય છે ઘરના આંગણામાં કલ્પવક્ષ ઉગેલો હોય તેની ઉપેક્ષા કરીને શું કોઇ બુદ્ધિવાન મનુષ્ય પૈસાને માટે અટવીમાં પર્યટન કરે ખરો કે? નહિજ. સમતા એ કલ્પવૃક્ષ સમાન છે અને તે પણ બાહ્ય પદાર્થની અપેક્ષા વિના પોતાના ઘરના આંગણામાંજ રહેલી છે. સમતા લાવવા માટે બહાર જવું પડતું નથી. ઘરના આંગણામાં છે એમ કહેવાનો ઉદ્દેશ એ છે કે, જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય તેટલી તે નજીક છે. તેને કલ્પવૃક્ષ સમાન એટલા માટે કહેલી છે કે, કલ્પવૃક્ષ પાસેથી જે ચીજ માંગીએ તે મળે છે અને

જ્યારે માંગીએ ત્યારે મળે છે, તેમ આ સમતા પાસેથી જે ધારીએ તે ચીજ મેળવી શકીએ છીએ. જન્મ, મરણના ભયથી મુક્ત થઇ શકીએ તેવું સદા આનંદમય પદ પણ મળી શકે છે, તો પછી એવી કઇ ચીજ છે કે તે ન મળી શકે? છતાં આ બાહ્ય પદાર્થો અજ્ઞાન મૂળવાળાં છે. પુદ્‌ગલમાંથી તેની ઉત્પત્તિ છે. તે ગમે તેટલાં મળી આવે છતાં તેમાં શાંતિ નથી. પદાર્થોમાં શાંતિ છે એ માન્યતા ભ્રાંતિવાળી છે, સમતાવાનને આ ભ્રાંતિ અસર કરી શક્તિ નથી. તરંગ વિનાના જ્ઞાન સમુદ્રમાં તેનું મન રમણ કરે છે. સ્વભાવમાં સ્થિરતા કરવી તે સામ્યભાવને જ્ઞાનસમુદ્ર કહેવામાં આવે છે. આ સમુદ્રમાં ઇષ્ટાનિષ્ટના વિકલ્પવાળાં મોજાંઓ ઉછળતાં નથી, માટેજ તે તરંગ વિનાનો જ્ઞાનસમુદ્ર છે. સમુદ્રની ઉપમા એટલા માટે આપવામાં આવી છે કે જેમ સમુદ્રનો પાર આવતો નથી તેમ આ સ્વભાવસ્થિરતા અંત વિનાની છે. જ્ઞાનસમુદ્રમાં તેનું મન રમણ કરે છે એનો ભાવાર્થ એ છે કે કદાચ તે વિચાર કરતો હોય તો પણ તે વિચારો શુદ્ધ આત્મતત્ત્વના પોષક હોય છે, અને તેનો સંસ્કાર આત્માના પ્રદેશોમાં ચોક્કસ જરૂરીઆતવાળી લાગણીઓ ઉત્પન્ન કરે તેવો પડે છે. તેને લઇને બીજી હલકી લાગણીઓ મૂળથી ઉખડી જાય છે અને તે મલીન લાગણીઓ વિરામ પામતાં સમતાનો વિશેષ પ્રકારે વિકાસ થાય છે. આ સમતાના અભાવ વેળાએ મમત્વ ભાવ અધિક વૃદ્ધિ પામે છે. એ અવસરે કરાતી સમભાવવાળી ક્રિયાઓ પણ માયિક હોય છે. અર્થાત્ ખરેખરી

નહિ, પણ બનાવટી હોય છે. કેમકે તેમાં સમભાવનાં પોષક બીજ હોતાં નથી. આ વાત વ્યવહારનયની નથી, પણ શુદ્ધ નિશ્ચયનયની છે. એટલે તેમાં જરાપણ મલિનતા હોય તો કામ આવતી નથી. સૂર્ય, ચંદ્ર, અને દીપક, આકાશને, રાત્રિને, અને મંદિરને. પ્રકાશિત કરી શકે છે, પણ તેઓ અંતઃકરણમાં પ્રકાશ નાખી શકતા નથી. અંતઃકરણમાં પ્રકાશ નાખનારી તો આ નિશ્ચયનયવાળી સમતાજ છે. અંતઃકરણ તો શું પણ વૃદ્ધિ પામતો સામ્યમણિનો પ્રકાશ પરમાત્મતત્ત્વને પણ પ્રકાશે છે. વિવેક દૃષ્ટિથી પોષણ પામેલી આ સમતાનો આશ્રય કરીને અનેક મહાત્માઓ નિર્વાણપદને પામ્યા છે. આગળ વધવામાં આ સમતાજ સરળમાં સરળ માર્ગ છે બાકી બધો પ્રપંચ આ સમતા પામવા માટેજ છે.

હે મહાનુભાવો ! મને સમતા પ્રાપ્ત થઇ છે એમ માનીને આ કષાય (ક્રોધ, માન, માયા, લોભ,) રૂપ અગ્નિનો જરા પણ વિશ્વાસ કરશો નહિ તેનાથી નિરંતર સાવચેત રહેજો. મનમાં જરા પણ ક્રોધાદિ પ્રગટ થાય કે તરતજ તેના ઉપર સમતાભાવ રૂપ પાણી રેડી શાંત કરજો. તે પ્રસંગે જરા પણ ઢીલ કરશો તો વૃદ્ધિ પામેલો કષાયઅગ્નિ, તમારા આજ પર્યંત સંચય કરેલા ગુણોને બાળીને ભસ્મીભૂત કરશે.

કોઇ જીવોની એવી માન્યતા હોય કે "જ્ઞાનીઓને કષાયો પૂર્વના પ્રારબ્ધ જેટલા હોય છે તે તો દેખાવ માત્ર છે તેની અસર તેઓ પોતા ઉપર થવા દેતા નથી." આમ 'માનનારા

તે બાબતમાં ઠગાય છે. આ તેમનું મિથ્યાઅભિમાન છે. કેમકે વિરોધી તત્ત્વ સામું ઉભું હોય તો નબળા તત્ત્વને ત્યાંથી દૂર રહેવું પડે છે. ટાઢ હોય ત્યાં તાપ ન હોય અને જ્યાં તાપ હોય ત્યાં ટાઢ ન હોય. જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોય અને જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ ન હોય. આ ન્યાયે જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન ન હોય અને જ્યાં સામ્ય-ભાવમાં લીનતા હોય ત્યાં આ કષાયાદિને રહેવાનું સ્થાન પણ ક્યાંથી હોય ? માટે હે મહાશયો ! તમારે આ ક્રોધ, માનાદિનો જરાપણ વિશ્વાસ કરવા જેવું નથી.

આ સામ્યતા વિના, તપ ક્રિયાદિમાં પ્રવૃત્તિ કરવી તે તો માત્ર પ્રતિષ્ઠા–ખ્યાતિ મેળવવા માટેજ સમજવી. આવા મનુષ્યો કામધેનુ, ચિંતામણિ અને કામઘટ સમાન ઉત્તમ સંયમ-ક્રિયાને, એક સમભાવ વિના કાણી કોડી સમાન કિંમત-વિનાની કરી મૂકે છે.

સમભાવ વિનાનો અનેક શાસ્ત્રોનો અભ્યાસ, વિવિધ પ્રકારની ધાર્મિક ક્રિયા, સંસારથી વિરક્તતા, તપ, ધ્યાન, મૌન અને શ્રદ્ધાન તેથી પણ સમતાનો ગુણ અધિક છે.

દુર્યોધને અનેક પ્રહાર કર્યા અને પાંડવોએ નમસ્કાર કર્યો છતાં જે મહાત્માએ દુર્યોધન ઉપર ક્રોધ ન કર્યો અને પાંડવોના કર્તવ્યથી હર્ષ ન કર્યો તે સમતાવાન મુનિઓમાં ઉત્તમ દમદંત મહામુનિની અમે સ્તુતિ કરીએ છીએ.

મિથિલા નગરીને બળતી દેખી તેને બુઝાવવાને ઇંદ્રે પ્રેરણા કરવા છતાં "મારૂં આમાં કાંઇ પણ બળતું નથી" આમ કહેનાર અને માનનાર સામ્ય યોગારૂઢ મહાત્મા નમિરાજર્ષિ પોતાના સમભાવ વડે દુનિયામાં મહાન્ યશ વિસ્તારી ગયા છે.

સામ્ય ભાવના પ્રસાદથી શરીર ઉપરથી પણ મમત્વનો ત્યાગ કરનાર મહાન્ સત્ત્વવાળા તથા આત્માનેજ ધ્રુવ નિશ્ચળ માનનાર શ્રીમાન્ સ્કંધસૂરિના શિષ્યોએ યંત્રમાં પીલાવા પર્યંતની પીડા સહન કરી પણ આત્મધર્મથી પતિત થયા નહિ.

સમતાની સમાધિવાળા મેતાર્ય મુનિનું કેવું લોકોત્તર સુંદર ચારિત્ર છે! કે, સોનીએ લીલી વાધરી માથે બાંધી, તડકે ઉભા રાખી મહાન્ દુઃખ દીધું, છેવટે દેહનો નાશ કર્યો છતાં મનથી પણ તેના ઉપર ક્રોધ ન કર્યો, આ સર્વ સમતાનોજ પ્રતાપ છે.

અધમ સસરાએ માથે માટીની પાળ બાંધી, તેમાં અગ્નિના અંગારા ભરી જીવતાં સળગાવી દીધા, છતાં મહાત્મા ગજસુકુમાળ અંતરમાં જરા પણ તેના ઉપર ક્રોધથી પ્રજ્વલિત ન થયા, તે સમતા અમૃતના સમુદ્ર સમાન, મુનિઓમાં મુગટ તુલ્ય મહાત્મા, કોને સેવવા યોગ્ય ન થયા? અર્થાત્ પરમાત્મસ્વરૂપ પામીને સર્વને વંદનીય તથા સેવનીય થયા.

ગંગા નદીના પ્રવાહની અંદર દેવે શૂળી ઉપર વીંધી નાખ્યા છતાં સમતાનો વેધ (અનુસંધાન) જેણે મૂકયો

નહિ તે પ્રયાગતીર્થનો ઉદય કરનાર અન્નિકાપુત્ર આચાર્ય સમતાના પ્રભાવથી સર્વને માનનીય થયા.

ગાય, બ્રાહ્મણ, સ્ત્રી અને બાળકના ઘાત કરવા વડે ઉત્પન્ન થયેલા પાપથી નરકે જવાની તૈયારી કરી રહેલા દઢપ્રહારી પ્રમુખ એક સામ્યભાવનું આલંબન લઇને એક ક્ષણવારમાં ઉચ્ચપદને પામ્યા છે.

કોઇ પણ વખત ધર્મપ્રાપ્તિ નહિ થયેલા ભગવતી મારૂદેવા, એકજ ભવમાં મોક્ષપદ પામ્યાં તે આ પવિત્ર અને નિર્દોષ સમતા સમાધિનું જ કર્ત્તવ્ય હતું. આ પ્રમાણે સમતા ગુણનું જેટલું વર્ણન કરીએ તેટલું થોડું છે. વર્ણન કરતાં વાણી થાકી જાય છે. વાણી પાર પામી શક્તિ નથી કેમકે તે અનુભવનો વિષય છે.

બુદ્ધિમાનો ! આ પ્રમાણે સમતા યોગના ઉપમાતિત પ્રભાવને જાણીને તેમાં પ્રેમ રાખો. તેમાં નિત્ય આનંદ છે. ખેદને અવકાશ નથી. સમગ્ર પાપ ગળી જાય છે. દેવરૂપનો વિકાસ થાય છે અને ભાવશત્રુ પર વિજય મેળવીને મોક્ષ લક્ષ્મી પમાય છે.

ઇતિ શ્રી સમતાયોગ.

અધ્યયન ૧૦ મું.

વૃત્તિસંક્ષયયોગ.

विकल्पस्पंदरुपाणां, वृत्तिनामन्यजन्मनाम् ।
अपुनर्भावतोरोधः, प्रोच्यते वृत्तिसंक्षयः ।१।

અન્ય દ્રવ્યના સંયોગથી વિકલ્પને ઉત્પન્ન કરનારી વૃત્તિઓનો ફરીને ઉત્પન્ન ન થાય તેવી રીતે રોધ કરવો તેને વૃત્તિસંક્ષય યોગ કહે છે. ૧

આત્મા સ્વભાવથીજ તરંગ વિનાના સમુદ્ર સરખો સ્થિર છે. પવનનો સંબંધ થતાં જેમ સમુદ્રમાં તરંગ ઉઠે છે તેમ પોતાના કે અન્યના મન, શરીરાદિ દ્રવ્યના સંયોગ વડે આત્મામાં વિવિધ વિકલ્પોને ઉત્પન્ન કરનારી વૃત્તિઓ ઉઠે છે. આ વૃત્તિઓ ફરી કોઇ પણ વાર ઉત્પન્ન ન થાય તેવી રીતે તેનો ક્ષય કરવો તેને વૃત્તિસંક્ષય યોગ કહે છે.

ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો તે યોગ. આ નિરોધ બે પ્રકારે થાય છે. અશુભમાંથી નિવૃત્તિ કરી શુભ યોગમાં પ્રવૃત્તિ કરાવવી તે પહેલો ભેદ. બીજો ભેદ સદા સર્વથા નિરોધ કરવો તે.

મન, વચન, કાયાની વૃત્તિઓના નિરોધ રૂપ વ્યાપા-
રનો પાંચે પ્રકારના યોગમાં સમાવેશ થઇ શકે છે. જેમ કે,
પ્રથમ અધ્યાત્મયોગ, ભાવનાયોગ, ધ્યાનયોગ અને
સમતા યોગ, આ ચાર યોગમાં, મન, વચન, કાયાના અશુભ
યોગની નિવૃત્તિ અને શુભ યોગમાં પ્રવૃત્તિ કરવાપણું છે.
અને મન, વચન, કાયાની પૂર્ણ સ્થિરતારૂપ વૃત્તિનિરોધ તે
પાંચમા વૃત્તિસંક્ષયમાં હોય છે. માટે આ પાંચે યોગના
પ્રકારો અમુક અપેક્ષાએ વૃત્તિના નિરોધ રૂપજ છે. વૃત્તિ-
ઓનો નિરોધ એકીકાળે સર્વથા શરૂઆતમાં થઇ શકતો
નથી, તેથી આમ અનુક્રમે ચડતા ક્રમે દરેક યોગમાં વૃત્તિઓનો
નિરોધ કરવાનું બતાવવામાં આવેલ છે.

મનોગુપ્તિ ત્રણ પ્રકારે કહેલી છે. વિકલ્પના ચક્રથી મનને
મુક્ત રાખવું. ૧ સમભાવમાં મનને સારી રીતે સ્થિર રાખવું
૨. આત્મસ્વભાવમાં રમણ કરાવવું, લીન કરાવવું. ૩ કાય
ગુપ્તિ, વચન ગુપ્તિ, અને પાંચ સમિતિ આદિનો સમાવેશ
આ ત્રણેની અંદરજ થઇ શકે છે. માટે જો ટુંકમાં કહેવરાવો તો
પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ—આ આઠ પ્રવચન માતામાં બધી
જાતના યોગોનો સમાવેશ થાય છે. મનોગુપ્તિ કે પાંચ સમિતિ
અને ત્રણ ગુપ્તિથી જુદો કોઇ યોગનો પ્રકાર છેજ નહિ.

આ પાંચ પ્રકારના યોગો બતાવ્યા, તેમાં પહેલા અધ્યા-
ત્મ યોગાદિ ચાર યોગો ઉપાય છે. ખરો યોગ તો માત્ર વૃત્તિ
સંક્ષય યોગ તેજ છે.

પ્રથમના યોગોના અભ્યાસથી છેવટનો યોગ સિદ્ધ થાય છે. પરમાર્થ દૃષ્ટિએ વિચાર કરીએ તો આત્માને કર્મના સંયોગની જે યોગ્યતા રહેલી છે, તે યોગ્યતાની નિવૃત્તિ થવી તેજ યોગ છે.

સ્થૂલ જે જવા આવવા રૂપ, અને સૂક્ષ્મ જે ઉશ્વાસ નિઃશ્વાસ રૂપ, જીવના પ્રદેશની હલન ચલન રૂપ ચેષ્ટા, તે જીવનો વ્યાપાર છે. તેનેજ આત્માની વૃત્તિઓ માનેલી છે. તે સર્વની ઉત્પત્તિ, કર્મની સાથે જે જીવનો સંયોગ થયેલો છે તેનાથી છે, અને આ સંયોગનું કારણ જીવમાં કર્મ ગ્રહણ કરવાની યોગ્યતા રૂપ બીજ રહેલું છે તે છે. આ યોગ્યતાનો અભાવ થાય તો પછી, જીવને અન્યનો-કર્મનો સંયોગ નજ થાય. આ અન્ય સંયોગની યોગ્યતા એજ સંસારની ભવભ્રમણની માતા છે. અન્ય સંયોગની યોગ્યતા કરતાં અન્યયોગ-કર્મનોયોગ સારો છે, કેમ કે તે તો વારંવાર નાશ પામે છે. પણ આ યોગ્યતા પાછી કર્મયોગોને યોજી આપે છે. માટેજ કહ્યું છે કે, એકલા થડના છેદવાથી પાંદડાં પુષ્પ ફલાદિનો ફરીને અભાવ થતો નથી, પણ મૂળનો નાશ કરવાથીજ તે પાંદડાદિનો સર્વથા અભાવ થાય છે. તેમ આ સંસારરૂપ વૃક્ષના મૂળ રૂપ અન્ય સંયોગની યોગ્યતાનો જ્યાં સુધી નાશ ન થાય ત્યાં સુધી નારકી તિર્યંચ મનુષ્ય આદિ ભાવનો-શરીરનો ગમે તેટલો નાશ કરો તો પણ, ભવમાં વેદવા લાયક વિકારોનો અત્યંત ઉચ્છેદ થઈ શકશે નહિ. આથી નિશ્ચય એ થાય છે કે

આ સંસાર વૃક્ષનું મૂળ કર્મગ્રહણ યોગ્યતા જ છે. અને વિવિધ પ્રકારની વૃત્તિઓ તે પલ્લવ-પાંદડાં ફુલ, ફળાદિને સ્થાને છે. વૃત્તિઓને તોડવા કરતાં પણ અન્ય સંયોગની યોગ્યતાને તોડવાની પ્રથમ જરૂર છે.

દરેક કાર્યની સિદ્ધિ માટે ઉપાયની મુખ્ય જરૂર છે. તેમ આ યોગ્યતાના નાશ માટે અધ્યાત્માદિ યોગ એ ઉપાય છે.

उत्साहान्निश्चयाद्धैर्यात्संतोषात्तत्त्वदर्शनात् ।
मुनेर्जनपदत्यागात्षड्भिर्योगः प्रसिध्यति १ ।

વીર્યના ઉલ્લાસ રૂપ ઉત્સાહથી ૧, કર્તવ્યપણાના એકાગ્ર પરિણામરૂપ નિશ્ચયથી ૨, કષ્ટ આવી પડયે છતે પણ પ્રતિજ્ઞાથી પાછા નહિ હઠવારૂપ ધૈર્યથી ૩, આત્મામાં આરામ લેવારૂપ સંતોષથી ૪, યોગ એજ પરમાર્થરૂપ છે એવો વિચાર કરવારૂપ તત્ત્વદર્શનથી ૫, અને સંસારના સંબંધ વાળા લોકવ્યવહારનો ત્યાગ કરવા રૂપ જનપદના ત્યાગથી ૬ એમ છ પ્રકારે યોગ સિદ્ધ થાય છે.

યોગનો નિશ્ચય કરવાનો ઉપાય.

યોગ સંબંધી આગમો,-ગ્રંથો વારંવાર વાંચવાથી ૧. "આમ કરવાથી આમ થઇ શકે અને આમ કરવાથી આમ

સંબંધમાં વિયોગ થવાનો-જુદા પાડવાનો સ્વભાવ હોવા-
થીજ. તે તે જાતના મહા આરંભ, મહાન્ પરિગ્રહ
ઇત્યાદિ ત્યાગ કરવાનો નિયમ કરવાથી, નરકાદિ ગતિને
લાયક બીજો રહેલાં છે, તેવી વૃત્તિ ઉત્પન્ન ન કરવાનો -નિ-
યમ લેવાથી, અને તે પ્રમાણે પ્રયત્ન કરવાના પુરૂષાર્થથી,
તેવી વૃત્તિઓ અટકાવી શકાય છે. મિથ્યાત્વ, અવિરતિ,
કષાય, અને યોગ આ ચાર બંધના મહાન્ કારણો છે. મિથ્યાત્વ
એટલે સત્યમાં અસત્યની ભ્રાંતિ આદિ ૧, અવિરતિ એટલે
વિવિધ પ્રકારની ઇચ્છાઓ ૨, કષાય એટલે ક્રોધ, માન,
માયા, લોભ. ૩, અને યોગ એટલે મન, વચન, કાયાની
શુભાશુભ પ્રવૃત્તિ ૪ આ ચાર કર્મબંધના-આત્મા સાથે
કર્મનો સંબંધ કરાવનારા હેતુઓ છે. તે નહિ કરવાનો નિયમ
કરવાથી, નરકાદિ ગતિને લાયકની ગતિઓ રોકાઇ જાય છે. જો
આ ગતિઓને લાયક કર્મ રોકવાનો નિયમ ન કરવામાં આવે તો
વારંવાર મરણ અને વિવિધ ગતિનું ભ્રમણ ચાલુ રહેવાનુંજ.
આ કર્મસંબંધ કરાવનાર પાપસ્થાનકો નહિ કરવાનો નિયમ
લેવાથી અંતઃકરણના મલિન પરિણામની નિવૃત્તિ થાય છે.
શત્રુ મિત્રાદિ ઉપર રાગદ્વેષવાળાં અશુભ પરિણામોથી થતા
અપરાધમાંથી બચી શકાય છે. તેમજ યથાસ્થિત વસ્તુતત્ત્વનું
ભાન થતાં તેની સાથે વિશુદ્ધ પરિણામ રૂપે જોડાયેલી પરના
દુઃખને દૂર કરવાની કરૂણા વિશેષ પોષણ પામે છે, જે કરૂણા

કરવા વડે શત્રુઓના પણ ક્લિષ્ટ પરિણામ રૂપ અપરાધો દૂર કરી શકાય છે. જેમ પરમ કૃપાળુ ભગવાન મહાવીર દેવે ચંડકોશિક સર્પ ઉપર કરૂણા કરી. જે કરૂણાના પરિણામે ચંડકોશિક જેવા શત્રુના રૂપને ધારણ કરનારા, રૌદ્ર પરિણામી જીવના સ્વભાવને પણ ઉચ્ચગામી બનાવી દીધો, અને નરક ગમન કરવાની તૈયારીવાળો પણ દેવભૂમિને મેળવી શક્યો. આ સર્વ પાપ નહિ કરવાના નિયમનુંજ પરિણામ છે.

આ અધ્યાત્માદિ ચાર યોગને અન્ય તીર્થાન્તરીઓ સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. કેમકે સંપ્રજ્ઞાત સમાધિના વિષયભૂત વૃત્તિઓ અને તેના પદાર્થોનું પૃથક્ પૃથક્ જ્ઞાન આમાં થઇ શકે છે. આ પ્રમાણે આ સમાધિવડે સમાહિત ચિત્તવાળો યોગી, ફરીને જન્મ ન થવાના કારણરૂપ ક્ષપકશ્રેણિને પામીને ઘણુંજ થોડા વખતમાં કેવલજ્ઞાન અને કેવલ દર્શન પામે છે.

આ વૃત્તિસંક્ષયયોગને અન્યદર્શનીઓ અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. કેમકે આ કેવલજ્ઞાન પછીની અવસ્થાની પ્રાપ્તિ, સર્વ વૃત્તિઓનો તથા તેના બીજનો ક્ષય કરવાથી થાય છે, એમ આ યોગનું સ્વરૂપ છે. આ યોગમાં માનસિક જ્ઞાન રહેતું નથી, કેમકે આત્મસ્વરૂપનો પૂર્ણ પ્રકાશ તે મનની સ્થિતિની પેલી પારનો વિષય છે.

આ અસંપ્રજ્ઞાત સમાધિ બે પ્રકારે છે. પહેલી સયોગી કેવળી થવાના વખતની, અને બીજી અયોગી કેવળી થવાના વખતની, પ્રથમ સમાધિ વિકલ્પ જ્ઞાનરૂપ મનની વૃત્તિઓના

અને જ્ઞાનાવરણાદિના ઉદય રૂપ બીજના નિરોધથી ઉત્પન્ન થાય છે. બીજી સમાધિ સર્વ કાયાદિના હલનચલન, શ્વાસનિશ્વાસાદિ વૃત્તિઓના તથા ઉદારકાદિ શરીરરૂપ તેના બીજોનો અત્યંત ઉછેદ થવાથી થાય છે. અન્ય દર્શનકારો વિવિધ અવસ્થાની અપેક્ષાએ, સમાધિનાં અનેક નામો આપે છે. કોઇ ધર્મમેઘ, અમૃતાત્મા, ભવશત્રુશિવોદય, સત્ત્વાનંદ, અને પર પણ કહે છે. તે સર્વ અહીં અધ્યાત્માદિ યોગોમાં જ્યાં જે અર્થની અનુકૂળતા આવે ત્યાં યોજી લેવા. કેમકે યોગની અવસ્થાઓ વિચિત્ર પ્રકારની અથવા વિચિત્ર પ્રકારની છે. તેની જુદી જુદી અવસ્થાની અપેક્ષાએ એવી કોઈ પણ સમાધિ નથી કે જેનો આ પાંચ પ્રકારના યોગમાં સમાવેશ ન થતા હોય, અર્થાત્ આ પાંચ પ્રકારના યોગમાં સર્વ સમાધિઓનો સમાવેશ થાય છે. ક્ષપકશ્રેણીપર આરૂઢ થએલા મહામુનિ દેડકાના શરીરની ભસ્મ કરવાની માફક, વૃત્તિઓ અને તેનાં બીજોને બાળીને ભસ્મ કરી નાખે છે. કહે છે કે, દેડકાના શરીરનું ચુર્ણ કરીને નવા વરસાદનું પાણી જ્યાં પડ્યું હોય ત્યાં તે નાખવાથી, તે ચુર્ણના જેટલા ભાગો—અંશો હોય તેટલાં દેડકાં પેદા થાય છે, પણ જો તેના શરીરના સુકા કલેવરને બાળીને રાખ કરવામાં આવી હોય તો પછી તેમાંથી એક પણ દેડકાની ઉત્પત્તિ થતી નથી. તેમજ આત્મામાં કર્મનો સંબંધ કરનારી યોગ્યતાનો સર્વથા આ ક્ષપકશ્રેણિમાં નાશ થતો હોવાથી, કર્મગ્રહણ યોગ્યતારૂપ બીજ અને તેના

ફળરૂપ વૃત્તિઓનો શુક્લધ્યાનરૂપ દાવાનળમાં સર્વથા દાહ કરી, સાધક પરમ કલ્યાણરૂપ શાંતિ પામે છે.

અધ્યાત્માદિ યોગરૂપ સામગ્રી અને તથાભવ્યત્વના વ્યાપારથી કર્મગ્રહણ યોગ્યતા અને તે યોગ્યતાના નિમિત્તરૂપ કર્મ દૂર થાય છે. તે યોગ્ય અધિકારી મહાત્મા કેવલજ્ઞાન અને કેવલદર્શનવડે ઈંદ્રિયોના વિષયોની પાર રહેલા જીવાદિ પદાર્થોને જોઇને સ્વતંત્ર ધર્મદેશના આપવાની પ્રવૃત્તિ કરે છે, જેને લઈને અનેક ભવ્ય જીવોને કલ્યાણનો માર્ગ સુગમ થાય છે. શૈલેશી નામની સમાધિવડે સર્વ કર્મનો ક્ષય થાય છે, તેને સંપુર્ણ વૃત્તિસંક્ષય યોગ કહે છે. આ અવસરે કર્મસંબંધ યોગ્યતાનો સર્વથા અભાવ થાય છે. પછી ફરીને કોઇ પણ વખત જીવને કર્મનો સંયોગ થતો નથી. તે સંયોગના અભાવે સંસાર પરિભ્રમણનો પણ અભાવ થાય છે.

આંહી કોઇ પણ શંકા થતી હોય તો તે આ છે કે જીવને કર્મસંબધની યોગ્યતા તે આત્માનો સ્વભાવ છે. એમ માનવામાં આવ્યું છે, તો આત્માના સ્વભાવભૂત આ યોગ્યતા કેવી રીતે નિવર્ત્તન પામે? ' ઉત્તર એજ છે કે તે યોગ્યતામાં નિવર્ત્તન થવાનો-જીવથી જુદા પડવાનો પણ સ્વભાવ છે. અર્થાત્ નિવર્ત્તન થવાના સ્વભાવના સંબંધવાળી તે યોગ્યતા

હતી, તેથી વૃત્તિસંક્ષયયોગને અંતે, સર્વસંવરનો લાભ થવાથી
આત્માથી જુદા પડવાનું સંભવે છે. આ પ્રમાણે ટુંકામાં પાંચે
યોગોનું સ્વરૂપ સમાપ્ત કર્યું છે.

ઇતિશ્રી શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી વિજયકમલ-
સૂરીશ્વર શિષ્ય પંન્યાસ શ્રીકેશરવિજયજીગણિ
કૃત શાંતિસૂચક શાંતિમાર્ગ ગ્રંથઃ વિક્રમીય
શતાબ્દી ૧૯૭૬ વર્ષે પેથાપુર ગ્રામે સમાપ્તઃ
લેખક પાઠકયોઃ શુભં ભૂયાત્.
સમાપ્તોયંગ્રંથઃ ગુરૂવર્ય શ્રીમદ્વિજયકમલસૂરીશ્વર
સુપ્રસાદાત્.

ઇતિશ્રી વૃત્તિસંક્ષયયોગ.